بِسۡمِ اللّٰہِ الرَّحۡمٰنِ الرَّحِیۡمِ

બફ્યુઝે રૂહાની સુલ્તાનુલ હિંદ ખ્વાજા ગરીબ નવાઝ رحمۃ اللہ علیہ બયાદગારે ઈમામ અહમદ રઝા મુહદ્દિષે બરેલ્વી رحمۃ اللہ علیہ

**અહલે સુન્નત વ જમાઅત**
**એટલે**
**મસ્લકે આ'લા હઝરત**
**નું અજોડ મુખપત્ર**


**બરકાતે ખ્વાજા** (માસિક)

**તા. ૦૧/ઓકટોબર/૨૦૧૭**

ઝિલ હજ્જ-મુહર્રમુલ હરામ

હિજરી સન : ૧૪૩૮/૧૪૩૯

વર્ષ : ૧૪, અંક : ૧૦, સળંગ અંક : ૧૬૬



સ્થાપક અને પ્રકાશક
ઈસ્લામિક વેલ્ફેર મિશન-દયાદરા

પત્ર વ્યવહારનુ સરનામું
બરકાતે ખ્વાજા (માસિક) C/o. ફયૂઝાને રઝા મંઝિલ, મુ.પો. દયાદરા, તા. જિ. : ભરૂચ, પિન. ૩૯૨૦૨૦ ફોન. : (૦૨૬૪૨) ૨૮૦૦૧૧, મો. : ૯૪૨૭૪૬૪૪૧૧
Web. :www.barkatekhwaja.net
Email : anjuman2006@hotmail.com


**★ લવાજમ ★**

| | | |
|---|---|---|
| છુટક નકલ | રૂા. | ૨૦/- |
| વાર્ષિક લવાજમ | રૂા. | ૨૦૦/- |
| વિદેશ માટે | રૂા. | ૧,૫૦૦/- |
| પેટ્રન ફી (૧૧ વર્ષ માટે) | રૂા. | ૨,૨૦૦/- |
| આજીવન | રૂા. | ૫,૦૦૦/- |
| વિદેશ માટે પેટ્રન | રૂા. | ૧૨,૦૦૦/- |
| વિદેશ માટે આજીવન | રૂા. | ૨૦,૦૦૦/- |


માનદ તંત્રી
પટેલ શબ્બીર અલી રઝવી દયાદરવી




**● અનુક્રમણિકા ●**


01 હુસૈન رضی اللہ عنہ કી ઝિંદગીસે સબ્ર, ઈસ્તિકામત..... 02
02 મુફ્તીએ આ'ઝમે હિંદ رحمۃ اللہ علیہ ને પઢીને ખુદને સંવારીએ ! 03
03 કન્ઝુલ ઈમાન વ ખઝાઈનુલ ઈરફાન 11
04 (દર્સે હદીષ) મિર્આત (ઉર્દૂ) શર્હે મિશ્કાત 14
05 હદાઈકે બખ્શિશ 15
06 હશ્ત બહિશ્ત : મલ્ફૂઝાતે ખ્વાજગાને ચિશ્ત 18
07 કાનૂને શરીઅત 21
08 ગુનાહોનો ઈલાજ 23
09 હઝરત માલિક બિન દીનાર رحمۃ اللہ علیہ 26
10 મદીના મુનવ્વરાની હાજરીના આદાબ 29
11 અહલે બયતથી મહોબ્બત અને તેનો બદલો 33
12 મુર્હરમુલ્ હરામની ફઝીલત તથા ઈબાદતો 35
13 રોજીમાં બરકતના સબબો તથા ઝરીયાઓ 39
14 બેઅમલી તથા સુસ્તીથી કામ નહીં ચાલે ! 41
15 ત્રણ તલાક અને સુપ્રિમનો ફેંસલો 46
16 મૌતુલ આલિમ મૌતુલ આલમ 47
17 બરકાતે ખ્વાજાની ટપાલ 48


**આજ ભી ઝિન્દા હુસૈન હૈ**

ટૂટે હુવે દિલોં કા સહારા હુસૈન હય
ડૂબે ન જો ફલક પે વો તારા હુસૈન હય

એહલે ખિરદ સમઝ ન સકે ક્યા હુસૈન હય
નાના કે જિસ્મે પાક કા સાયા હુસૈન હય

હોકર શહીદ ઝિંદગી યે જાવિદા મિલી
ઝિંદા થા ઔર આજ ભી ઝિન્દા હુસૈન હય

જન્નત કે ફૂલ સૈયદે કવનેન કે લિયે
ઔર ફાતેમા કી આંખકા તારા હુસૈન હય

યે ભી ખયાલ તુમકો ન આયા યઝીદીઓ
સરકારે દો જહાં કા નવાસા હુસૈન હય

ઈમાન ઔર કુફ્ર મેં નિસ્બત નહીં કોઈ
દુન્યા હે રાત ઔર સવેરા હુસૈન હય

બઝમે રસૂલે પાક મેં દેખા હે ''રાઝ''ને
સરકાર હે ચરાગ ઔર ઉજાલા હુસૈન હય

# હુસૈન رضی اللہ عنہ કી ઝિંદગીસે

## સબ્ર, ઈસ્તિક઼ામત સિખા જાએ

અઝ : હઝરત મૌલાના રઝા ષાક઼િબ (પાક.)

સબ્ર કિસે કહતે હૈં ઈસકે બારેમેં કહનેવાલોંને બહોત કુછ કહા હૈ. વાવેલા ન કરના, મુંહપે તમાચા ન મારના, નાશુક્રીકા કલેમા ન કહના, આ'ઝા કા ઐસા ઈઝતેરાબ કે જો શરીઅતમેં નામહમૂદ (નાપસંદ) હો, ઉસકા સરઝદ ન હોના. સબ્ર કે બળે મફાહિમ હૈં, લેકિન સબ્ર કા એક મફહૂમ મૈંને યહ ભી પળ્હા કે કે સાબિર વો હૈ જિસ્કે મઅમૂલે ઈબાદતમેં ફર્ક઼ ન આયે. પહલી સફમેં નમાઝ પળ્હને કી આદત થી. જવાં બેટા ફૌત હો ગયા, અઝાન હો ગઈ તો પહલી સફમેં ખળા પાયા ગયા, નમાઝ ક઼ઝા નહીં હૂઈ. આપ કહેંગે, બંદા સાબિર હૈ. ઘરમેં મૈયત પળી હૈ નમાઝ ક઼ઝા નહીં હૂઈ. જિસકે મઅમૂલે ઈબાદત ક઼ઝા ન હોં વો સાબિર બંદા કહલાતા હૈ. સુબ્હ ઉઠકે કુર્આન પળ્હનેકી આદત થી. ઘરમેં મૈયત પળી હૈ. ચલો દોપહર કો તદફીન હોતી હૈ, નમાઝ પળ્હી તો તિલાવત આજ ભી છોળી નહીં હૈ. હમ કહેંગે બંદા સાબિર હૈ. અગર સબ્ર કી યહ તઅરીફ હૈ કે મઅમૂલે ઈબાદત ક઼ઝા ન હો તો સાબિર કહલાતા હૈ.

તો ફિર ઈસ તઅરીફ કે આઈનેમેં ઈમામે હુસૈન رضی اللہ عنہ કો દેખો. ઈકહત્તર લાશેં પળી હૈં, અપના બદન ઝખ્મોંસે ચૂર હૈ, મુહતાત રિવાયત યહ હૈ કે આપકા જબ પરહન ઉતારા ગયા તો ૧૩૩ ઝખ્મ તલ્વારોં કે જો ઔર ૩૪ ઘાવ નેઝોં કે થે ઔર કુછ નેઝે બદનમેં તૂટ ગયે જો ઔર ઘોળે કે ઝીનસે ફર્શે ઝમીન પર આએ. સાબિર ઐસા હૈ કે ઈબાદત કા વક઼્ત આ ગયા તો સજદા ક઼ઝા ન હોને દિયા ! આતે હી પેશાની ઝમીન પર રખ દી.

*અલ્લાહુમ્મ રઝઅન બિક઼ઝાઈક વસબરન અલા બલાઈક તસ્લીમન લિ અમ્રિક.*

અય અલ્લાહ ! સબકુછ કટા કે ઔર બચ્ચોં કી લાશેં પળી હૈં, હુસૈન કે લખ્ત લખ્તસે ખૂન બેહ રહા હૈ લેકિન હુસૈન ફિર ભી હાઝિર હો ગયે. તેરે અમ્ર (હુકમ) કો તસ્લીમ કરતે હૂએ ઔર આનેવાલી મુશ્કિલોં પર સબ્ર કરતે હૂએ ઔર હુસૈન તેરે હુકમ પર રાઝી હૈ, તૂ ભી બતા તૂ હુસૈન સે રાઝી હુવા યા કે નહીં હુવા ? આવાઝ આઈ :–

**ઈસ નવાસે પર મુહમ્મદ મુસ્તફા કો નાઝ હૈ**
**ઈસ પ્યાસે પર અલી શેરે ખુદા કો નાઝ હૈ**
**ઔરોંને ભી સજદે કિયે પર ઈસકા અજબ અંદાઝ હૈ**
**ઈસને વો સજદા કિયા જિસ પર ખુદા કો નાઝ હૈ**

આબિદ ઐસા કે મઅમૂલે ઈબાદત ક઼ઝા નહીં હુવા, સજદા ક઼ઝા નહીં હુવા. અબ આપ જાનતે હૈં કે ઈમામે હુસૈન رضی اللہ عنہ કા સર જો થા સજદેમેં ઝુકા હુવા થા કે ક઼ાતિલને સરે અન્વર કાટ લિયા ઔર ફિર સરે અન્વર કો નેઝે કી નોક પર ચળ્હા દિયા. યઝીદિયોંને યહ ઈસ લિયે કિયા કે અપને લશ્કર કો તસલ્લી દેં કે હમ કામયાબ ઔર કામરાન હૂએ હૈં, દેખો સરે હુસૈન કટકે નેઝેકી નોક પર ચળ્હ ગયા. તો જબ ઉન્હોંને નેઝે કી નોક પર સરે હુસૈન કો ચળ્હાયા તો લશ્કરે યઝીદસે આવાઝ આઈ કે યહ કૈસા સર હૈ જો કટ કર ભી સરબુલંદ હૈ ?! ઈસ કી સરબુલંદી અબ ભી નહીં ગઈ ? અબ ભી યહ ઊંચા હૈ ?! ઔર જબ સરે અન્વર નેઝેકી નોક પર ચળ્હાયા ગયા તો ઈસ અંદાઝસે ચળ્હાયા ગયા કે કટી હુઈ ગરદન કા રુખ આસ્માન કી તરફ ઔર સરે અન્વર કા રુખ ઝમીન કી તરફ ! તો કિસી શાઈરને તખૈયુલ બાંધા :–

**આં કે સર નેઝે પે ઔર સૂએ ઝમીં હૈ રૂ**
**યાની સજદાએ ષાની કી હૈ આરઝૂ**

રકઅતમેં દો સજદે હોતે હૈં, અભી એક હુવા થા કે સર કાટ લિયા ગયા. હુસૈન رضی اللہ عنہ કી પેશાનીમેં દૂસરે સજદે કી આરઝૂ મચલ રહી હૈ. સાબિર ઐસા કે મા'મૂલે ઈબાદત ક઼ઝા નહીં હુવા. ઔર ફિર તિલાવત ક઼ઝા નહીં હોને દી. હુસૈન કા સર નેઝે કી નોકપે હૈ લબોં પર કુર્આન જારી હૈ, ક્યૂં કે હુસૈન કો લોરિયાં હી કુર્આન કી મિલી થીં. તો હુસૈન رضی اللہ عنہ સે સબ્ર સિખા જાતા હૈ, ઈસ્તિક઼ામત સિખી જા સકતી હૈ, ઔર અપની ઝિંદગીમેં ઉસસે ચરાગાં કિયા જા સક્તા હૈ. ***(youtube.razasaqib)***

વિસાલ : ૧૪ મુહર્રમ



# મુફ્તીએ આ'ઝમે હિંદને رحمۃ اللہ علیہ

## □ પઢીને ખુદને સંવારીએ ! □

તંત્રી લેખ...

***તેરા તક્વા તેરા ફ્ત્વા અનોખા હૈ નિરાલા હૈ-તેરે આગે ઝુકે દુન્યાકે ક઼ાબિલ મુફ્તીએ આ'ઝમ***
***તેરે મુર્શિદને કી તઅરીફ તેરી યે 'અમાનત' ફિર-બયાં ક્યા કર સકે તેરે ફઝાઈલ મુફ્તીએ આ'ઝમ***

### કુત્બે મારેહરાએ ફર્માવ્યું : આ બાળક વલી છે !

મારેહરા શરીફની ખાનકાહે બરકાતિયહની જામેઅ મસ્જિદનાં પગથિયાં કુત્બે મારેહરા સૈયદ શાહ અબુલ હુસૈન નૂરી મિયાં قدس سرہ ઉતરી રહ્યા છે, સાથે છે પોતાના સમયના મદારે ઈલ્મો ફઝીલત, ઈમામે અહલે સુન્નત, મુજદ્દિદે દીનો મિલ્લત શાહ અહમદ રઝાખાં ક઼ાદરી બરકાતી قدس سرہ. મુર્શિદે આ'લા ખાતમુલ અકાબિર શાહ આલે રસૂલ અહમદી رحمۃ اللہ علیہના જાનશીનનો સાથ છે એટલા માટે ઈમામે ઈશ્કો મહબ્બત આ'લા હઝરત رحمۃ اللہ علیہ સરાપા અદબ બનેલા છે. એવામાં સરકાર નૂરી મિયાં رحمۃ اللہ علیہ ફર્માવે છે, મૌલાના સાહબ ! મુબારક થજો ! આપને ત્યાં પુત્ર જન્મ થયો છે. અમે એમનું નામ આલે રહમાન મુસ્તફા રઝા રાખ્યું છે. અમે એને સિલસિલએ ક઼ાદરિયહ બરકાતિયહમાં પોતાની બયઅતમાં લઈએ છીએ અને સર્વ ઈજાઝતો ખિલાફતો અતા કરીએ છીએ. ઈન્શા અલ્લાહ ! બરેલી શરીફ આવીને બયઅતની ખાનદાની રસમ પણ અદા કરીશું. આ ૨૨ ઝિલ હજ્જ હિ. ૧૩૧૦ની વાત છે.

જેથી આપ છ મહિના બાદ ૨૫ જમાદિલ આખર હિ.સ. ૧૩૧૧ના રોજ બરેલી શરીફ તશરીફ લાવ્યા. ખ્વાહિશ પ્રમાણે બાળકને જોયો, આ'લા હઝરત رحمۃ اللہ علیہને મુબારકબાદ આપી અને ફર્માવ્યું : "આ બાળક દીનની મહાન ખિદમત કરશે અને ખુદાની મખ્લૂક઼ને એમનાથી ઘણો જ ફયઝ પહોંચશે. **આ બાળક "વલી" છે.** એની નિગાહોથી લાખો ગુમરાહ માનવો દીને હક્ક઼ પર ક઼ાયમ થશે. આ ફયઝના દરિયા વહાવશે." (જહાને મુફતીએ આ'ઝમ, રઝા એકેડમી-મુંબઈ, પેજ-૨૦૧ તથા ૨૨૨) સુબ્હાનલ્લાહ ! વલી જ વલીને ઓળખે છે. અને ખરેખર દુનિયાએ પોતાના માથાની આંખો વડે આપની વલી સીરત વલી સૂરત તથા ખૂબીઓ તથા કરામતોના નઝારા જોયા.

### હે અલ્લાહ ! અમને વલીઓના રસ્તે ચલાવ !

પ્યારા આક઼ા صلی اللہ علیہ وسلمના દીવાનાઓ ! આપણે દિવસની પાંચ વખતની નમાઝોમાં દરેક રકાતમાં અલ્લાહથી

અરજ કરીએ છીએ : اِهۡدِنَا الصِّرَاطَ الۡمُسۡتَقِيۡمَ ۙ صِرَاطَ الَّذِيۡنَ اَنۡعَمۡتَ عَلَيۡهِمۡ

"અમને સીધા રસ્તે ચલાવ. રસ્તો એમનો જેમના પર તેં એહસાન કર્યું." *(સૂ. ફાતિહા)* આ એહસાન પામનારા કોણ છે ? નબીઓ, સિદ્દીક઼ો, શહીદો તથા વલીઓ, જેઓને ઈનામવાળા કર્યા. જેમ કે ફર્માવ્યું :–

وَمَنۡ يُّطِعِ اللّٰهَ وَالرَّسُوۡلَ فَاُولٰٓـئِكَ مَعَ الَّذِيۡنَ اَنۡعَمَ اللّٰهُ عَلَيۡهِمۡ مِّنَ النَّبِيّٖنَ وَالصِّدِّيۡقِيۡنَ وَالشُّهَدَآءِ وَالصّٰلِحِيۡنَ ۚ وَحَسُنَ اُولٰٓـئِكَ رَفِيۡقًا ؕ

"અને જે અલ્લાહ તથા તેના રસૂલનો હુકમ માને તો તેને તેઓનો સાથ મળશે જેમના પર અલ્લાહે ફઝ્લ કર્યો એટલે નબીઓ, તથા સિદ્દીક઼ો તથા શહીદો અને નેક લોકો (વલીઓ). આ કેટલા સારા સાથીઓ છે !" *(સૂ. નિસાઅ, ૬૯)*

તો અલ્લાહના નેક બંદાઓ નબીઓ, સિદ્દીક઼ો, શહીદો તથા સાલેહીન એટલે વલીઓના માર્ગે ચાલવું આપણા માટે બંને જહાનની કામયાબી તથા ભલાઈનો સબબ છે એ કુર્આને આપણને બતાવ્યું, કેમ કે આગળ ફર્માવ્યું : غَيۡرِ الۡمَغۡضُوۡبِ عَلَيۡهِمۡ وَلَا الضَّآلِّيۡنَ "ન તેમનો (રસ્તો) જેમના પર ગઝબ થયો અને ન બહેકેલાઓનો." *(સૂ. ફાતિહા, આ.૭)*

સારાંશ કે **અલ્લાહના નેક બંદાઓ, વલીઓના રસ્તે જે નથી ચાલતો તે અલ્લાહનો ગઝબ પામેલાઓ તથા ભટકેલાઓના માર્ગે ચાલી રહ્યો છે અને બદલામાં તેને તે જ (ગઝબ) મળશે.** (અલ્લાહની પનાહ !)

આવો ! દીની ભાઈઓ તથા બહેનો ! આજે આપણે અલ્લાહના મહાન વલી હુઝૂર મુફતીએ આ'ઝમે હિંદ મુસ્તફા રઝાખાં رحمۃ اللہ علیہના તક઼્વો, પરહેઝગારી, શરીઅત પર અડગતા, ખૌફે ખુદા વગેરે જે વલીની સિફતો (ખૂબીઓ) હોય છે તેને લગતા જીવન પ્રસંગો જોઈએ અને એ હક્ક઼ના આઈનામાં આપણી જાતને પણ જોઈ લઈએ કે **આપણે અલ્લાહનું ઈનામવાળાઓ એટલે વલીઓના માર્ગે ચાલીએ છીએ કે પછી અલ્લાહનો ગઝબ પામનારા, ભટકેલાઓના માર્ગે ચાલીએ છીએ.** જો ખુદા નખ્વાસ્તા ખુદાનો ગઝબ પામનારાઓના માર્ગે છીએ તો અત્યારે જ તૌબા કરી લઈએ, નહીં તો જહન્નમ જ આપણુ ઠેકાણુ બનશે !

## સાચા વલીઓનો માર્ગ આ રહ્યો ! એને જ અપનાવો ?!

હઝરત બેહરુલ ઉલૂમ હઝરત અલ્લામા મુફતી અબ્દુલમન્નાન સાહબ رحمۃ اللہ علیہએ એક પ્રસંગ વર્ણવ્યો કે, હુઝૂર મુફતીએ આ'ઝમ رحمۃ اللہ علیہની મજલિસમાં તાવીઝના માટે સ્ત્રીઓ તથા પુરૂષોની ભીડ લાગેલી રહેતી, પણ **શું મજાલ કે કોઈ સ્ત્રીનો હાથ પણ બેપર્દા થઈ જાય !** જેવી કોઈ નિષ્કાળજી થઈ અને આપનુ ધમકાવવાનું શરૂ ! લાઈલાહ ઈલ્લલ્લાહ ! અસ્તગફિરુલ્લાહ ! અરે પોતાનો હાથ ઢાંક ! બેગૈરત ! મને બુઢ્ઢાને તારો હાથ બતાવવા આવી છે ?! અને આખી મેહફિલમાં સન્નાટો છવાઈ ગયો અને દરેકે પોતાનાં કપડાં ઠીક કરી લીધાં.

એક વખતે બે અપ્ટુડેટ બેપર્દા મુસલમાન સ્ત્રીઓ સાડીમાં સજજ થઈને ક્યાંક દૂરથી તાવીઝ લેવા માટે આવી. આપે તાવીઝ લખતાં લખતાં નજર ઉપર ઉઠાવી તો તેમના પર પડી ગઈ, તો તરત જ મોઢું ફેરવી લીધું અને માથુ નીચુ કરી લગભગ ૧૫ મિનિટ સુધી તેમને તતડાવતા રહ્યા. અંદાઝ કાંઈક નરમ અને અફસોસભર્યો હતો, જાણે તેમને દિલમાં ચૌટ લાગી હોય. જે કાંઈ ફર્માવ્યું તેનો ખુલાસો કાંઈક આ પ્રમાણે હતો : "ન અલ્લાહ તથા રસૂલના હુકમનો ખૌફ, ન રહેણી કરણીની પરવા, ન અંજામનો ખયાલ ! આટલે દૂર સ્ત્રીઓ એકલી ચાલી આવી, સાથે કોઈ મેહરમ નહીં ! ઉપરથી જુલ્મ એ કે બેપર્દા ! અને વધુ સિતમ એ કે પહેરવેશ મુસલમાનોનો નહીં ! ટ્રેનોમાં અકસ્માતો થતા રહે છે. તેમના પર કોઈ બળજબરી થાય તો મુસલમાન કેવી રીતે તેમની તરફદારી કરી શકે ! કોઈ અકસ્માતમાં મૃત્યુ પામે તો એ કેવી રીતે ખબર પડે કે મુસલમાન છે. વિચાર કરો કે ન માટી ન જનાઝો ! આમ જ સળગાવી દેવામાં આવશે ! આ બધી વબાલ અલ્લાહ તથા રસૂલના હુકમની વિરૂધ્ધ વર્તનના લીધે છે." તે સ્ત્રીઓ શરમથી પાણી પાણી થઈ ગઈ પરંતું તેણીઓ પાસે પર્દાની કોઈ વ્યવસ્થા હતી જ નહીં તો શું કરે ?! *(અલ મુઈન : મુફ્તીએ આ'ઝમ વિશેષાંક, જાન્યુ. ૧૯૯૦)*

આજે કેટલી આવી હસ્તીઓ છે જે આ પ્રમાણે શરીઅતની ચુસ્ત પાબંદ હોય કે **ગૈર સ્ત્રીના હાથ પર પણ નજર પડી જાય તો અફસોસ કરવા માંડે ?!** આજે તો મામલો કાંઈ ઉલ્ટો જ જોવા મળે છે કે કહેવાતી હસ્તીઓ જુવાન જુવાન બેપર્દા સ્ત્રીઓને પોતે જ સામે તથા પાસે બેસવા આગ્રહ કરે છે ! ઈલ્લા માશાઅલ્લાહ !

હે મુફતીએ આ'ઝમે હિંદ رحمۃ اللہ علیہની મહોબ્બતનો દમ ભરનારાઓ ! શું હુઝૂર મુફતીએ આ'ઝમ رحمۃ اللہ علیہના આ આદેશ પર તમો અમલ કરો છો ?! હે વલીઓની ચાહતના નારા મારનારાઓ ! **શું વલીએ કામિલની નારાજગી પોતાની જાત માટે હતી કે શરીઅતની નાફર્માની જોઈને હતી ?!** જો ખરેખર તમો વલીઓના ચાહનારા છો તો ઝિંદાબાદના નારા પછી મારજો પ્રથમ તમારા દિલની હાલત, દિલની ઈચ્છાઓ પર નજર કરી લો. **શું રસ્તે ચાલતાં, ટી.વી. પર, મોબાઈલ પર પરાઈ સ્ત્રીઓને જોવાની તથા નગ્ન સ્ત્રીઓના ગંદા ખેલ જોવાની લાલચ તમે રોકો છો ? અને શું તમારા ઘરની સ્ત્રીઓ ગૈરોથી પર્દો કરીને શરીર છુપાવે છે કે ફેશનેબલ ચુસ્ત લિબાસ પહેરી શરીર પ્રદર્શન કરે છે ?!** જો આનો જવાબ "ના" માં હોય તો આજે જ પોતાની પોતાના ઘરની સ્ત્રીઓની, પોતાની ઔલાદની સુધારણામાં લાગી જાવ ! નહીં તો તમો ઈનામવાળાઓ એટલે વલીઓના માર્ગે નહીં પણ અલ્લાહનો ગઝબ પામનારાઓ તથા ભટકેલાઓના માર્ગે જીવી રહ્યા છો અને તમારો અંજામ પણ જો તૌબા ન કરી તો તેમના જેવો જ (એટલે જહન્નમમાં પડવાનું) થશે ! અલ્લાહની પનાહ !

## વલીને નમાઝની કેટલી ફિકર હોય છે તે જુઓ !

ઈસ્લામ સાથે સંકળાયેલા સારી રીતે જાણે છે કે નમાઝ ઈસ્લામનો મહત્વનો સુતૂન અને રુકન છે, જેણે એને ક઼ાયમ કરી તેણે દીનને ક઼ાયમ કર્યો અને જેણે એને તર્ક કરી એણે દીનને તર્ક કર્યો. (મઆઝલ્લાહ !) એટલા માટે અમુક ઉલમા ફર્માવે છે કે આ પુરફિતન દૌરમાં જે શખ્સ બાજમાઅત નમાઝ પઢી લે છે તે યક઼ીનન ! વલી છે.

મુફતીએ આ'ઝમ رحمۃ اللہ علیہની વિશિષ્ટતા હતી કે સફર હોય કે ઘરમાં, ગાડી પર હોય કે પગપાળા, નમાઝને છોડવી તો દૂર રહ્યું સમયથી હટવા દેતા ન હતા, ભલે તેમને એના માટે લાખ મુસીબતો તથા મુશ્કેલીઓથી સામનો કરવો પડે, ત્યાં સુધી કે ઘણીવાર નમાઝના માટે બસ તથા ટ્રેન છોડવાની વારી પણ આવી જતી. એકવારનો બનાવ શાઈરે ઈસ્લામ રાઝ ઈલાહાબાદી મર્હૂમની ઝબાને તર્જુમાથી સાંભળો !

એકવાર બલરામપુર (યુ.પી.)થી હઝરતને લઈ બસ દ્વારા ઈલાહાબાદ આવી રહ્યા હતા. હઝરત મૌલાના મુફતી રિઝવાનુર્રહમાન સાહબ જેઓ જબરદસ્ત આલિમ છે તે પણ સાથે હતા. ઈલાહાબાદની નજીક બસ ફાફા મઉના પુલ પર રોકાઈ ગઈ. ગંગા નદી પર પુલ છે. કેમ કે પુલ પર એક જ બસ (વન વે) આવજા કરી શકે છે એટલા માટે બસ રોકાઈ ગઈ હતી કે સામેથી આવતી બસો નીકળી જાય તો આ જાય. હઝરતે સામે જોયું કે સૂરજ ડૂબવાવાળો છે. હઝરતે ફર્માવ્યું કે અસરની નમાઝ ક્યાં પઢવામાં આવે ? મેં કહ્યું કે હઝરત ! ઈલાહાબાદમાં ! હઝરતે ફર્માવ્યું, ઈલાહાબાદ પહોંચતાં પહોંચતાં સૂર્ય આથમી જશે ! અને આવું કહીને હઝરત ખૂબ જ ઝડપભેર જાનમાઝ અને લોટો લઈને બસથી ઉતરી ગયા. સડકના કિનારે ખૂબ જ ઊંડા ખાડામાં વરસાદનું પાણી જમા હતું. હઝરતે એ પાણીને જોઈને ફર્માવ્યું કે હું ત્યાં વુઝૂ કરીશ. અને આવું કહીને એ ઊંડાઈમાં ખૂબ જ ઝડપભેર ઉતરવા લાગ્યા. અને એ પ્રમાણે મિજાઝ ગરમ હતો કે હું તથા મુફતી રિઝવાનુર્રહમાન ડરવા લાગ્યા કે આજ સુધી હઝરતને આ પ્રમાણે ઉશ્કેરાયેલા નથી જોયા.

બસ ! હઝરતની જીભેથી વારંવાર આ જ શબ્દો નીકળતા હતા કે, ''અરે ! મારી અસરની નમાઝ ! અરે ! મારી અસરની નમાઝ ! યા અલ્લાહ ! કરમ ફર્માવી દે અને હું નમાઝ અદા કરી લઉં ! શું ગઝબ છે કે સૂરજ ડૂબતો જઈ રહ્યો છે !'' આવું કહેતા કહેતા હઝરત એકદમ ઊંડાઈની તરફ આગળ વધવા લાગ્યા. રસ્તે ચાલનારાઓ રોકી રહ્યા છે, પોલીસવાળા અવાજ આપી રહ્યા છે કે ગબડી પડશો ! પણ આપ એ જ ઝડપભેર નીચે ઉતરી રહ્યા હતા, એવામાં મેં દોડીને કોઈક રીતે હઝરતનો હાથ પકડી લીધો, પણ એ કુદરત તથા કુવ્વત કે હું બતાવી નથી શક્તો ! બસ ! એવુ જણાતું હતું કે અમે લોકો બસ હમણા પડયા ! હમણા પડયા ! પણ હઝરત પાણીની નજીક પહોંચી ગયા. હવે હઝરતે પાણીમાં પોતાનો લોટો નાખ્યો તો કીચડ તથા પાણી કિનારા પર એક સાથે નીકળ્યું ! મારી તરફ હઝરતે પોતાનો રૂમાલ ફેંકીને ફર્માવ્યું, તમે તમારી નમાઝ પઢો, તમે વુઝૂથી છો. મેં હુકમનું પાલન કર્યું અને નમાઝ પઢવા લાગ્યો. હવે હું એ જોઉં છું કે અચાનક હઝરત એ પાણીમાં ચાલીને વચ્ચે પહોંચી ગયા અને એક પથ્થર પાણીમાં ઉભરાઈ આવ્યો એના પર બેસીને વુઝૂ કરવા લાગ્યા. મારી આંખો આશ્ચર્યથી પહોળી થઈ ગઈ હતી કે યા અલ્લાહ ! આ કમજોર બુઝુર્ગ કઈ રીતે પાણીની વચ્ચે પહોંચી ગયા અને આ પથ્થર વચ્ચે કોણે અને ક્યારે રાખ્યો ! હઝરતે વુઝૂ કર્યું અને કિનારે તશરીફ લાવ્યા. હઝરતે મુસલ્લા પર અસ્રની નમાઝ શરૂ કરી દીધી પેલી બાજુ મેં જોયું તો સડક પર લોકો આશ્ચર્યભેર આ મન્ઝર જોઈ રહ્યા હતા. બસ કેમ કે મેઈલ હતી જેથી તે ચાલી ગઈ. *(હયાતે મુફતીએ આ'ઝમે હિંદ)*

આ હતો ખુદાનો ખૌફ કે નમાઝ કોઈ સંજોગોમાં જવા ન દેતા. આવા તો અનેક બનાવો છે. જો તમે આ અલ્લાહના વલીને માનનારા છો તો એમના જેવી નમાઝની તડપ પેદા કરો ! **કેવળ વલીથી મહોબ્બતનો ઝબાની દાવો અને તેમના માર્ગે ન ચાલવાનો અંજામ તો તમે જાણો જ છો કે ખુદાના ગઝબ સિવાય કાંઈ મળશે નહીં.** જો તમો સફરમાં કે ઘરે નમાઝ છોડી આપતા હોવ તો આજથી જ તૌબા કરી લો.

## શરીઅતની પાબંદી તથા અડગતા તે આનુ નામ !

હુઝૂર મુફતીએ આ'ઝમ رحمۃ اللہ علیہની કરામતોથી કિતાબો ભરેલી છે. અત્રે એ વર્ણવવાનો હેતુ નથી. પણ **વલીની સૌથી મોટી કરામત એ છે કે શરીઅત તથા સુન્નત પર અડગતાથી અમલ કરે.** એની રોશનીમાં હુઝૂર મુફતીએ આ'ઝમ رحمۃ اللہ علیہને જુઓ.

દીન પર અડગતાનું આનાથી બેહતરીન તથા ઉચ્ચ દષ્ટાંત પેશ કરવું મુશ્કેલ છે. નિઃશંક ! નજીકના ભૂતકાળમાં હુઝૂર મુફતીએ આ'ઝમે હિંદની શખ્સિયત આ બારામાં અજોડ જોવા મળે છે. ઈંદિરા ગાંધીના ઈમરજન્સીના સમયમાં નસબંદી માટે ખૂબ ચળવળ ઉઠી હતી ત્યારે આપે નસબંદી હરામ હોવાનો ફત્વો આપ્યો, કેમ કે ઘણા મુસલમાનો પણ એના શિકાર થઈ ચૂક્યા હતા, પણ આપના ફત્વાથી મુસલમાન કૌમ નસબંદી કરાવવાથી અટકી ગઈ અને તેમના પર એક ધાર્મિક પાબંદી લાગી ગઈ. જો કે આવો ફત્વો બહાર પાડવો એ ગવર્નમેન્ટની નીતિમાં દખલગીરી કરવા સમાન હતું. સર્વ ફિર્કાના દારુલ ઈફતા વેચાઈ ચૂક્યા હતા, સૌ ગવર્નમેન્ટની ચાપલૂશીમાં નસબંદીના ફેવરમાં ફત્વો તથા ટી.વી. પર એલાનો કરી રહ્યા હતા, સિવાય એક બરેલીના આ મર્કઝી દારુલ ઈફતા સિવાય ! હિંદની ગવર્નમેન્ટે ખૂબ કોશિશ કરી કે આપ આપનો ફત્વો બદલી નાખે, આપની ધરપકડની નોબત આવી ગઈ. પણ આપે પુરજલાલમાં અંદાઝમાં કહ્યું કે, ''જો જરૂરત પડી તો આ ગવર્નમેન્ટ બદલી નાખવામાં આવશે પણ અમારો ફત્વો બદલાશે નહીં !'' જેથી એવું જ થયું કે થોડાક જ સમયમાં દુનિયાએ જોઈ લીધું કે ગવર્નમેન્ટ બદલાઈ ગઈ, પણ મુફતીએ આ'ઝમ પોતાના ફૈસલા પર અડગ રહ્યા. *(હુઝૂર મુફતીએ આ'ઝમે હિંદની કરામતો, અઝ : 'રાઝ' ઈલાહાબાદી)*

## સારી વાતોનો હુકમ અને બુરી વાતોથી રોકવાનાં દષ્ટાંતો

★ હુઝૂર મુફતીએ આ'ઝમ رحمۃ اللہ علیہ શરીઅત વિરૂધ્ધ કામો સહન કરી શકતા ન હતા. જેથી આપની પાસે આવનારની પોતાના અનોખા અંદાઝમાં ઈસ્લાહ કરી આપતા. બરેલીમાં એક જગાએ હઝરત દાવતના માટે તશરીફ લઈ ગયા. જેવા હઝરત બેઠા તેવા જ એક સાહબ કોટ પાટલૂન પહેરેલ સામે આવ્યા જેમની દાઢી સાફ હતી. મુસાફા માટે આગળ વધ્યા. હઝરતે મુસાફો કર્યો, તેની સાથે જ પૂછયું, નામ શું છે ? તેમણે અર્ઝ કરી, હુઝૂર ! ''હબીબ અહમદ !'' હઝરતે એકદમ ફર્માવ્યું, ''નામ હબીબ અહમદ અને શકલ આવી !'' لَاحَوْلَ وَلَاقُوَّةَ اِلَّا بِاللّٰهِ

★ એકવાર આપની બારગાહમાં એક સ્ત્રી તાવીઝ લેવા માટે આવી. તેણી નકાબમાં હતી પણ નકાબ એટલો ઊંચો હતો કે તેનો લિબાસ અંદરથી દેખાય આવતો હતો. હઝરતે એના પર સખત નારાઝગી દર્શાવી. પછી તાવીઝ માટે નામ પૂછયું તો સ્ત્રીએ પોતાનું નામ બતાવ્યું : ''રાહતે જાન !'' હઝરતે ફર્માવ્યું, નામ પૂછો તો રાહતે (આરામ) જાન ! અને છે મુસીબતે જાન !

★ ઈલાહાબાદમાં એક સાહબ તાવીઝના માટે હઝરતની ખિદમતમાં આવ્યા. હઝરતે જ્યારે એમની તરફ તાવીઝ આપવા હાથ લંબાવ્યો તો તેમણે લેવા માટે પોતાનો **ડાબો હાથ લંબાવ્યો.** આ જોઈને હઝરત

સખત નારાજ થઈ ગયા અને ફર્માવવા લાગ્યા, "શું આફત આવી ગઈ છે કે લોકો ગળુ (છાતી) ખુલ્લુ રાખે છે, ટોપી માથા પર નથી રાખતા ! તેમના તરફ જોઈને વધુમાં ફર્માવ્યું કે **"ડાબો હાથ" લંબાવે છે, બસ સવાર સાંજ દાઢી મૂંડાવવાનું અને બસ સવાર સાંજ દાઢી સાફ કરાવવી તેમનો નિત્યક્રમ બની ગયો છે ! અને પછી પોતાનાં ઘરોમાં બરકત શોધે છે અને બેબરકતીની શિકાયત કરે છે !"** (હદીષમાં છે : ડાબા હાથે શૈતાન કામ કરે છે. જમણા હાથે કામ કરવું નબી ﷺની સુન્નત છે.) ત્યાર બાદ તાવીઝ આપીને ફર્માવ્યું, દરેક નમાઝ પછી આ પઢો, અલ્લાહ બરકત આપશે. આ ચેતવણીની એટલી અસર પડી કે ત્યારબાદ તે સાહબે દાઢી પણ રાખી લીધી અને નમાઝ પણ પઢવા લાગ્યા.

★ લગભગ ઈ.સ. ૧૯૭૪ની વાત છે. જમશેદપુર તશરીફ લઈ ગયા હતા. ત્યાં એક સાહબે પોતાની લાઈલાજ બીમારીનો ઉલ્લેખ કરીને તાવીઝની દરખાસ્ત કરી. હઝરતે તાવીઝ આપી દીધું અને ફર્માવ્યું કે, "કોઈ વજનવાળી ચીજ ન ઉઠાવશો. અને આપ શું વજનવાળી ચીજ ઉઠાવવાના ! જ્યારે નાની સરખી દાઢીનો બોજ નથી ઉઠાવી શકતા !" આ વાતની એ સાહબ પર એટલી અસર પડી કે પહેલાં તો ખસખસી રાખતા હતા પણ ત્યાર પછી પૂરી દાઢી રાખી. *(ઈસ્તેક઼ામતનો મુફતીએ આ'ઝમ નંબર)*

★ હઝરત અલ્લામા મુફતી મુજીબ અશરફ સાહબ જણાવે છે કે ઈંદોર જતાં સફર દરમ્યાન રાતના અઢી વાગે એક ઢાબા પર અમે લોકો ચાય પીવા રોકાયા. ત્યાં ચાર પાંચ કૂતરાં આપસમાં લડી રહ્યાં હતાં. તેમનો શોર સાંભળીને બિરાદરે તરીક઼ત જનાબ યાકૂબભાઈ લાલાની જીભથી નીકળ્યું કે, "જુઓ વહાબી લડી રહ્યા છે !" હઝરતે સાંભળી લીધું અને તરત જ ફર્માવ્યું, અસ્તગ્ ફિરુલ્લાહ ! કૂતરાને વહાબી ન કહેવો જોઈએ ! વહાબી જહન્નમમાં જશે, કૂતરાં જહન્નમમાં જશે નહીં ! જે જહન્નમી નથી તેને તમે જહન્નમી કહી દીધો ?! લાઈલાહ ઈલ્લલ્લાહ ! યાકૂબભાઈ તરત બોલી ઉઠયા, હુઝૂર ! હવે એવું કહીશ નહીં ! *(તાબિશે અન્વારે મુફતીએ આ'ઝમ)* આ પ્રસંગ પરથી વિચારો કે આ અલ્લાહના વલીને ગુસ્તાખે રસૂલ વહાબીથી કેટલી નફરત હતી ! શું તમે વહાબીથી નફરત કરો છો કે સગાઈ તથા દોસ્તી કરો છો ?!

★ મૌલાના એજાઝ અહમદ સાહબ رحمۃ اللہ علیہ (માજી મુદર્રિસ જામિઆ અશ્રફિયા–મુબારકપુર) ઈ.સ. ૧૯૭૮નો ગોરખપુરનો પ્રસંગ વર્ણવે છે. હઝરત ત્યાં તશરીફ લાવેલા તો ખૂબ ભીડ હતી. કેટલાક થાણેદાર બંદોબસ્તમાં હાજર હતા. અસરની નમાઝ વખતે હઝરત મસ્જિદમાં વુઝૂ કરી રહ્યા હતા, ઘણા લોકો આસપાસ ઉભેલા હતા. નાયબ થાણેદાર એક બાજુ સામે ઉભો થઈ ગયો. તેણે ચડ્ડો પહેરેલો હતો જેમાં ગુઠણ ઉપરનો ભાગ દેખાતો હતો. તો આપે જલાલભર્યા અવાજે કહ્યું, જુઓ ! આ નગ્ન ઉભો છે ! નાયબ થાણેદાર (પી.એસ.આઈ.) આપના રૂહાની પ્રભાવ હેઠળ ગભરાઈ ગયો અને તરત જ જતો રહ્યો અને કોઈની પાસેથી રૂમાલ લઈને લુંગી જેમ બાંધીને આવ્યો. આવાં અનેક દષ્ટાંતો અમ્ર બિલ મઅરૂફનાં છે.

આ સર્વ દષ્ટાંતોના આઈનામાં આપણે આપણી જાતને જોવી જોઈએ કે મારામાં આ અયબો તો નથી જેનાથી હુઝૂર મુફતીએ આ'ઝમ رحمۃ اللہ علیہ નારાજ થતા હતા. જો હોય તો સત્વરે તૌબા કરી સીધો માર્ગ અપનાવી લેવો જોઈએ.

**વલી રશ્ક કરતે હંય તુમ્હારે ઝોહદો તક્વા પર**
**તક્દુસ તુમપે હૈં નાઝાં વો મર્દે પારસા તુમ હો**

## શયખુલ ઈસ્લામની ઝબાની મુફતીએ આ'ઝમની કહાની !

કુત્બે મદીના હઝરત ઝિયાઉદ્દીન મદની (ખલીફાએ આ'લા હઝરત)એ કહ્યું, **"વર્તમાનકાળમાં મુફતીએ આ'ઝમે હિંદ ઈસ્લામી જગતની સર્વશ્રેષ્ઠ હસ્તી છે."** તેમના પત્રને તા'ઝીમમાં ઉભા થઈને ચૂમે છે, માથા પર મૂકે છે, આંખોથી લગાડે છે. તો વળી આ'લા હઝરત (رحمة الله عليه) ખુદ પોતાના પુત્રના વલી હોવાનું એલાન મજમામાં કરે છે. હુઝૂર હાફિઝે મિલ્લત (رحمة الله عليه) ફર્માવે છે કે, **"જેણે ઝિંદા વલી જોવો હોય તો હુઝૂર મુફતીએ આ'ઝમને જોઈ લે."** હુઝૂર મુહદ્દિષે આ'ઝમે હિંદ કછોછવી (رحمة الله عليه)એ ફર્માવ્યું, "આજની દુનિયામાં જેમનો ફત્વાથી વધીને તક્વો છે." કોઈએ કહ્યું, રૂહાની દુનિયાના તાજદાર, ગોડદીમાં લાલ કહ્યા, કોઈએ હમશક્લે ગૌષે આ'ઝમ તો કોઈએ નાઈબે ગૌષે આ'ઝમ.... સારાંશ કે અરબ તથા અજમના જે તે સમયના બુઝુર્ગોએ આપની વિલાયતની ગવાહી આપી. આવો ! સુન્ની જગતની વિશ્વ વિખ્યાત તેમજ ખાનવાદાએ અશરફિયા કિછોછા શરીફની હાલની સૌથી ટોચની હસ્તી હુઝૂર શૈખુલ ઈસ્લામ હઝરત અલ્લામા સૈયદ મુહમ્મદ મદની અશરફીયુલ જીલાનીની ઝબાની હુઝૂર મુફતીએ આ'ઝમને ઓળખીએ :–

આપના વર્ણનનો એક હિસ્સો છે : ".....ઘણા સમય પહેલાં કોઈ કિતાબમાં જોયું હતું કે કોઈ જગાએ વરસાદ ન થવાથી ખૂબ જ ભારે દુકાળ પડયો. લોકો નમાઝે ઈસ્તિસ્કા પઢતા રહ્યા અને પોતાની મેહરૂમીઓ પર આંસૂ સારતા રહ્યા. એક દિવસે ઈસ્તિસ્કા માટે ભેગા થયા હતા. એક દરવેશને આવતા જોયા. લોકો તેમને દુઆ કરવા વિનવણી કરવા લાગ્યા. તેમણે બંને હાથ ઉઠાવ્યા અને અર્ઝ કરી, "હે અલ્લાહ ! હું તને તે અમાનતનો વાસ્તો આપુ છું જે મારી નિગાહોમાં છે, તું વરસાદ અતા ફર્માવ." આટલું કહેતાં જ વાદળો છવાઈ ગયાં અને ધોધમાર વરસાદ પડયો. દુકાળ દૂર થઈ ગયો. હાજર રહેલાઓમાંથી એક શખ્સે તે બુઝુર્ગનો પીછો કર્યો ત્યાં સુધી કે તેમની ઝુપડીએ પહોંચ્યો અને સવાલ કર્યો કે, આખરે તે અમાનત કઈ છે જે તમારી આંખોમાં છે ? અને જેના વાસ્તાથી આપે દુઆ કરી તો રબ્બે કરીમે કૂબૂલ ફર્માવી. દરવેશે કહ્યું કે, મેં આ આંખોથી બાયઝીદ બોસ્તામી (رحمة الله عليه)ને જોયા છે ! તેમની સૂરત ખુદાની અમાનત છે જેને મેં નિગાહોમાં મહેફૂઝ કરી રાખેલ છે. આ હિકાયતને સાંભળીને મને પણ મારી ફીરોઝબખ્તી (ખુશનસીબી) પર ગર્વ લેવા દો ! મારી નિગાહોમાં પણ કેટલીક નૂરાની સૂરતો છે, તે તસ્વીરોમાં હુઝૂર મુફતીએ આ'ઝમની તસ્વીરની ઉજ્જવળતા પોતે એક અનોખા રૂપમાં છે. હુઝૂર મુફતીએ આ'ઝમનો દીદાર કરવાવાળાઓ ! ખુદાની અમાનતના અમીન હોવાના માટે મારાથી દિલી મુબારકબાદ લો. પણ ખબરદાર ! હોશિયાર ! આ તસ્વીરની અઝમતને દાગ ન લાગવા પામે. **તમે સારી રીતે જાણો છો હુઝૂર મુફતીએ આ'ઝમ તે ઘરમાં પ્રવેશ કરતા ન હતા જેમાં કોઈ જાનદારનો ફોટો (છબી) હોય.** એટલા માટે તમારા માટે જરૂરી છે કે પોતાના દિલો દિમાગને ગૈર શરઈ ખયાલોથી પાક સાફ રાખો જેથી આ અમાનત બહિશ્તે ફિક્રો નઝર બની રહે. ખુદા તઆલાની આ અમાનત ગૈર શરઈ ખયાલોની સાથે ક્યાં સુધી રહી શકશે ?" *(ઈસ્તેકામતનો મુફતીએ આ'ઝમ નબંર)*

૧૩ મુહર્રમ હિ.સ. ૧૪૦૨, ૧૧ નવેમ્બર ૧૯૮૧ના રોજ આખરી નમાઝ ઈશાની બિસ્તર પર જ અદા કરી અને છેવટની વસિયત રૂપે ફર્માવ્યું કે, **"સુન્નતે મુસ્તફા પર હર હાલમાં અમલ કરતા રહેશો, આ જ રાહમાં નજાત છે."** પછી ફર્માવ્યું, "દરેક મુશ્કેલ સમયમાં **હસ્બુનલ્લાહુ વ નિઅ્મલ વકીલ** પઢતા રહેશો."

આપના જીવનનાં વિવિધ પાસાંઓને વાંચો, ઈબાદતો, તક્વો પરહેઝગારી, સુન્નતોની પાબંદી, ખિદમતે ખલ્ક હોય કે અમ્ર બિલ મઅરૂફ હોય, શરીઅત પર અડગતાની વાત હોય, ખૌફે ખુદાનો મામલો.... દરેક ક્ષેત્રે આપ અનોખી શાનવાળા જોવા મળશે. **જેને પોતાની જિંદગી કામયાબ બનાવવી હોય તથા આખેરત સંવારવી હોય તે હુઝૂર મુફતીએ આ'ઝમ رحمۃ اللہ علیہના જીવનનો દિલની ગહરાઈથી અભ્યાસ કરે તો ઈન્શાઅલ્લાહ ! પોતાનો હેતુ પામી લેશે.**

આપની હસ્તીની શાનમાં લખતાં લખતાં લાયબ્રેરી ભરાઈ શકે છે એટલી કિતાબો થઈ જાય તેવી આ મહાન હસ્તી, સર્વ માન્ય વલીએ કામિલના અમુક અમુક જીવન પ્રસંગો આપણી સમક્ષ ચૂંટીને રજૂ કર્યા છે. મક્સદ એક જ છે કે આપણે નમાઝમાં દર રકાતે દુઆ કરીએ છીએ રબ સમક્ષ કે "અમને સીધા રસ્તે ચલાવ એમના રસ્તે જેમના પર તેં ઈનામ કર્યું, ન એમના રસ્તે જેમના પર તારો ગઝબ થયો ન ભટકેલાઓનો." તો ઈનામવાળાઓનો, વલીઓનો રસ્તો આ જ છે જે અહીં આ વલીએ કામિલ મુફતીએ આ'ઝમે બતાવ્યો છે, તો એમના રસ્તે ચાલો અને જન્નત પામો અથવા તમારી બદ્બખ્તી જ હોય તો તેની વિરુદ્ધના લોકો જેમના પર અલ્લાહનો ગઝબ થયો તેમના રસ્તે ચાલો ! રબ્બે કરીમ આપણને સૌને ગુનાહોથી તૌબા કરીને વલીઓના માર્ગે ચલાવે, એના પર ઈમાન સાથે મૌત આપે. (આમીન)

## :: બર્મામાં મુસ્લિમો પર અત્યાચારનો વિશ્વભરમાં વિરોધ ! ::

**ભરૂચ** : બર્મામાં છેલ્લા કેટલાક સમયથી સ્થાનિક રોહિંગ્યા મુસલમાનો પર ગવર્નમેન્ટની ફોજ તેમજ સ્થાનિક કટ્ટરપંથી બુધ્ધો થકી ભારે આતંક તથા અત્યાચાર થઈ રહ્યો છે. ક્રૂરતાપૂર્વક તેમને મારી નાખવા, ઘરો સળગાવવાં, નિર્દોષ ભુલકાઓને ગળુ દબાવી મૌતને ઘાત ઉતારવા જેવા બનાવો તેમજ આતંક ફેલાવીને તેમને વતન છોડવા મજબૂર કરવામાં આવી રહ્યાં છે. આ માનવતાહિન કૃત્યનો વિરોધ કહેવાતા માનવ અધિકારના ઠેકેદારો અમેરિકા, બ્રિટન વગેરે થકી નથી જોવા મળ્યો, ન યુનો તરફથી કોઈ કાર્યવાહી થાય છે. તો શું આ રોહિંગ્યા લોકો માણસો નથી ?! જગત મૌતના તાંડવનો તમાશો જોઈ રહ્યું છે એવા સમયે વિશ્વભરના મુસ્લિમો દુઃખની લાગણી સાથે આક્રોશ અનુભવી રહ્યા છે. અને પોત પોતાની રીતે આ અત્યાચાર સામે વિરોધ દર્શાવી રહ્યા છે. એના નિમિત્તે બાદશાહી મસ્જિદ, ફૂરજા રોડ ભરૂચથી તા. ૧૫–૦૯–૨૦૧૭ જુમ્આની નમાઝ બાદ મુસલમાનોની મૌન રેલીનું આયોજન કરવામાં આવેલ જેમાં મોટી સંખ્યામાં મુસલમાનો જોડાયા હતા. આ શાંત રેલી કલેકટર કચેરીએ પહોંચી હતી અને કલેકટર સાહેબ ભરૂચને આ સંબંધે આવેદન પત્ર આપ્યું હતું. એ જ પ્રમાણે હઝરત હલીમશા દાતાર ભંડારી رحمۃ اللہ علیہની દરગાહેથી અંકલેશ્વરમાં પણ મુસ્લિમોએ દુરૂદો સલામ પઢતા પઢતા રેલી કાઢી વિશ્વશાંતિ માટે દુઆ કરી હતી. દિલ્હી જંતર મંતર ખાતે વિરોધ સંમેલન MSO તથા AITUI થકી ભરાયુ હતું. બરેલી શરીફમાં પણ ભવ્ય રેલી યોજાયી હતી. એ જ પ્રમાણે સા. આફ્રિકાના કેપટાઉનમાં તેમજ અન્ય દેશોમાં રોહિંગ્યા મુસ્લિમોના અત્યાચાર વિરૂધ્ધ રેલીઓનું આયોજન થઈ રહ્યું છે. તુર્કી ગવર્નમેન્ટે પણ એના સામે વિરોધ દર્શાવ્યો છે.



કુર્આને પાકની તફસીર

# કન્ઝુલ ઈમાન વ ખઝાઈનુલ ઈરફાન

:: અઝ ::
આ'લા હઝરત ઈમામ અહમદ રઝા رحمۃ اللہ علیہ

:: અનુવાદક ::
મૌલાના હસન આદમ કોલવનવી رحمۃ اللہ علیہ

સૂરએ આ'લે ઈમરાન મદીના તય્યિબામાં ઉતરી, એમાં ૨૦૦ આયતો, ૪૮૦ શબ્દો, અને ૧૪૫૨૦ અક્ષરો છે.

قُلِ اللّٰهُمَّ مٰلِكَ الْمُلْكِ تُؤْتِی الْمُلْكَ
مَنْ تَشَآءُ وَ تَنْزِعُ الْمُلْكَ مِمَّنْ تَشَآءُ٘ وَ تُعِزُّ
مَنْ تَشَآءُ وَ تُذِلُّ مَنْ تَشَآءُؕ بِیَدِكَ الْخَیْرُؕ اِنَّكَ
عَلٰی كُلِّ شَیْءٍ قَدِیْرٌ ﴿۲۶﴾ تُوْلِجُ الَّیْلَ فِی النَّهَارِ وَ
تُوْلِجُ النَّهَارَ فِی الَّیْلِ٘ وَ تُخْرِجُ الْحَیَّ مِنَ الْمَیِّتِ
وَ تُخْرِجُ الْمَیِّتَ مِنَ الْحَیِّ٘ وَ تَرْزُقُ مَنْ تَشَآءُ
بِغَیْرِ حِسَابٍ ﴿۲۷﴾ لَا یَتَّخِذِ الْمُؤْمِنُوْنَ الْكٰفِرِیْنَ
اَوْلِیَآءَ مِنْ دُوْنِ الْمُؤْمِنِیْنَ٘ وَ مَنْ یَّفْعَلْ ذٰلِكَ
فَلَیْسَ مِنَ اللّٰهِ فِیْ شَیْءٍ اِلَّاۤ اَنْ تَتَّقُوْا مِنْهُمْ
تُقٰىةًؕ وَ یُحَذِّرُكُمُ اللّٰهُ نَفْسَهٗؕ وَ اِلَی اللّٰهِ الْمَصِیْرُ ﴿۲۸﴾
قُلْ اِنْ تُخْفُوْا مَا فِیْ صُدُوْرِكُمْ اَوْ تُبْدُوْهُ یَعْلَمْهُ
اللّٰهُؕ وَ یَعْلَمُ مَا فِی السَّمٰوٰتِ وَ مَا فِی الْاَرْضِؕ
وَ اللّٰهُ عَلٰی كُلِّ شَیْءٍ قَدِیْرٌ ﴿۲۹﴾ یَوْمَ تَجِدُ كُلُّ
نَفْسٍ مَّا عَمِلَتْ مِنْ خَیْرٍ مُّحْضَرًا ۛۚ وَّ مَا عَمِلَتْ

## સૂરએ આલે ઈમરાનની તફસીર

આવી વિનંતી કર, હે રાજ્યના માલિક ! તું જેને ઈચ્છે તેને રાજપાટ આપે, અને જેના પાસેથી ઈચ્છે (તેના પાસેથી) સલ્તનત ખૂંચવી લે, અને (તું) જેને ઈચ્છે તેને આબરૂ આપે અને જેને ઈચ્છે તેને ફજેતી આપે, બધી ભલાઈ તારા જ હાથમાં છે, બેશક ! તું સર્વ કંઈ કરી શકે છે[૧૬૯] (૨૬) તું દિવસનો ભાગ રાત્રીમાં નાખે, અને રાત્રીનો ભાગ દિવસમાં નાખે[૧૭૦] અને મરેલામાંથી જીવતું કાઢે, અને જીવતામાંથી મરેલું કાઢે,[૧૭૧] અને જેને ઈચ્છે (તેને) ગણત્રી વગર આપે (૨૭) મુસલમાનો, મુસ્લિમો સિવાય કાફિરોને પોતાના મિત્ર ન બનાવી લે[૧૭૨] અને જે આવું કરશે તેને અલ્લાહ સાથે કાંઈ સંબંધ ન રહ્યો, પરંતુ જ્યારે કે તમે તેઓથી કંઈક ડરો (ત્યારે મિત્રતાનો ડોળ કરી શકો છો)[૧૭૩] અને અલ્લાહ તમને પોતાના ગઝબથી ડરાવે છે, અને અલ્લાહ તરફ જ પરત થવાનું છે (૨૮) તમે ફર્માવો કે જો તમે પોતાના દિલની વાત છુપાવો અથવા જાહેર કરો અલ્લાહને બધી ખબર છે, અને અલ્લાહ જે કાંઈ આસ્માનોમાં અને જે કાંઈ ધરતીમાં છે (તે બધુ જ) જાણે છે, અને દરકે વસ્તુ પર અલ્લાહનો કાબૂ છે (૨૯) જે દિવસે દરેક જીવે જે કામ કર્યું (તેને) હાજર પામશે[૧૭૪]

مِنْ سُوْٓءٍ ۚ تَوَدُّ لَوْ اَنَّ بَیْنَهَا وَبَیْنَهٗۤ اَمَدًۢا بَعِیْدًا ؕ
وَیُحَذِّرُكُمُ اللّٰهُ نَفْسَهٗ ؕ وَاللّٰهُ رَءُوْفٌۢ بِالْعِبَادِ ۝٣٠
قُلْ اِنْ كُنْتُمْ تُحِبُّوْنَ اللّٰهَ فَاتَّبِعُوْنِیْ یُحْبِبْكُمُ اللّٰهُ
وَیَغْفِرْ لَكُمْ ذُنُوْبَكُمْ ؕ وَاللّٰهُ غَفُوْرٌ رَّحِیْمٌ ۝٣١
قُلْ اَطِیْعُوا اللّٰهَ وَالرَّسُوْلَ ۚ فَاِنْ تَوَلَّوْا فَاِنَّ اللّٰهَ
لَا یُحِبُّ الْكٰفِرِیْنَ ۝٣٢ اِنَّ اللّٰهَ اصْطَفٰۤی اٰدَمَ وَ
نُوْحًا وَّاٰلَ اِبْرٰهِیْمَ وَاٰلَ عِمْرٰنَ عَلَی الْعٰلَمِیْنَ ۝٣٣
ذُرِّیَّةًۢ بَعْضُهَا مِنْۢ بَعْضٍ ؕ وَاللّٰهُ سَمِیْعٌ عَلِیْمٌ ۝٣٤

*અને જે બુરૂં કામ કર્યું (તેના વિશે) અભિલાષા સેવશે કે મારા અને આનામાં દૂરનું અંતર હોત તો સારૂં થાત[૧૭૫] અને અલ્લાહ તમને પોતાના અઝાબથી ડરાવે છે, અને અલ્લાહ બન્દાઓ પર મહેરબાન છે (૩૦) હે મહબૂબ ! તમે ફર્માવી દો કે લોકો ! જો તમે અલ્લાહને દોસ્ત રાખતા હોવ તો મારા ફર્માબરદાર બની જાવ, અલ્લાહ તમને દોસ્ત રાખશે[૧૭૬] અને તમારા ગુનાહ માફ કરી દેશે, અને અલ્લાહ માફ કરનાર મહેરબાન છે (૩૧) તમે ફર્માવી દો કે અલ્લાહ અને રસૂલનો હુકમ માનો[૧૭૭] પછી જો તમે મોઢું ફેરવો તો અલ્લાહને કાફિર પસંદ પડતા નથી (૩૨) બેશક ! અલ્લાહે ચૂંટી લીધા આદમ અને નૂહ અને ઈબ્રાહીમ અને ઈમ્રાનને આખી દુનિયામાં (થી)[૧૭૮] (૩૩) આ એક વંશ છે એકબીજાથી[૧૭૯] અને અલ્લાહ સાંભળનાર જાણનાર છે (૩૪)*

## :: સમજૂતી ::

**૧૬૯ : શાને નુઝૂલ :** મક્કાના વિજય સમયે હુઝૂર ﷺએ પોતાની ઉમ્મતને ઈરાન અને રોમના રાજ્યનું વચન આપ્યું, તો યહૂદી અને નસરાનીઓએ એને અશક્ય ગણ્યું અને કહેવા લાગ્યા કે ક્યાં મુહમ્મદ ﷺ અને ક્યાં ઈરાન તથા રોમના રાજ્યો, તે તો ઘણા શક્તિશાળી અને મહાન રક્ષણ હેઠળ છે, ત્યારે આ આયત ઉતરી, અને હુઝૂર علیہ الصلوٰۃ والسلامનું વચન છેવટે પૂર્ણ થયું.

**૧૭૦ :** એટલે કે કદીક રાત્રીને લાંબી કરીને દિવસને ટૂંકો કરે તેમજ દિવસને લંબાવીને રાત્રીને ટૂંકાવી નાખે, આ તારી કુદરત છે. તો પછી ઈરાન અને રોમવાળાઓ પાસેથી રાજપાટ ખૂંચવી લઈને મુસ્તફા ﷺના ગુલામોને આપી દેવું એ તેની કુદરતમાં શું વિસાત ધરાવે છે.

**૧૭૧ :** મરેલામાંથી જીવતાને કાઢવાનાં અમુક ઉદાહરણો એ છે કે જીવતા માનવીને નિર્જીવ ટીપામાંથી તેમજ જીવતા પક્ષીના જીવતા બચ્ચાને જીવ વગરના ઈંડામાંથી અને જીવંત હૃદયવાળા મો'મિનને મુર્દા દિલ કાફિરમાંથી કાઢે છે. અને જીવતામાંથી મરેલાને બનાવવાનાં અમુક દાખલા એ છે કે જીવતા મનુષ્યમાંથી નિર્જીવ વિર્યનું ટીંપુ તેમજ જીવતા પક્ષીમાંથી જીવ વગરનું ઈંડુ અને જીવંત હૃદયવાળા મો'મિનમાંથી મૃત હૃદયવાળા કાફિરને બનાવે છે.

**૧૭૨ : શાને નુઝૂલ :** હઝરત ઉબાદા ઈબ્ને સામિતે જંગે અહઝાબના દિવસે હુઝૂર علیہ الصلوٰۃ والسلامને વિનંતી કરી કે ૫૦૦ યહૂદીઓ મારી સાથે પરસ્પર સહાય કરવાના કરારથી બંધાએલા છે, મારી ઈચ્છા છે કે દુશ્મન સામે મદદ મેળવવા હું તેમને લડાઈ માટે

બોલાવું, ત્યારે આ આયતે કરીમા ઉતરી અને કાફિરોને મિત્ર કે મદદગાર બનાવવાની મનાઈ કરવામાં આવી.

**૧૭૩ :** કાફિરો સાથે મિત્રતા અને મહોબ્બત રાખવી હરામ છે. તેઓને ભેદી વાત કહેવી, તેઓની સાથે સંબંધો રાખવા જાઈઝ નથી, હા ! જો જાન–માલના નુકસાનનો ડર હોય તો એવા સમયે ફક્ત ઉપલકીઓ સંબંધ રાખવો જાઈઝ છે.

**૧૭૪ :** એટલે કે કયામતના દિવસે દરેકને પોતાના આમાલનો બદલો મળશે, અને એમાં કાંઈ ઉણપ તેમજ ઢીલ કરવામાં નહીં આવે.

**૧૭૫ :** એટલે કે જો મેં આ બુરૂં કામ ન કર્યું હોત તો સારૂ થાત.

**૧૭૬ :** આ આયતથી સાબિત થયું કે અલ્લાહ સાથે મહોબ્બત કરવાનો દાવો ત્યારે જ સાચો ઠરી શકે છે જ્યારે કે દાવો કરનાર હુઝૂર ﷺનો તાબેદાર હોય, અને હુઝૂરની ફર્માબરદારી કરતો હોય.

**શાને નુઝૂલ :** હઝરત ઈબ્ને અબ્બાસ رضی اللہ عنہથી રિવાયત છે કે હુઝૂર ﷺ કુરૈશીઓ પાસે આવ્યા જેઓ કા'બા શરીફમાં તેઓએ મૂકેલી મૂર્તિઓને શણગારીને તેમના સામે સિજદા કરી રહ્યા હતા. હુઝૂરે ફર્માવ્યું, હે કુરૈશીઓ ! ખુદાની કસમ ! તમે પોતાના પૂર્વજો હઝરત ઈબ્રાહીમ અને હઝરત ઈસ્માઈલ علیہ السلامના ધર્મથી ફરી ગયા. પેલાઓએ જવાબ આપ્યો કે અમે તો આ મૂર્તિઓને ખુદાની મહોબ્બત ખાતર પૂજીએ છીએ કે જેથી તેઓ અમને ખુદાની નિકટ કરી આપે. ત્યારે આ આયત ઉતરી અને ફર્માવવામાં આવ્યું કે **અલ્લાહની મહોબ્બતનો દાવો સય્યદે આલમ ﷺની તાબેદારી અને ફર્માબરદારી વગર સ્વીકાર્ય નથી.** જે આ દાવો પુરવાર કરવા ઈચ્છતો હોય તે હુઝૂરની ગુલામી કરે અને હુઝૂરે તો મૂર્તિપૂજાની મનાઈ કરી છે, તો મૂર્તિપૂજા કરનાર હુઝૂરનો નાફર્માન અને અલ્લાહ સાથે મહોબ્બત હોવાના દાવામાં જૂઠો છે.

**૧૭૭ :** અને એ જ અલ્લાહ સાથે મહોબ્બત ધરાવવાની નિશાની છે ! અલ્લાહ તઆલાની તાબેદારી રસૂલની તાબેદારી વગર થઈ શકતી નથી. બુખારી અને મુસ્લિમમાં હુઝૂર ﷺનું ફર્માન છે કે જેણે મારી નાફર્માની કરી તેણે અલ્લાહની નાફર્માની કરી.

**૧૭૮ :** યહૂદીઓએ કહ્યું હતું કે અમે હઝરત ઈબ્રાહીમ, હઝરત ઈસ્હાક અને હઝરત યાકૂબ علیہ السلامના વંશમાં છીએ અને તેઓના ધર્મ પર જ છીએ, ત્યારે આ આયત ઉતરી અને બતાવી દેવામાં આવ્યું કે આ સાહબોને તો અલ્લાહ પાકે ઈસ્લામની દૌલત આપીને ચૂંટી લીધા હતા, અને તમે હે યહૂદીઓ ! ઈસ્લામથી વિમુખ છો, તો તમારો એ દાવો ખોટો છે.

**૧૭૯ :** એમનામાં અંદરો અંદર લોહીની સગાઈ પણ છે, અને એ લોકો એક બીજાના સહાયકો પણ છે.

**ઈન્તેક઼ાલ પુરમલાલ !**

**દયાદરા :** ખાતે યૂસુફ અહમદ કોઠીવાલા (બોરડીવાલા)નો ૬૫ વરસની વયે તા. ૧૯–૮–૨૦૧૭, ૨૬ ઝિલ કઅદ, હિ.સ. ૧૪૩૮, શનિવારના રોજ ઈન્તેકાલ થયો છે. તેમજ મૂસા સુલેમાન લશ્કરીનો તા. ૧–૯–૨૦૧૭, ૯ ઝિલ હજ્જ, હિ.સ. ૧૪૩૮, જુમ્આના રોજ ઈન્તેકાલ થયો છે.

**સરનાર :** ખાતે તા. ૧૪–૯–૨૦૧૭, ૨૨–ઝિલ હજ્જ હિ. ૧૪૩૮, જુમેરાતે હાફેઝ મેહબૂબ સરનારવીના ભાઈ ઈસ્હાક હસન વલી લગભગ ૫૪ વરસની વયે હાર્ટની તકલીફના કારણે અચાનક ઈન્તેકાલ કરી ગયા.રબ્બે કરીમ તેના પ્યારા મહબૂબ ﷺના સદકામાં સર્વ મર્હૂમોની કરવટ કરવટ મગફેરત ફર્માવે, જન્નતમાં આ'લા મકામ અતા કરે, કુટુંબીજનોને, સ્નહીઓને, ચાહકોને સબ્રે જમીલ અતા કરે. (આમીન) *–તંત્રી*

# દર્સે હદીષે પાક

## મિર્અતુલ્ મનાજીહ તર્જુમએ મિશ્કાતુલ મસાબીહ
## એટલે મિર્આત (ઉર્દૂ) શરહે મિશ્કાત

**અઝ** : હકીમુલ ઉમ્મત હઝરત મુફ્તી અહમદ યારખાં નઈમી અશરફી બદાયૂની عليه الرحمة والرضوان

**કાર્યાલય**

**હદીષ :** *હઝરત બુરીદા[1] رضی اللہ عنہ થી રિવાયત છે. ફર્માવે છે કે એક શખ્સે રસૂલુલ્લાહ ﷺ ને નમાઝના સમયો વિશે પૂછયું તો ફર્માવ્યું, તમે અમારી સાથે આ બે દિવસોમાં નમાઝ પઢો[2] તો જ્યારે સૂરજ ઢળી ગયો તો હઝરત બિલાલને હુકમ આપ્યો અને તેમણે અઝાન કહી. પછી હુકમ આપ્યો તો તેમણે ઝોહરની તકબીર કહી[3] પછી તેમને હુકમ આપ્યો તો અસરની તકબીર કહી જ્યારે કે સૂરજ ઊંચો સફેદ સાફ હતો[4] પછી એમને હુકમ આપ્યો તો મગરિબની તકબીર કહી[5] પછી જ્યારે સૂર્ય છુપાય ગયો તો તેમને હુકમ આપ્યો તો ઈશાની તકબીર કહી જ્યારે શફક઼ (વાદળની સફેદી) ગાયબ થઈ. ફરી તેમને હુકમ આપ્યો તો ફજરની તકબીર કહી કે સવાર ચમકી. પછી જ્યારે બીજો દિવસ થયો તો તેમને હુકમ આપ્યો કે ઝોહરને ઠંડી કરો, બલ્કે તેને ખૂબ ઠંડો કર્યો[6]. અને અસ્ર ત્યારે પઢી જ્યારે સૂર્ય ઊંચે હતો. એના કરતાં વધુ વાર લગાડી જે કાલે હતો[7]. અને મગરિબ પઢી શફક઼ ગાયબ થતા પહેલાં[8]. અને ઈશા પઢી ૧/૩ (ત્રીજા ભાગની) રાત પસાર થયા પછી અને ફજર પઢી ખૂબ ઉજાસ થતાં. પછી ફર્માવ્યું, ક્યાં છે નમાઝના સમયો પૂછનાર ?! તે શખ્સ બોલ્યો, હું છું ! યા રસૂલલ્લાહ ! ﷺ તો ફર્માવ્યું કે તમારા નમાઝના સમયો આની દરમ્યાન છે જે જે તમે જોયા[9]. (મુસ્લિમ)*

## સમજૂતી :

**૧.** આપનું નામ બુરીદા ઈબ્ને હુસૈબ છે. બની અસ્લમ કબીલાથી છે. બદર સિવાય તમામ ગઝવાતમાં હુઝૂર ﷺ ની સાથે રહ્યા. ખુરાસાનમાં ગાઝીની શાનથી ગયા. મર્દમાં વફાત પામ્યા. ત્યાં જ આપની ઔલાદ હજી સુધી છે. *(મિર્કાત)*

**૨.** જેથી તમને દરેક નમાઝના સમયની શરૂઆત તથા અંત માલૂમ થઈ જાય. જાણવા મળ્યું કે અમલી તબ્લીગ કૌલી (મૌખિક) તબ્લીગ કરતાં અધિક ફાયદાકારક છે. લગભગ આ સાહબ ક્યાંક બહારના હશે, નહીં તો સહાબાએ કિરામ તો દરેક નમાઝ હુઝૂરે અન્વર ﷺ ની સાથે જ પઢયા કરતા હતા.

**૩.** એટલે કે સૂરજ ઢળતાં જ વિના વિલંબે અઝાન કહેવડાવી અને પછી સુન્નતોનો સમય આપીને તકબીરનો હુકમ આપ્યો. જેથી આ હદીષથી એ લાઝિમ નથી થતું કે અઝાન પછી તરત તકબીર થઈ. મગરિબ સિવાય બાકીની તમામ નમાઝોમાં અઝાન તથા તકબીરમાં અંતર હોવું જોઈએ. એટલા માટે અહીં "ષુમ્મ" ફર્માવવામાં આવ્યું. જાણવા મળ્યું કે તકબીર અઝાનની થોડીવાર પછી થઈ.

**૪.** એટલે કે અસરનો સમય આવતાં જ અસરની અઝાન કહેવડાવી બમણો સાયો થવા પર, જેવું કે આગલા પ્રકરણમાં ઈન્શા અલ્લાહ વર્ણન કરવામાં

વધુ પેજ 45 પર..

# હદાઈકે બખ્શિશ

અઝ : આ'લા હઝરત
**ઈમામ અહમદ રઝા મુહદ્દિષે બરેલ્વી** رحمۃ اللہ علیہ
:: શરહકર્તા ::
**મૌલાના ગુલામહસન ક઼ાદરી (લાહોર)**
:: અનુવાદક તથા સંપાદક ::
**પટેલ શબ્બીર અલી રઝવી**

### રાહ પુર ખાર હૈ ક્યા હોના હૈ–પાઉં અફગાર હૈ ક્યા હોના હૈ

*(પુરખાર = કાંટાળો, અફગાર = ઝખ્મી)*

**અર્થાત :** દુનિયાનો સફર કાંટાઓથી ભરેલો છે (મજબૂરીઓ, વિરોધીઓ, ગફલતો, માલ તથા ઔલાદની આજમાઈશો વગેરે) અને એના પર અધિક્તર મુસીબત એ છે કે પગો પણ ઝખ્મી છે. (ડગલે ને પગલે રુકાવટો છે) ખબર નહીં આ સફર કેવી રીતે પાર પડશે !

ક઼બ્ર, હશ્ર, હિસાબો કિતાબની મંઝિલો છે, ખુદા ન કરે જો નિષ્ફળતા થઈ તો જહન્નમ ભડકી રહેલ છે. સખત સાવધાનીની જરૂરત છે, મોટા મોટા ફસકી પડયા. કેવળ ઈલ્મ જો બચાવી શકતો હોત તો واضله الله على علم ન ફર્માવવામાં આવત. અને જો કેવળ ઈબાદત બચાવી શકતી હોત તો શૈતાન મરદૂદ ન થાત. તો પછી આ સફર કેવી રીતે પાર પડે ?! જરૂરી છે કે ઈલ્મ તથા ઈબાદતની સાથે કોઈ વલીએ કામિલનો દામન હાથમાં હોય. કેમ કે કામિલ મુર્શિદના વિના દુનિયાના આ સફરમાં તબાહીઓ જ તબાહીઓ છે અને અવલિયાએ કિરામની સોહબતમાં બરકતો જ બરકતો છે.

### ખુશ્ક હૈ ખૂં કે દુશ્મને ઝાલિમ–સખ્ત ખૂંખાર હૈ ક્યા હોના હૈ

*(ખુશ્ક હૈ ખૂં = મુહાવરા રૂપે એટલે સખત ખૌફ, ખૂંખાર = લોહી પીનાર)*

**અર્થાત :** સખત ડર છવાયેલો છે જેનાથી લોહી સૂકાય રહ્યું છે, કેમ કે મહાન જાલિમ દુશ્મન (નફ્સ તથા શૈતાન)થી વાસ્તો પડી ગયો છે. અલ્લાહ જ જાણે છે કે શું થશે ? *વહી હોગા જો મંઝૂરે ખુદા હોગા !*

ઈમામ અબૂ જઅફર કુર્તબી رحمۃ اللہ علیہના મૃત્યુનો સમય નજીક આવ્યો તો હાજરજનો કલમાની તલ્ક઼ીન કરતા અને આપ જવાબમાં "લા" (નહીં, ના) ફર્માવતા. થોડી રાહત થઈ તો લોકોએ બનાવ વર્ણવ્યો. આપે ફર્માવ્યું, હું તમને "લા" કહેતો ન હતો, બલ્કે મારી પાસે બે શૈતાન ઉભા હતા. એક કહેતો યહૂદી થઈને મરો, બીજા કહેતો ઈસાઈ થઈને મરો. એમને જવાબ દેતો હતો કે "લા" (નહીં ! હું તો મુસલમાન થઈને મરીશ). હદીષમાં છે કે શૈતાન મૃત્યુ સમયે આવીને આ પ્રમાણે કહે છે. *(તિર્મિઝી, નિસાઈ)*

### હમકો બદકર વહી કરના જિસસે–દોસ્ત બેઝાર હૈ ક્યા હોના હૈ

*(બદકર = જાણીબુઝીને, બેઝાર = નારાજ)*

**અર્થાત :** الانسان حريص فيما منع માણસને જેનાથી મના કરવામાં આવે એને કરવા માટે લાલચી બને છે, એ ચીજ એની તબીઅતમાં રાખી દેવામાં આવી છે. જ્યારે કે હદીષ શરીફમાં છે કે જન્નતને મકરૂહાતે(જે કામોથી

માણસની તબીઅત ઘૃણા અનુભવે જેમ કે ફર્માવવામાં આવ્યું : (كتب عليكم القتال وهو كره لكم) ઘેરી રાખેલ છે અને દોઝખને લોભ લાલચોથી ઘેરેલ છે. સામાન્ય માણસ તો બદ તથા બદી અને જાણીબુઝીને ગુનાહ જ કરે છે, જેનાથી અલ્લાહ તઆલા અને એના રસૂલ નારાજ થઈ જાય છે. જો એવું થયું તો ખુદા જાણે અમારી સાથે શું શું થવાનું છે.

*કર ઝમીંકે નીચે ભી જાનેકી ફિક્ર – રોશનીએ કૃબ્રકા સામાન કર*
*ઊંચે ઊંચે યાં તૂને બનવાએ મહલ – કામ જો કરને હૈં કર લે આજકલ*

**અર્થાત** : જ્યારે કે ફાની દુનિયાથી આખેરતની સફર તરફ પ્રથમ મંઝિલ પણ કૃબ્ર છે અને આખેરતનો દરવાજો પણ કૃબ્ર છે, જેને જોતાં જ હઝરત ઉષ્માન ગની رضی اللہ عنہ એટલુ રડતા કે દાઢી મુબારક આંસૂઓથી તર થઈ જતી, અને ફર્માવતા કે દુનિયાની અંતિમ તથા આખેરતની પહેલી મંઝિલ કૃબ્ર છે, જો એમાં કામયાબી થઈ તો બંનેવ જહાન કામયાબ !

*વો જો કિસ મંઝિલમેં ઔર તૂ કિસ મંઝિલ મેં હૈ–શર્મ સે ગિર જા અગર એહસાસ તેરે દિલમેં હૈ*

**તનકી અબ કૌન ખબર લે હૈ ! હૈ !–દિલકા આઝાર હૈ ક્યા હોના હૈ**

*(તન = શરીર, હૈ, હૈ ! = હાય ! અફસોસ !)*

**અર્થાત** : હવે શરીરની ફિકરને છોડ ! એની તો ખૈર છે, અમારું તો દિલ જ ખરાબ થઈ ગયું છે, જેના કારણે શરીરનું ખરાબ થવું તો લાઝમી બાબત હતું. હદીષ શરીફમાં છે કે દિલ જો ખરાબ થઈ જાય તો આખુ શરીર ખરાબ થઈ જાય છે. (મિશ્કાત શરીફ) જેથી હવે તો દિલની ખરાબી થઈ ગઈ છે, ખુદા જાણે હવે શું થશે ?!

**મીઠે શરબત દે મસીહા જબ ભી–ઝિદ હૈ ઈન્કાર હૈ ક્યા હોના હૈ**

*(મસીહા = ઈસા علیہ السلام નો લકૃબ, મુરાદ હુઝૂર صلی اللہ علیہ وسلم છે, ઝિદ = કીનો, વિરોધ)*

**અર્થાત** : હકીમે કાઈનાત, ઈમામુલ અંબિયા صلی اللہ علیہ وسلم પોતાના બીમારો (ઉમ્મતીઓ)ના માટે બેહતરીન શરબત (શરીઅતના હુકમો) અતા કરવા માટે પૂરી ખૈર ખ્વાહી ફર્માવી રહ્યા છે, પરંતું બીમાર છે કે પોતાની હઠ પર અડેલો છે અને તેમના દરેક ઈલાજ તથા દવાથી ઈન્કાર કરી રહ્યો છે. તો એવો બીમાર મરશે નહીં અને તેની બીમારી બગડશે નહીં તો બીજુ શું થશે, અને મરીને જહન્નમનું બળતણ જ બનશે. એવો ખૈર ખ્વાહ (શુભેચ્છક) કોણ હશે કે સર્વ અઝીઝ કૃબ્ર સુધી સાથે જાય અને આપણા આકૃા (صلی اللہ علیہ وسلم) કૃબ્રની અંદર તશરીફ લાવે !

**દિલ કે તીમાર હમારા કરતા–આપ બીમાર હૈ ક્યા હોના હૈ**

*(તીમાર = હમદર્દી, ઈલાજ, બીમારની સેવા ચાકરી)*

**અર્થાત** : અને દિલ કે જેમાં આખા શરીરની ખૈરખ્વાહીનો જઝબો હોય છે. અને જો કોઈ એક અંગને તકલીફ થાય તો તરત જ દિલ પરેશાન થઈ જાય. હવે જ્યારે કે તે પોતે જ ગુનાહ કરીને બીમાર થઈ ચૂક્યું છે તો તે આપણી તીમારદારી તથા ખૈરખ્વાહી શું ખાક કરશે ? અલ્લાહ જ જાણે છે આપણુ શું થશે ?!

**પર કટે તંગ કૃફસ ઔર બુલબુલ–નવ ગિરફતાર હૈ ક્યા હોના હૈ**

*(પર = પાંખ, કૃફસ = પાંજરુ, નવ ગિરફતાર = હમણાં જ પકડાયેલ)*

**અર્થાત** : વળી એ બુલબુલ જેની પાંખો કાપીને તેને ઉડવાથી લાચાર કરી દેવામાં આવ્યું હોય અને પછી તેને એવા પિંજરામાં બંધ કરી દેવામાં આવ્યું હોય જે અતિશય સાંકડુ છે, ન ઉડી શકે અને ન તો આઝાદ થઈ શકે. અને વળી તેને હજી હમણાં જ પકડીને કેદ કરવામાં આવ્યું હોય તો એ બુલબુલની પરેશાનીનો અંદાજો કોણ લગાડી શકે

છે ?! કબ્રમાં જઈને ખાસ કરીને પહેલી રાતે મુડદાની હાલત આનાથી વિરૂધ્ધની નથી હોતી.

તેમજ આપે એ પણ ફર્માવ્યું કે જ્યારે મુડદાને કબ્રમાં દફન કરે છે તો કબ્રથી અવાજ આવે છે કે, હે શખ્સ ! તું કેટલો ગાફેલ તથા બેખબર હતો કે તું મારા સીનાને ખૂબ ક્રૂરતાપૂર્વક કચડતો રહ્યો, જ્યારે કે તું જાણતો હતો કે તારી મંઝિલ હું છું અને હું રંજ તથા તકલીફની જગા છું, કીડીઓની પનાહગાહ છું. મારી અંદર અંધારુ જ અંધારુ છે, હું કફન ફાડી નાખુ છું, શરીરના સાંધે સાંધા અલગ કરી દઉં છું, લોહી ચૂસી લઉં છું, ગોશ્ત ખાય લઉં છું અને શરીરના ટુકડે ટુકડા કરી દઉં છું. પછી મરનારો આરઝૂ કરે છે :

*ઓ રાહ જાનેવાલે કુછ પળ્હકે બખ્શ જાના—અગર હો ખયાલ તુમકો ઈસ મેરી બેબસીકા*

**છુપકે લોગોંસે કિયે જિસકે ગુનાહ—વો ખબરદાર હૈ ક્યા હોના હૈ ?!**

**અર્થાત : તું તારા ખયાલના પ્રમાણે ઘણી જ સાવધાનીપૂર્વક છુપાઈ છુપાઈને ગુનાહ કર્યા કરતો હતો, ભલે લોકોના ડરથી જ ! પરંતું અફસોસ ! કે તું જાણતો હતો કે તે મારા દરેક છુપા તથા જાહેરને જાણે છે છતાં લોકોનો ડર હતો ખુદાનો ડર ન હતો !**

**અરે ! ઓ મુજરિમ બેપરવા દેખ—સર પે તલ્વાર હૈ ક્યા હોના હૈ !**

**અર્થાત :** અરે ! હે મુજરિમ ! તું કેવો મૂર્ખ છે ?! જોતો કેમ નથી, તારા માથા પર દરેક સમયે મૌતની તલ્વાર લટકી રહી છે અને તને કોઈ પરવા જ નથી ! હવે તમને માલૂમ થઈ ગયું હશે કે એવા મુજરિમની સાથે શું થશે ?!

**તેરે બીમાર કો મેરે ઈસા—ગશ લગાતાર હૈ ક્યા હોના હૈ**

*(ગશ = બેહોશી)*

**અર્થાત :** હે મારા ઈસા ! (એટલે ઈસાની મહબૂબ જાન ! ﷺ) આપનો બીમાર અંતિમ શ્વાસ લઈ રહ્યો છે, અને બેહોશીના દૌરા પડી રહ્યા છે. કરમ ફર્માવો અને આવા નાઝુક સંજોગોમાં મારી મદદ કરો ! તમે તો જાણો છો કે આગળ શું થવાનું છે.

*આયે જો ચમનમેં તેરે, સૈરે ગુલશન કર ચલે—સંભાલ માલી બાગ અપના, હમ તો અપને ઘર ચલે*

**એક બોધદાયક ખ્વાબ :** એક શખ્સને ખ્વાબ આવ્યો કે તે જંગલમાં જઈ રહ્યો છે. એવામાં તેની પાછળ સિંહ પડી ગયો. તે સિંહના ડરથી નાઠો તો રસ્તામાં એક કૂવો જોયો જેમાં રસ્સી લટકી રહી છે, તે સિંહના ડરથી રસ્સીને પકડીને કૂવામાં ઉતરી ગયો. જ્યારે અડધા કૂવા સુધી પહોંચ્યો અને નીચે જોયું તો એક અજગર મોઢુ ખોલીને બેઠો છે, તો તે વચ્ચે લટકી રહ્યો. ઉપર સિંહ નીચે અજગર અને બે ઉંદરો એક કાળા તથા એક સફેદ રસ્સી કાપવાનુ શરૂ કરી દીધું છે. એ જ હાલતમાં તેને કૂવામાં મધપૂડો દેખાયો તો તે સિંહ, અજગર, ઉંદરોને ભૂલીને મધને ખાવા લાગ્યો. એટલામાં ઉંદરોએ રસ્સી કાપી નાખી અને તે અજગરના મોઢામાં જતો રહ્યો. ડરના માર્યા તેની આંખ ખુલી ગઈ. તેણે તા'બીર માલૂમ કરી તો તેને બતાવવામાં આવ્યું કે જંગલ એ દુનિયા છે, સિંહ મૌતનો ફરિશ્તો, અજગર એ કબ્ર, ઉંદરો દિવસ તથા રાત, રસ્સી ઉમર છે જેને દિવસ રાત ખત્મ કરી રહેલ છે. મધ એ દુનિયાની મજા છે. હે ગાફેલ ! તું સૌને ભૂલીને દુનિયા પ્રાપ્તિમાં લાગી ગયો ! આ તને ખબરદાર કરવામાં આવ્યો છે કે હજી પણ સંભલી જા ! દુનિયાને છોડ અને દીનને હાંસલ કર કેમ કે મોત માથા પર ભમી રહી છે !

*ન કોઈ પેશ તલી, ન ઉઝ્ર ન ઈન્કાર હુવા—જબ બશર મૌત કે પંજેમે ગિરફતાર હુવા*
*કોઈ સાથી ન હુવા મરકે બજુઝ મેરે કફન—પહલી મંઝિલ સે હી હર એક જુદા યાર હુવા* *(ક્રમશઃ)*

## રાહતુલ કુલૂબ



# હશ્ત બહિશ્ત

## મલ્ફૂઝાતે ખ્વાજગાને ચિશ્ત

રહમતુલ્લાહિ તઆલા અલૈહિમ અજમઈન

મલ્ફૂઝાતે હઝરત ખ્વાજા ફરીદુદ્દીન ગંજ શકર رحمۃ اللہ علیہ

અનુવાદક : **પટેલ શબ્બીર અલી રઝવી** *–તંત્રી : બરકાતે ખ્વાજા (માસિક)*

ત્યારબાદ ફર્માવ્યું કે ઈશ્ક઼ તથા મહોબ્બતમાં ઠીક તે જ શખ્સ છે કે અલ્લાહ તઆલાના સિવાય તેને કોઈ ચીજ યાદ ન આવે.

### ★ તર્કે દુનિયા વિશે ★

૧૨ માહે ઝીક઼અદા, હિ.સ. ૬૫૫ હિજરીના રોજ ક઼દમબોસીનો શરીફ હાંસલ થયો અને મૌલાના બદરૂદ્દીન ગઝનવી, શયખ બદરૂદ્દીન હાંસવી તથા અઝીઝ ખિદમતમાં હાજર હતા. દુનિયાના ત્યાગની બુઝુર્ગીના બારામાં ચર્ચા ચાલી રહી હતી. ઝબાન મુબારકથી ફર્માવ્યું કે અલ્લાહ તઆલાએ જે દિવસથી દુનિયાને પેદા કરી છે તેને દુશ્મનીની દષ્ટિએ જુએ છે.

પછી ફર્માવ્યું કે અમીરુલ મો'મિનીન હઝરત અલી کرم اللہ وجہہ الکریم ફર્માવે છે કે હું બે ચીજોથી ઘણો ડરુ છું : એક ઘરવાળાંઓની અધિક્તા બીજુ નફ્સની ઈચ્છાઓના તાબે થવાથી. એટલા માટે કે નફ્સ બંદાને અલ્લાહની યાદથી દૂર રાખે છે અને લાંબો પરિવાર આખેરતને ભૂલાવી દે છે.

પછી ફર્માવ્યું કે ગઝનીમાં એક બુઝુર્ગ હતા. તેમને પૂછયું કે દુનિયા અમારી તરફ પીઠ કરે છે અને આખેરત ચહેરો કરે છે, એમાંથી કઈ ચીજ પસંદ કરવી જોઈએ ? ફર્માવ્યું કે આખેરતને ખૂબ જ યાદ કરો જેથી તમારા કામ આવે, જે આજે અહીં બનાવશો તે કાલે ત્યાં નહીં બનાવી શકો.

પછી ફર્માવ્યું કે ખ્વાજા અબ્દુલ્લાહ સહલ તસ્તરી رحمۃ اللہ علیہએ પોતાનો સઘળો માલ ખુદાની રાહમાં ખર્ચી નાખ્યો. ખાનદાન તથા અન્ય લોકોએ ટીકા કરી કે તેં જરૂરિયાત માટે પણ ન રાખ્યું ! ફર્માવ્યું, સંગ્રહ કરવાની શું જરૂરત છે ?!

પછી ફર્માવ્યું કે અસ્રારુલ આરિફીનમાં લખ્યું કે ખ્વાજા યહયા મઆઝ રાઝી رحمۃ اللہ علیہ ફર્માવે છે કે જયારે હિકમત આસ્માનથી નીચે ઉતરે છે તો તે દિલમાં સ્થાન નથી જમાવતી જેનામાં આ ચાર ખાસિયતો જોવા મળે છે : (૧) દુનિયાની લાલચ (૨) એ વાતની ફિકર કે કાલે શું કરીશું ? (૩) મુસલમાનોની સાથે દુશ્મની તથા હસદ (૪) મહાનતા તથા વાહ વાહની ચાહત. જો એ ચારેવમાંથી એક પણ હોય તો પણ ત્યાં સ્થાન નથી જમાવતી.

### ★ ઝુહદ વિશે ચર્ચા ★

પછી ફર્માવ્યું કે હું તથા ભાઈ બહાઉદ્દીન ઝકરીયા رحمۃ اللہ علیہ, એક જ જગ્યાએ હતા. ઝુહદના બારામાં ચર્ચા ચાલી રહી હતી. ફર્માવ્યું કે ઝુહદ તથા દરવેશી ત્રણ ચીજોનું નામ છે, જેમાં ત્રણ ચીજો છે તેનામાં ઝુહદ છે. તે એ છે કે પ્રથમ દુનિયાને ઓળખવું અને

તેનાથી અલિપ્ત રહેવું બીજી અલ્લાહ તઆલાના હુકમોનું પાલન કરવું અને તેનું ધ્યાન રાખવું. ત્રીજી આખેરતની આરઝૂ કરવી અને તેની તલબની કોશિશ કરવી.

ત્યાર બાદ ફર્માવ્યું કે આપણા ખ્વાજગાનમાંથી ખ્વાજા ફુઝૈલ અયાઝ رحمۃ اللہ علیہને એ વાત પહોંચી છે કે કયામતના દિવસે દુનિયાને સજાવવામાં આવશે અને તે મેદાનમાં ટહેલશે અને પોતાની ખૂબી તથા ઝીનત દેખાડશે અને કહેશે પરવરદિગાર ! મને તારા કોઈ બંદાના લાયક બનાવ. અને અવાજ આવશે કે હું તને પણ પસંદ નથી કરતો અને એને પણ નહીં જે તારી પયરવી કરે છે. પછી દુનિયાને નષ્ટ કરી દેવામાં આવશે. પછી મારી તરફ સંબોધન કરતાં ફર્માવ્યું કે દુનિયાને તર્ક કરી દે જેથી કયામતમાં તું દોઝખમાં ન જાય.

પછી ફર્માવ્યું કે મારી પાસે એટલા પ્રમાણમાં રકમો (નઝરાણા) આવે છે કે તેને ભેગી કરું તો ખજાનાઓ જમા થઈ જાય, પણ તેને રાહે ખુદામાં વાપરી નાખુ છું.

પછી ફર્માવ્યું કે ખ્વાજા મૌદૂદ ચિશ્તી قُدِّسَ سِرَّہُ الْعَزِیْز શરહે અવલિયામાં લખે છે કે તમારી ખરાબીઓને એક મકાનમાં એકત્ર કરી દેવામાં આવે તો તેની ચાવી દુનિયા છે. જે દાના છે તે એ ઘર તથા ચાવીની પરવા નથી કરતો, કેમ કે સર્વ બુરાઈઓ દુનિયાથી પેદા થાય છે. ત્યાર બાદ ઈમામ ઝાહિદ رحمۃ اللہ علیہની તફસીર પાસે પડી હતી તેમાંથી રિવાયત જોયી કે, نجی المخففون وهلك المثقلون "હલકા બોજવાળા નજાત પામી જશે અને ભારે બોજવાળા બર્બાદ થશે."

## ★ અલ્લાહની બુઝુર્ગી વિશે ★

ત્યાર બાદ અલ્લાહ તઆલાની બુઝુર્ગીના બારામાં વાત શરૂ થઈ. ફર્માવ્યું કે હક્ક તઆલા સૌથી મહાન છે. પછી જ્યારે આ વાત છે તો લોકો શા માટે પોતે પોતાને આવી નેઅમતથી મેહરૂમ રાખે છે, અને શા માટે પોતાનું જીવન તેના ઝિક્ર તથા ફિક્રમાં ખર્ચી નથી કાઢતા.

ત્યાર બાદ ફર્માવ્યું કે અલ્લાહ તઆલાના એવા બંદાઓ પણ છે કે દોસ્તનું નામ સાંભળતાં જ પોતાની જાન તથા માલ ફિદા કરી આપે છે. જેમ કે અસ્રારે તાબઈનમાં આવ્યું છે કે એકવાર એક દરવેશ ૬૦ વરસો સુધી જંગલમાં આલમે તફક્કુરમાં રહ્યો. અચાનક ગયબથી અવાજ આવ્યો, "યા અલ્લાહ !" દરવેશે જ્યારે નામ મુબારક સાંભળ્યું તો નારો મારીને ગબડી પડયો. જ્યારે જોયું તો જાણવા મળ્યું કે જાન ખુદાના હવાલે કરી છે.

## ★ યાદે ઈલાહીથી ગાફેલ મુર્દા છે ★

ત્યાર બાદ ફર્માવ્યું કે સુલૂકવાળાઓ દમભર પણ યાદે ઈલાહીથી ગાફેલ થઈ જાય તો તેઓ કહે છે અમે મુર્દા છીએ, જો અમે જીવંત હોત તો હક્કની યાદ અમારાથી ન છૂટતી.

પછી મોકાને અનુરૂપ ફર્માવ્યું કે એકવાર એક બુઝુર્ગ બગદાદમાં દરરોજ એક હજારવાર ઝિક્રે ઈલાહી કર્યા કરતા હતા. એક દિવસ ગેપ પડી ગઈ તો આલમે ગયબથી અવાજ આવ્યો કે, "ફલાણાનો પુત્ર ફલાણો નથી રહ્યો." જેથી સર્વ શહેરવાસીઓ એ અવાજ સાંભળીને તેમના ઘરે આવ્યા, જોયું કે તે તો સહી સલામત બેઠા છે. તો આશ્ચર્યમાં પડી ગયા અને માફી માગી. એ બુઝુર્ગે મુસ્કુરાઈને ફર્માવ્યું કે હકીકતમાં તમે સાચા છો, ખરેખર એવું જ સમજો જેવો કે અવાજ આવ્યો હતો. કેમ કે મારાથી મારા વઝીફામાં ગેપ પડી ગઈ છે એટલા માટે અવાજ આવ્યો કે ફલાણાનો પુત્ર ફલાણો નથી રહ્યો.

પછી ફર્માવ્યું કે ઝબાન પર અલ્લાહના ઝિક્રને રાખવો ઈમાનની નિશાની, નિફાકથી બેઝારી, શૈતાનથી હિફાઝત અને દોઝખની આગથી બચાવની સ્થિતિ છે.

ત્યાર બાદ ફર્માવ્યું કે સીવિસ્તાનમાં મેં એક બુઝુર્ગને જોયા જે આલમે સુક્રમાં ઝિક્ર સિવાય કોઈ વાત કરતા ન હતા. કેમ કે સઆદતે અબદી (હમેશાંની નેકબખ્તી) ઝિક્રમાં રાખવામાં આવેલી છે એટલા માટે માણસે રાત દિવસ ઉઠતાં બેસતાં, સૂતાં જાગતાં, પાકીની કે નાપાકીની હાલતમાં યાદે ઈલાહીથી ગાફેલ રહેવું જોઈએ નહીં, સિવાય કે જાજરૂ પેશાબ કરે (ત્યારે નહીં).

## ★ દાઢી અને તંગદસ્તીથી નજાત ! ★

ત્યાર બાદ ફર્માવ્યું કે એક બુઝુર્ગ એવો પણ હતો કે જો કોઈને હદીષમાં મુશ્કેલી ઉભી થતી તો હલ કરી આપતા. એક દિવસ દાઢીના બારામાં ચર્ચા શરૂ થઈ તો ફર્માવ્યું કે દાઢીને કાંસકી કરવી સુન્નતે નબવી છે તેમજ અન્ય પયગંબરોની પણ સુન્ન્ત છે. **જે શખ્સ રાતના સમયે દાઢીને કાંસકી કરે છે તેને અલ્લાહ તઆલા કદી મુફલિસી નથી આપતો. અને એની દાઢીમાં જેટલા વાળ હોય છે દરેક વાળના બદલામાં હજાર ગુલામ આઝાદ કરવાનો સવાબ એના આમાલનામામાં લખવામાં આવે છે અને એટલા જ પ્રમાણમાં ગુનાહો માફ કરવામાં આવે છે. જે સવાબ દાઢીમાં કાંસકી કરવામાં છે એ જો લોકોને માલૂમ થઈ જાય તો અન્ય તમામ (નફ્લી) ઈબાદતો છોડીને એનામાં મશગૂલ થઈ જાય !**

## ★ એક કાંસકીનો ઉપયોગ બીજા ન કરે ★

**પછી ફર્માવ્યું કે એક જ કાંસકો બે વ્યક્તિઓએ ઉપયોગમાં લેવો જોઈએ નહીં, કેમ કે એનાથી જુદાઈ પડે છે.**

પછી ફર્માવ્યું કે એકવાર પયગંબરે ખુદા ﷺના જમાનામાં એક સ્ત્રીએ બે જોડીયાં બાળકો જણ્યાં જે આપસમાં જોડાયેલાં હતાં. આં હઝરત ﷺની ખિદમતમાં અર્ઝ કરવામાં આવી તો વિચારમાં પડી ગયા. જિબ્રઈલ علیہ السلامએ પૈગામ આપ્યો કે એક જ કાંસકીને બંનેવના માટે ઉપયોગ કરો, ઈન્શાઅલ્લાહ ! અલગ પડી જશે. ફર્માવ્યું, જઈને એ જ પ્રમાણે કરો. થોડા દિવસો બાદ એકબીજાથી જુદાં પડી ગયાં.

ત્યાર બાદ નમાઝ બાજમાઅતના બારામાં ચર્ચા શરૂ થઈ. એના બારામાં ખૂબ જ અતિશયોક્તિ કરી. ફર્માવ્યું, જો બે માણસો પણ ભેગા થાય તો નમાઝ બાજમાઅત અદા કરવી જોઈએ, જો કે બે માણસોથી જમાઅત તો નથી થતી પરંતુ જમાઅતનો સવાબ મળી જાય છે. જો કેવળ બે હોય તો એક જ સફમાં ઉભા રહેવું જોઈએ.

## ★ ઝિક્રે ઈલાહીની બરકતો ★

ત્યાર બાદ ફર્માવ્યું કે એકવાર હું લાહોર જઈ રહ્યો હતો એવામાં એક બુઝુર્ગ સાહિબે નેઅમતને જોયા. જ્યારે મુલાકાત થઈ તો મને સંબોધીને ફર્માવ્યું કે લોકોને ઝિક્રે ઈલાહી છ વાતોથી હાંસલ થાય છે : એક, એવી હાલતે પહોંચી જાય કે અલ્લાહ તઆલાને એ ખયાલ કરે કે તે દિલને જોઈ રહ્યો છે. બીજુ કે અલ્લાહ તઆલા તેને ગુનાહોથી દૂર રાખે છે. જે શખ્સ ઝિક્રના વખતે ગુનાહોની ફિક્રમાં રહ્યો સમજો કે અલ્લાહ તઆલા તેને દૂર ફેંકે છે. ત્રીજુ એ કે ઝિક્રે ઈલાહીની કષરત (ખૂબ જ) કરે, અને અલ્લાહ તઆલાની દોસ્તીને દિલમાં મજબૂત કરે. ચોથુ એ કે જ્યારે કોઈ શખ્સ અલ્લાહ તઆલાને દિલમાં યાદ કરે છે તો તે તેને દોસ્ત બનાવી લે છે. પાંચમું એ કે જે ઝિક્રે ઈલાહી કષરતથી કરે છે તે દેવ પરીના શિર્કથી મહેફૂઝ રહે છે. છટ્ઠુ એ કબ્રમાં અલ્લાહ તઆલા તેનો દોસ્ત (આરામ આપનાર) હોય છે. *.......(ક્રમશઃ)*

## દરેક મુસ્લિમે જાણવો જરૂરી ઈલ્મ



# કાનૂને શરીઅત

**લેખક** : **અલ્લામા શમ્સુદ્દીન જોનપૂરી** رحمۃ اللہ علیہ
**અનુવાદક** : **જનાબ ઈબ્રાહીમ માસ્તર વેમી ઝંઘારવી**

## કાફિરનો નિકાહ

જે પ્રકારના નિકાહ મુસલમાનોમાં જાઈઝ છે એ રીતે જો કાફિર નિકાહ કરે તો તેના પ્રકાર પણ સહીહ છે. પરંતુ એવા પ્રકારના પણ નિકાહ છે કે મુસલમાન માટે નાજાઈઝ અને કાફિર કરે તો થઈ જાય. એનો પ્રકાર એ છે કે નિકાહની કોઈ શરત છૂટી ગઈ હોય (જેમ કે ગવાહ વગર નિકાહ થયા હોય, અથવા ઓરત કાફિરની ઈદ્દતમાં હતી અને તેની સાથે નિકાહ કરવામાં આવ્યા) પરંતુ શર્ત એ છે કે કાફિરો એવા નિકાહને જાઈઝ હોવા બાબત માનવાવાળા હોય. આવા પ્રકારના નિકાહ પછી જો બન્ને મુસલમાન થઈ ગયાં તો એ પ્રથમ નિકાહને બાકી રાખવામાં આવશે (માન્ય રખાશે). નવા નિકાહ કરવાની જરૂરત નથી. એ બાબતમાં જો કાઝી સમક્ષ મુકદ્દમો દાખલ કરવામાં આવશે તો કાઝી એમને છૂટાં કરશે નહીં. *(દુર્રે મુખ્તાર, બહાર વગેરે)*

**મસ્અલા** : કાફિરે **મહારિમ** સાથે નિકાહ કર્યો, જો એવા નિકાહ તે લોકોમાં જાઈઝ હોય તો નિકાહની વસ્તુઓ (ચીજો) ભરણ પોષણ વગેરે સાબિત થઈ જશે, પરંતુ એકબીજાના વારસદાર બની શકશે નહીં. જો બંને ઈસ્લામ લાવ્યાં તો એકને છૂટી કરી દેવામાં આવશે. જો આ બાબતનો મુકદ્દમો કાઝી કે અન્ય કોઈ મુસલમાન સમક્ષ રજૂ કરવામાં આવ્યો તો બંને અલગ કરી દેવામાં આવશે. જો બન્નેમાંથી એકે રજૂ કર્યો હશે તો અલગ કરવામાં નહીં આવે.

*(હિંદિયા, બહાર વગેરે)*

**મસ્અલા** : યહૂદી અને નસરાની સિવાયના અન્ય કોઈ (જાતિના) કાફિર પતિ પત્ની હતાં એમાંથી એક મુસલમાન બની જાય તો કાઝી બીજા સમક્ષ ઈસ્લામ પેશ કરશે (મુસલમાન બનવા કહેશે), જો તે પણ મુસલમાન થઈ જાય તો બીજા નિકાહ કરવાની જરૂરત નથી, પ્રથમ નિકાહ માન્ય રહેશે. અને જો મુસલમાન બનવાથી ઈન્કાર કરશે અથવા ખામોશ રહેશે તો કાઝી બંનેને અલગ કરી દેશે. ખામોશીની હાલતમાં એહતેયાત એ વાતનો રહેશે કે કાઝી ઈસ્લામમાં દાખલ થવા માટે ત્રણ વખત રજૂઆત કરશે. એ રીતે જો કિતાબી (યહૂદી કે ઈસાઈ)ની ઓરત મુસલમાન બની ગઈ તો મર્દ સમક્ષ ઈસ્લામ પેશ કરવામાં આવે, જો ઈસ્લામ કબૂલ ન કરે તો અલગ કરી દેવામાં આવે. જો બંને કિતાબી છે અને મર્દ મુસલમાન થઈ ગયો તો ઓરત રિવાજ પ્રમાણે એની પત્ની ગણાશે.

*(હિદાયા, બહાર વગેરે)*

**મસ્અલા** : કોઈ ઓરત હિજરત કરીને ઈસ્લામી સલ્તનતમાં મુસલમાન બનીને આવી અથવા ઝિમ્મી બનીને આવી અથવા તો અહીં આવ્યા બાદ મુસલમાન બની અથવા ઝિમ્મી બની તો તે સમયે જો ઓરત હામેલા (ગર્ભવતી) ન હોય તો તાત્કાલિક નિકાહ કરી શકે છે અને જો ગર્ભવતી હોય તો પ્રસુતિ બાદ (નિકાહ કરી શકે છે) પરંતુ એ પ્રસુતિ એના માટે ઈદ્દત નથી.

*(દુર્રે મુખ્તાર, બહાર)*

**મસ્અલા** : પતિ પત્ની બન્નેમાંથી કોઈ મુર્તદ થઈ જાય તો તુરત નિકાહ તૂટી જશે. એ નિકાહ રદ થયેલા ગણાશે (તલાક ગણાશે નહીં.) જો ઓરત

**મૌતુઆ** હોય તો પૂરેપૂરી મહેર લઈ શકે છે. જો **ગૈર મૌતુઆ** હોય અને ઓરત મુર્તદ થઈ જાય તો એને કંઈ પણ મળશે નહીં અને જો શોહર (પતિ) મુર્તદ થઈ ગયો તો અડધી મહેર લઈ શકે છે. જો ઓરત મુર્તદ થયા પછી ઈદ્દતના સમયગાળામાં મરી ગઈ અને મર્દ મુસલમાન થયો તો વારસો મેળવી શકશે. *(દુર્રે મુખ્તાર, બહાર)*

**મસ્અલા** : બંને (મર્દ ઔરત) એક સાથે મુર્તદ બન્યાં પછી (એક સાથે) મુસલમાન થયાં તો પહેલા નિકાહ બાકી રહેશે અને જો બેમાંથી એક પ્રથમ મુસલમાન બને અને પછીથી બીજો (મુસલમાન) બને તો નિકાહ જતો રહેશે (તૂટી જશે) અને જો એ વાતની ખબર ન હોય કે પ્રથમ કોણ મુર્તદ બન્યું તો બન્ને એકસાથે જ મુર્તદ થયાં છે એમ સમજવામાં આવશે. *(હિંદિયા, બહાર)*

**મસ્અલા** : ઓરત મુર્તદ થઈ જાય તો એને ઈસ્લામ લાવવા પર મજબૂર કરવામાં આવે અર્થાત એને કેદ કરવામાં આવે ત્યાં સુધી કે ઈસ્લામ કબૂલ કરે કે પછી મરી જાય અને ઈસ્લામ કબૂલ કર્યા પછી જ્યારે બીજા નિકાહ કરવામાં આવે તો મહેર ઘણી ઓછી રાખવી. *(દુર્રે મુખ્તાર, બહાર)*

**મસ્અલા** : ઓરત પોતે શોહરથી છૂટવાના ઈરાદે કે પછી બીજા નિકાહ થશે તો મહેર પણ વસૂલ કરીશ એ નિય્યતે કુફ્રી કલેમાત બોલી તો એવી હાલતમાં કાઝીને અધિકાર છે કે ઓછામાં ઓછી મહેર પર તે શોહરથી નિકાહ કરી દે ઓરત રાજી હોય કે ન હોય. ઓરતને એ અધિકાર નથી કે તે બીજાથી નિકાહ કરે. *(આલમગીરી, બહાર)*

**મસ્અલા** : બાળક પોતાના મા બાપ પૈકી એના તાબામાં રહેશે જેનો દીન બેહતર હશે. જેમ કે કોઈ મુસલમાન બન્યું તો ઔલાદ મુસલમાન છે. જો બાળક દારુલ હર્બમાં હોય અને એનો બાપ દારુલ ઈસ્લામમાં મુસલમાન બન્યો તો એવી હાલતમાં એના તાબામાં રહેશે નહીં. જો એક કિતાબી છે અને બીજો મજૂસી યા બૂતપરસ્ત (મૂર્તિપૂજક) છે તો બાળકને કિતાબી ગણવામાં આવશે. *(હિદાયા વગેરે)*

**મસ્અલા** : નશાની હાલતમાં જેની અક્કલ જતી રહી (બેહોશીમાં) એની ઝબાનથી કલ્મએ કુફ્ર નીકળ્યા તો ઓરત નિકાહની બહાર થશે નહીં, પરંતુ તો પણ નિકાહ ફરીથી પઢાવવામાં આવે.

*(હિંદિયા, બહાર)*

પેજ 25 નું ચાલુ..

જેથી તેમનો ભપકો કાયમ રહે છે. યાદ રાખશો! હુઝૂર નબી કરીમ ﷺનો ઈર્શાદ છે, જ્યાં સુધી હરામ કમાઈથી બનાવેલા લિબાસનો એક તાર પણ કોઈના શરીર પર રહેશે તેની ઈબાદત કદાપિ કબૂલ થશે નહીં!

હઝરત અબૂ હુરૈરહ્ رضی اللہ عنہથી રિવાયત થયેલ છે કે તાજદારે મદીના ﷺનું ફર્માને આલીશાન છે, લોકો પર એક એવો જમાનો આવશે કે માણસ પરવા પણ નહીં કરે કે એ ચીજને ક્યાંથી મેળવી છે, હલાલથી કે હરામથી. *(સહીહ બુખારી શરીફ)*

આહ ! ખરેખર હવે એ દૌર આવી ચૂક્યો છે. હલાલ તથા હરામની તમીઝ ઉઠી ચૂકી છે. ઈન્સાન માલની મહોબ્બતમાં આંધળો થઈ ચૂક્યો છે, તેને બસ માલ જોઈએ, તે કોઈ પણ રસ્તેથી આવે !

**કહાં કા હલાલ ઔર કહાંકા હરામ**
**જો સાહબ ખિલાએ વો ચટ કીજિએ !**

અલ્લાહ તઆલા આપણને સૌને હલાલ રોજી કમાવાની તથા ખાવાની તૌફીક્ અતા ફર્માવે. આમીન. ......*(ક્રમશઃ)*

# ગુનાહોનો ઈલાજ

:: લેખક ::

હકીમ મુહમ્મદ અસ્લમ શાહીન ક઼ાદરી

અનુવાદક :: મૌલાના મુફ્તી મુહમ્મદશાકિર પટેલ મિસ્બાહી (લેસ્ટર, યુ.કે.)

## ચોરી કરવાનો અંજામ

હુઝૂર સરકારે મદીના ﷺએ ફર્માવ્યું, જેણે કોઈનો થોડો સરખો માલ પણ ચોર્યો તો ક઼યામતના દિવસે તે માલને પોતાની ગરદનમાં આગના તોક઼ (હાર)ના રૂપમાં લટકાવીને આવશે. અને જેણે થોડો સરખો હરામ માલ ખાધો તો તેના પેટમાં આગ ભડકાવવામાં આવશે અને એનો એવો ભયંકર અવાજ હશે કે જે દિવસે સર્વ લોકો પોતાની ક઼બ્રોએથી ઉઠશે તેઓ એને સાંભળીને કાંપી ઉઠશે. વધુમાં ફર્માવ્યું કે નિઃશંક ! પુલસિરાત પર આગની બેડીઓ છે, જેણે હરામનો એક દિરહમ પણ લીધો તેના પગોમાં આગની બેડીઓ નાખવામાં આવશે જેનાથી પુલસિરાતથી પસાર થવું મુશ્કેલ થઈ જશે જ્યાં સુધી દિરહમનો માલિક એની નેકીઓમાંથી બદલો ન લઈ લે. પરંતુ જો એની પાસે નેકીઓ નહીં હોય તો ગુનાહોનો બોજ ઉઠાવવો પડશે. *(કુર્રતુલ ઓયૂન)*

તેમજ **જે શખ્સ ચોરનો માલ ખરીદે અને તે જાણતો હોય કે આ ચોરીનો માલ છે તો તે પણ આ ગુનાહમાં ભાગીદાર થઈ ગયો.** *(બયહક઼ી)*

પ્યારા દીની ભાઈઓ ! બહેનો ! હરામ ઝરીયાઓથી કમાએલા માલને ખાવો, પીવો, પહેરવો કે કોઈ અન્ય કામમાં વાપરવો હરામ તથા ગુનોહ છે. તેની સજા દુનિયામાં માલની કમી તથા બેઈજ્જતી અને બેબરકતી છે અને આખેરતમાં તેની સજા જહન્નમની ભડકતી આગનો અઝાબ છે.

યાદ રાખો ! હરામનો પ્રથમ કોળિયો પેટમાં જતો જ જમીન તથા આસ્માનના સર્વ ફરિશ્તાઓ એ બંદા પર લઅનત કરે છે. જો એ જ હાલતમાં એટલે કે તૌબા કર્યા વિના તે મૃત્યુ પામે તો તેનું ઠેકાણુ જહન્નમ હશે. *(મુકાશફતુલ કુલૂબ)*

### ★ હરામ કમાણીનાં કેટલાંક દ્દષ્ટાંતો ★

૦૧. કર્મચારીનું પોતાની ડયૂટી મહેનતથી તથા સમયસર અદા ન કરવું, મોડા આવવું, જલ્દી ચાલ્યા જવું, ડયૂટીના નિશ્ચિત સમયોમાં પોતાનું કોઈ અન્ય અંગત કામ કરવું, ડયૂટી બજાવવાથી આનાકાની કરવી, લાંચ લેવી, દુકાનદારોનું ચીજોમાં મિલાવટ કરવું, માપ તોલમાં કમી કરવું, સંગ્રહખોરી કરવી, જૂઠી ક઼સમો ખાઈને માલ વેચવો, સારો માલ બતાવીને હલકો માલ આપવો, તેમજ કોઈ માલ તથા ચીજમાં અયબ જાહેર ન કરવી.

૦૨. ધંધો કરતી વખતે નિય્યતમાં ખરાબી રાખવી, દાત. ડોકટરનું જાણી જોઈને એવી દવા આપવું કે બીમાર અધિક થોડાક દિવસ ઈલાજ હેઠળ રહે. વકીલનું જૂઠુ બોલીને અથવા જૂઠ બોલવાની પ્રેરણા આપીને સત્યને છુપાવવું અને જાણવા છતાં પણ કુસૂરવારને બચાવવો અને નિર્દોષને સજા અપાવવું. કોઈ કારીગરનું કોઈ ચીજ બનાવતી વખતે તેમાં કમજોર તથા રદ્દી તથા બેકાર મસાલો લગાડવો.

૦૩. ખેડૂતોએ બીજાની ફસલ ચોરવી કે સીનાજોરીથી કાપી લેવું, નાજાઈઝ રીતે

અન્યોનું પાણી કાપીને પોતાના ખેતરને પાવું, પોતાના પાલતુ જાતવરોને ચોરી છુપે અન્યોના ખેતરોમાં ચરાવવું. સારાંશ કે કોઈ શખ્સનું ઈમાનદારી તથા ખુલૂસથી કામ ન કરવું અને નિય્યતમાં ખોટ રાખવી એ એની કમાણીને હરામ બનાવી દે છે.

જેવી રીતે મણ જેટલા દૂધમાં પેશાબનાં અમુક ટીપાં નાખી દેવાથી સર્વ દૂધ નાપાક થઈ જાય છે અને કોઈ એને પીવા માટે તૈયાર નથી થતું, એ જ રીતે થોડી સરખી હરામ કમાઈ પણ જો હલાલ કમાઈમાં મળી જાય તો સર્વનો સત્યનાશ કરી આપે છે. એટલા માટે હરામ કમાઈ ચાહે એક પાઈ હોય કે સેંકડો રૂપિયા હોય સૌથી બચવું જરૂરી છે.

અફસોસ કે આજકાલ હલાલ રોજી કમાવી દુર્લભ તો નથી પણ મળવી કમ જરૂર છે. વિના જરૂરતે જૂઠુ બોલીને મઆઝલ્લાહ ! જૂઠી કસમો સુદ્ધાં ખાઈને પોતાનો માલ વેચે છે, માલની ખામી તથા કમી જો છે પણ તેને જાહેર નથી કરતા, બેધડક ભેળસેળ કરે છે, લાંચરૂશ્વત, વ્યાજ, ધોકો જે પણ ગુનાહનો સહારો લેવો પડે જરૂર લે છે અને માલ કમાય છે અને એ રીતે એમની રોજી હરામ થઈ જાય છે.

જેથી મહેરબાની કરીને પોતાના કમજોર શરીર પર દયા ખાવ અને તેને જહન્નમનું બળતણ બનવાથી બચાવો. જેણે પેદા કર્યા છે તે રોજી પણ અતા કરવાવાળો છે, અને જે કાંઈ મુકદરમાં છે તે મળીને જ રહેશે. હવે એ તમારા પર છે કે આપ એને કેવી રીતે હાંસલ કરો છો.

ચોરી કરનારાઓનો અઝાબ એ છે કે તેનો સાંધે સાંધો કાપવામાં આવશે, ફરી તેમને નવેસરથી શરીર આપવામાં આવશે અને સિત્તેર હજાર ફરિશ્તા તેમના સાંધા કાપવાના માટે છરીઓ હાથમાં લઈને તેમની તરફ આગળ વધશે. *(ગુન્યુત્તાલિબીન)*

## સંગ્રહખોરીનો અંજામ

સંગ્રહખોરીને ઈસ્લામમાં એહતેકાર કહેવામાં આવે છે. એનો શાબ્દિક અર્થ જુલ્મ છે પરંતુ શરીઅતની ઈસ્તેલાહ (બોલી)માં સંગ્રહખોરી થાય છે કે **કોઈ ઉપયોગમાં આવતી ચીજના વેચાણને એ હેતુથી રોકી લેવામાં આવે કે તે મોંઘી થઈ જાય અને જ્યારે તેની અછત થઈ જાય તો મોં માગ્યા ભાવે વેચવામાં આવે. કેમ કે લોકોને તેની સખત જરૂરત હોય છે જેથી તેઓ લાચાર થઈને મોંઘી કિંમતે ખરીદવા તૈયાર થઈ જાય છે.** શરીઅતમાં આ જાઈઝ નથી, બલ્કે **એવું કરવું હરામ** તથા **ગુનોહ** છે. પરંતુ એ યાદ રાખશો કે વેચાણના હેતુથી જમા કરેલા સ્ટોકને એહતેકાર (સંગ્રહખોરી) નથી કહેવામાં આવતો. (કે જે સ્ટોક હોય તે ગ્રાહક આવે એટલે તેને વેચતો જ હોય છે.)

હઝરત ઈબ્ને ઉમર رضی اللہ عنہથી રિવાયત છે કે રસૂલુલ્લાહ ﷺએ ફર્માવ્યું કે જે શખ્સ ચાલીસ દિવસ અનાજનો સંગ્રહ કરે છે (વેચતો નથી) અને તેના મોંઘા થવાની રાહ જુએ છે તે શખ્સ અલ્લાહ عزوجلથી દૂર અને તેની નારાઝગીમાં છે.

આ હદીષમાં એ વાતની સ્પષ્ટતા છે કે સંગ્રહખોરી તે છે જેમાં ભાવોના ચઢવાનો હેતુ હોય છે કે ચીજની અછતથી ફાયદો ઉઠાવીને વધુથી વધુ નફો કમાવાની નિય્યત હોય. અને જે શખ્સ આ નિય્યતથી સંગ્રહખોરી કરે તે સંગ્રહખોર ગણાશે અને સંગ્રહખોર અલ્લાહ عزوجلની રહ્‌મતથી દૂર થઈ જાય છે.

હઝરત ઉમર رضی اللہ عنہ રસૂલુલ્લાહ ﷺથી વર્ણવે છે કે અનાજ લાવનાર રોજી પામશે અને "સંગ્રહખોર" મલ્ઊન છે.

આ હદીષમાં બતાવવામાં આવ્યું કે જો વેપારી નેક નિયતથી વેપાર કરે તો રોજીમાં વધારો થતો

જાય છે અને જો તે સંગ્રહખોરી કરનાર હોય તો એના પર ખુદાની લઅનત પડે છે. અને તે આખેરતમાં સજાનો મુસ્તહિક થશે.

એક હદીષે પાકના પ્રમાણે સંગ્રહખોરી કરનારને કોઢ (રક્તપિત્ત) તથા મુફલિસીમાં સપડાવી દેવામાં આવે છે.

હઝરત મઆઝ رضی اللہ عنہથી રિવાયત છે કે મેં તાજદારે રિસાલત صلی اللہ علیہ وسلمથી સાંભળ્યું, સંગ્રહખોર બંદો બુરો છે, જો અલ્લાહ عزوجل ભાવ સસ્તો કરી આપે તો તે ગમગીન થઈ જાય છે અને મોંઘો કરી આપે તો ખુશ થઈ જાય છે.'' આ હદીષમાં સંગ્રહખોરી કરવાનો મિઝાજ વર્ણન કરવામાં આવ્યો છે કે **સંગ્રહખોર મોંઘવારીથી ખુશ થાય છે અને ભાવ ઉતરતાં ગમગીન થઈ જાય છે.** જો અલ્લાહ عزوجل પર મજબૂત ઈમાન એ કક્ષા સુધીનું હોય કે નફો નુકસાન તો અલ્લાહ عزوجلના હાથમાં છે તો પછી માણસ દરેક હાલતમાં અલ્લાહ عزوجل પર રાજી રહે છે. સારાંશ કે સંગ્રહખોરી હરામ છે, પરંતુ તેમ છતાં વેપારીઓ આ હરકતથી દૂર નથી થતા અને ચીજોનો સંગ્રહ કરીને અછતની રાહ જુએ છે અને મોકો જોઈને મોં માગી કિંમત વસૂલ કરે છે. એવા હઝરાતે આ કાર્યથી તૌબા કરી લેવી જોઈએ કે ક્યાંક એવું ન બને કે આ માલની મસ્તી જહન્નમમાં ઝોંકી દે.

## લોકો હરામ શા માટે ખાય છે

આજકાલ જ્યારે પશ્ચિમી કલ્ચરની ચમકદમકથી લોકોની આંખો અંજાય ગઈ છે અને બીજી દુનિયાથી એમનું ઈમાન ઉઠી ગયું છે તે કેવળ ભૌતિક સાધનોની ભરમાર અને એશો આરામને જ જિંદગીનો હેતુ સમજી બેઠા છે. તેમને એવું મહેસૂસ થાય છે કે જાણે મૌત કદી આવશે નહીં અને આવશે તો તે આ મજા પછી માટીમાં મળી જશે અને કોઈ એમનાથી હિસાબો કિતાબ લેવાવાળો હશે નહીં. એટલા માટે તેઓ કયામત અને જઝા તથા સજા પર કદાચ દિલથી યકીન નથી રાખતા, જ્યારે કે જીભ વડે તેનો વારંવાર ઈકરાર કરે છે. સારાંશ કે તેઓ જિંદગીની દરેક પળ અને દરેક પૈસાને એશો ઈશરત (મોજ મજા)માં ખર્ચ કરવામાં એટલા ગુમ છે કે હરામ તથા હલાલની તમીઝ જ ઉઠી ગઈ છે.

શરાબ તથા ઝિના, રંગ રાગ તથા ખાવા પીવાની ફિકરમાં દિવસ રાત મસ્ત રહે છે. જાહેર છે કે જ્યારે આ હાલત થઈ જશે તો કારૂનના ખજાના પણ ખત્મ થઈ જશે. પણ મોજ મજા એશ કરવાના નિત નવા ઢંગ તથા નફસાની ખ્વાહિશાતને પૂર્ણ કરવાનો શોખ તથા ઉમંગ વધતો જ જશે. એમને એક કલ્પિત જિંદગીના માળખુ છે જેમાં બેંક બેલેન્સ, બંગલો, લાંબી કાર, બ્યૂટી ફૂલ વાઈફ સામેલ છે. આ ચીજો એમને બેચૈન રાખે છે અને એની પ્રાપ્તિ ખાતર તે મોટામાં મોટો જુલ્મ કરવાથી પણ ખચકાતા નથી, એમને રાતોરાત અમીર કબીર બની જવાની ધુન મોટી મોટી ચાલબાજીઓ કરવા પર મજબૂર કરી આપે છે. એ લોકોની ઈજ્જત તથા અઝમતનું માપદંડ કોઈની શરાફત તથા અખ્લાકી ઉચ્ચપણુ નથી, બલ્કે દોલત અને કેવળ દૌલત રહી ગયેલ છે. એટલા માટે દૌલતની પ્રાપ્તિ ખાતર દરેક જાઈઝ તથા નાજાઈઝ તરીકો અપનાવે છે. એમને તદન શરમ નથી આવતી, બલ્કે એ પોતાની કમાઈને કેવળ હલાલ સુધી સીમિત રાખતાં ખૂબ જ શર્મિંદા થાય છે. કેમ કે આ રીતે તેઓ પોતાની મોટી મોટી ખ્વાહિશોને પૂર્ણ નથી કરી શક્તા. સમાજમાં તેમની માલદારી તથા ઠાઠની ચર્ચા નથી થતી. એટલા માટે તેઓ લાંચ રિશ્વત લે છે, કાળાબજારનો ધંધો કરે છે, ધોકાબાજી તથા પ્રપંચની નિત નવી તરકીબો તદબીરો વિચારતા રહે છે અને જીવ ભરીને ફુઝૂલખર્ચી કરે છે, વધુ પેજ 22 પર..

# તઝકેરતુલ અવલિયા — હઝરત માલિક બિન દીનાર رحمۃ اللہ علیہ

## હાલાત તથા ખૂબીઓ

હપ્તો ૦૮

**અઝ** : *હઝરત શયખ ફરીદુદ્દીન અત્તાર* رحمۃ اللہ علیہ // **અનુવાદક** : *પટેલ શબ્બીર અલી રઝવી–દયાદરવી*

**નફ્સ પર કાબૂ** : આપ વરસો સુધી ખાટી કે મીઠી ચીજો ખાતા ન હતા અને રાતે સૂકી રોટી ખરીદીને ઈફતાર કરી લેતા હતા. એકવાર બીમારીમાં ગોશ્ત ખાવાની ખ્વાહિશ થઈ તો બજારથી ગોશ્તના ત્રણ ટુકડા ખરીદીને ચાલ્યા. પરંતુ કસાઈએ એક શખ્સને આપની પાછળ એ હેતુથી મોકલ્યો કે જુએ કે આપ ગોશ્તનું શું કરે છે ?! આપે થોડેક દૂર ચાલીને ગોશ્તને સુંઘીને કહ્યું, હે નફ્સ ! સુંઘવાથી વધુ તારો હિસ્સો નથી ! અને આવું કહીને તે ગોશ્ત એક ફકીરને આપી દીધો. પછી ફર્માવ્યું કે, હે નફ્સ ! હું તને કોઈ દુશ્મનીના કારણે તકલીફ નથી આપતો બલ્કે તને સબ્રનો મર્તબો હાંસલ કરાવવા માટે આવુ કરું છું જેથી કરીને એના બદલામાં તને હમેશાં રહેનારી નેઅમત હાંસલ થઈ જાય. પછી ફર્માવ્યું, આ કહેવત મારી સમજથી બહાર છે કે જે શખ્સ ૪૦ દિવસ ગોશ્ત નથી ખાતો એની બુદ્ધિ કમજોર થઈ જાય છે, જ્યારે કે મેં વીસ વરસથી ગોશ્ત ચાખ્યો નથી, અને મારી બુદ્ધિમાં કોઈ ઉણપ નથી આવી બલ્કે કાંઈક અધિક્તા જોવા મળે છે. આ બનાવ તે શખ્સે જેવો બન્યો તેવો કસાઈ પાસે આવીને વર્ણવી આપ્યો જેણે તેને આપની પાછળ લગાડયો હતો.

આપે બસરામાં ૪૦ વરસના રોકાણ છતાં કદી એક ખજૂર પણ નથી ખાધુ. અને લોકોને કહ્યું કે મેં કદી ખજૂર ન ખાધુ, અને ન ખાવાથી ન તો મારુ પેટ ઓછુ થયું અને ન તો તમારું પેટ વધી ગયું. પરંતુ ૪૦ વરસ પછી એકવાર ખજૂર ખાવાની ખ્વાહિશ થઈ તો ફર્માવ્યું કે હે નફ્સ ! હું તારી ખ્વાહિશની પરિપૂર્ણતા કદી થવા દઈશ નહીં. અને જ્યારે ખ્વાબમાં આપને ખજૂર ખાવાનો ઈશારો મળ્યો અને એવું ફર્માવવામાં આવ્યું કે નફ્સ પરથી પાબંદી દૂર કરી દે. તો આપે જાગ્યા પછી નફ્સને સંબોધતાં ફર્માવ્યું કે હું એ શર્તની સાથે તારી તમન્ના પૂરી કરી શકુ છું કે તું એક અઠવાડિયા સુધી સતત રોઝા રાખે. જેથી નફ્સને મારવાના માટે અઠવાડિયા સુધીના રોઝા રાખ્યા. ત્યાર બાદ ખજૂરો ખરીદીને મસ્જિદમાં લઈ ગયા, પણ ત્યાં ખાતા પહેલાં જ એક છોકરાએ પોતાના પિતાને અવાજ આપીને કહ્યું કે મસ્જિદમાં કોઈ યહૂદી આવી ગયો છે. તેનો બાપ યહૂદીનું નામ સાંભળતાં જ દંડો લઈને દોડયો, પણ આપને ઓળખી જતાં માફી માગતાં કહ્યું કે અમારા મહોલ્લામાં દિવસે યહૂદીઓના સિવાય કોઈ કાંઈ નથી ખાતુ અને સર્વ લોકો રોઝો રાખે છે, એટલા માટે છોકરાને આપના યહૂદી હોવાનો અંદેશો થયો, આપ એની ભૂલ માફ કરી આપો. સાંભળતાં જ આપે જોશમાં આવીને ફર્માવ્યું કે બાળ કોની જીભ ગયબી જીભ હોય છે. પછી અલ્લાહ તઆલાથી અર્ઝ કરી કે ખજૂર ખાધા વિના તો તેં યહૂદીઓમાં સામેલ કરી દીધો ! જો ક્યાંક ખાય લેતો તો ન જાણે કાફિરોથી પણ બુરો મારો અંજામ થાત ! જેથી હું કસમ ખાયને કહું છું કે હવે કદી ખજૂરનું નામ પણ લઈશ નહીં.

**ગુનાહોની અસર** : આપ કોઈ બીમારની ખબર લેવા માટે તશરીફ લઈ ગયા અને તે મરવાની

અણીએ હતો એટલા માટે આપે તેને કલ્મો પઢવાની તલ્કીન કરી, પણ તે કલ્મો પઢવાને બદલે વારંવાર દસ તથા અગ્યાર કહેતો રહ્યો. પછી જ્યારે આપે અધિક આગ્રહ કર્યો તો એણે કહ્યું કે **મારી સમક્ષ આગનો એક પહાડ છે અને જ્યારે હું કલ્મો પઢવાનો ઈરાદો કરું છું તો તે આગ મારી તરફ લપકે છે.** આપે જ્યારે લોકોને એના વિશે પૂછયું તો તેમણે બતાવ્યું કે એ **વ્યાજખોર પણ હતો અને ઓછુ માપતોલ કરનાર** પણ હતો.

એકવાર બસરામાં કોઈ જગાએ આગ લાગી ગઈ અને જ્યારે આપ આપનો અસો તથા જૂતા લઈને છત પર ચઢયા તો લોકોને એવી મુસીબતમાં જોયા કે અમુક તો આગમાં સળગી રહ્યા છે અને કેટલાક કૂદીને નીકળવાની કોશિશમાં છે અને કેટલાક પોતાનો સામાન કાઢવાના ચક્કરમાં છે. આ જોઈને ફર્માવ્યું કે હલકા ફુલકા લોકો તો નજાત પામી ગયા અને ભારે ભરકમ લોકો હલાક થયા, અને કયામતના દિવસે પણ આ જ મન્ઝર થશે.

**ખૌફે ખુદા :** એકવાર જઅફર બિન સુલૈમાન આપની સાથે હજ્જના સફરમાં હતા અને જે સમયે આપે "લબ્બૈક" પઢવાનું શરૂ કર્યું તો આપની ઉપર બેહોશી છવાઈ ગઈ. અને હોશ આવ્યા બાદ જઅફર બિન સુલૈમાને બેહોશી છવાવાનું કારણ પૂછયું તો ફર્માવ્યું કે હું એ ડરથી બેહોશ થઈ ગયો હતો કે "લા લબ્બૈક !"નો અવાજ ન આવી જાય ! જ્યારે આપ وَاِيَّاكَ نَسْتَعِيْنُ કિરાઅત કરતા તો બેચૈન થઈને રડવા લાગતા અને ફર્માવતા કે જો આ આયત કુર્આનની ન હોત તો હું કદી પણ ન પઢત, કેમ કે એનો ભાવાર્થ એ છે કે, "હે અલ્લાહ ! તારી ઈબાદત કરું છું અને તારાથી જ મદદ માગુ છું." જ્યારે આપણે નફ્સના એવા પૂજારી છીએ કે ખુદાને છોડીને બીજાઓથી મદદ માગતા રહીએ છીએ !

આપ રાતમાં તદ્દન આરામ કરતા ન હતા. અને એક દિવસે જ્યારે આપનાં સાહબઝાદીએ કહ્યું કે જો આપ થોડીવાર આરામ કરી લેતા હોવ તો બેહતર છે. આપે ફર્માવ્યું કે હે બેટી ! એક બાજુ તો હું અલ્લાહના કહેરથી ડરું છું અને બીજી બાજુ એ અંદેશો રહે છે કે સઆદત (નેકનસીબી)ની દૌલત ક્યાંક મને સૂતેલો જોઈને પરત ન થઈ જાય ! લોકોએ જ્યારે આ શબ્દોનો ભાવાર્થ પૂછયો તો ફર્માવ્યું કે હું નેઅમત તો અલ્લાહ તઆલાની ખાઉં છું અને આજ્ઞાપાલન શૈતાનનું કરું ! પછી ફર્માવ્યું કે જો મસ્જિદના દરવાજા પર કોઈ એ સદા લગાડે કે સૌ લોકોમાં બદ્તર કોણ છે ? તો એને મારાથી બદ્તર કોઈ નહીં મળે ! હઝરત અબ્દુલ્લાહે આ સાંભળીને ફર્માવ્યું કે માલિક બિન દીનાર رحمۃ اللہ علیہની અઝમત (મહાનતા)નો અંદાજો એમના કેવળ આ કૌલથી લગાડી શકાય છે.

**પોતાને પહેચાનવું :** કોઈ સ્ત્રીએ આપને રિયાકારના નામથી પુકાર્યા. તો આપે ફર્માવ્યું કે વીસ વરસથી કોઈએ મને મારુ અસલી નામ લઈને પુકાર્યો ન હતો ! પરંતુ શાબાશ ! તેં સારી રીતે ઓળખી લીધો કે હું કોણ છું. પછી ફર્માવ્યું કે જ્યારે મેં મખ્લૂકને સારી રીતે ઓળખી લીધી તો મને એની તદ્દન ખ્વાહિશ ન રહી કે મને કોઈ નેક કે બુરો કહે. એટલા માટે કે મેં દરેક સારો તથા બુરો કહેવાવાળાને અતિશયોક્તિ કરનારો જોયો. જેથી ચાહે લોકો મને નેક કહે કે બુરો, હું મેહશરના દિવસે કોઈ બદલો લઈશ નહીં.

**સોનેરી કથનો :** ફર્માવ્યું કે જેનાથી કયામતના દિવસે કોઈ ફાયદો હાંસલ ન થાય એની સોહબતથી શો ફાયદો ?! કેમ કે દુનિયા ફાલુદાની જેમ છે, જે જાહેરમાં સારા રંગવાળો અને બાતિનમાં ખરાબ સ્વાદવાળો હોય છે. અને આ દુનિયાથી એટલા માટે બચવું બેહતર છે કે એણે ઉલમાને પણ પોતાના તાબામાં લઈ લીધા છે.

ફર્માવ્યું કે જે બેકાર વાતો અધિક કરે છે અને ઈબાદત ઓછી કરે છે, એનો ઈલ્મ થોડો, દિલ અંધ અને ઉમર નિરર્થક છે, કેમ કે મારી દષ્ટિએ અખ્લાક઼થી બેહતર કોઈ અમલ નથી.

ફર્માવ્યું, અલ્લાહ તઆલાએ હઝરત મૂસા علیہ السلامને વહી થકી હુકમ આપ્યો કે લોખંડી અસો લઈને જમીન પર ચાલો અને દરેક નવીન તથા ઈબ્રતઅંગેઝ ચીજની શોધખોળ કરો, અને ત્યાં સુધી અમારી હિક઼મત તથા નેઅમતનો મુશાહેદો (નિરીક્ષણ) કરતા રહો જ્યાં સુધી જોડા ઘસાય ન જાય અને અસો (સ્ટિક) તૂટી ન જાય. એનો ભાવાર્થ એ છે કે સહનશક્તિ તથા ચિંતનથી કામ લેવું જોઈએ. જેમ કે અરબની એક કહેવત છે : "દીન એક રોશન દલીલ છે અને એમાં નરમી તથા ધીરજપૂર્વક મશગૂલ રહો." અને તૌરાતમાં છે કે, "અમે તમને પોતાના મુશ્તાક઼ બનાવ્યા પણ તમે ન બની શક્યા."

પછી આપે ફર્માવ્યું કે મેં આસ્માની સહીફાઓમાં જોયું કે અલ્લાહ તઆલા હુઝૂરે અકરમ ﷺની ઉમ્મતને બે એવી નેઅમતો અતા ફર્માવી છે જે જિબ્રઈલ તથા મીકાઈલને પણ અતા નથી થઈ. પ્રથમ નેઅમત એ છે કે : فَاذْكُرُوْنِيْٓ اَذْكُرْكُمْ "તમે મને યાદ કરો હું તમને યાદ કરીશ." *(સૂરએ બક઼રહ, આ. ૧૫૨)* અને બીજી નેઅમત આ છે : اُدْعُوْنِيْٓ اَسْتَجِبْ لَكُمْ "તમે મને પુકારો, હું તમારી દુઆ ક઼બૂલ કરીશ." *(સૂરએ મો'મિન, આ. ૬૦)*

ફર્માવ્યું કે તૌરાતમાં અલ્લાહ તઆલાનો આ ક઼ૌલ મેં વાંચ્યો છે કે હે સિદ્દીક઼ો ! મારા ઝિક્રથી દુનિયામાં આરામની સાથે જિંદગી ગુજારો, કેમ કે દુનિયામાં મારો ઝિક્ર ઘણી જ મહાન નેઅમત છે, અને આખેરતમાં એનાથી અજરે અઝીમ (મહાન બદલો) હાંસલ થશે.

ફર્માવ્યું કે અમુક આસ્માની કિતાબોમાં છે કે જે દુનિયાને પ્રિય ગણે છે, મારો અદના વર્તાવ એની સાથે એ છે કે હું ઝિક્ર તથા મુનાજાત (દુઆઓ)ની લિજ્જતથી એને ખાલી કરી દઉં છું. અને જે શખ્સ દુનિયાની ખ્વાહિશોની તરફ દોડે છે, તેને ધોકો આપવાની શૈતાન એટલા માટે ફિકર નથી કરતો કે તે તો પોતે જ ગુમરાહ છે !

નક઼લ થયેલ છે કે કોઈ શખ્સે મૃત્યુ વેળાએ આપને વસિયત કરવાની ખ્વાહિશ પ્રદર્શિત કરી તો ફર્માવ્યું કે તક઼દીરે ઈલાહી પર રાજી રહે જેથી તને હશ્રના અઝાબથી નજાત મળી શકે. પછી કોઈ શખ્સે તે શખ્સને ઈન્તેક઼ાલ પછી ખ્વાબમાં જ્યારે તેનો હાલ પૂછયો તો તેણે કહ્યું કે જો કે હું ઘણો જ મોટો ગુનેહગાર હતો પરંતુ એ હુસ્ને ખયાલ (સારા ગુમાન)થી મારી નજાત થઈ ગઈ જે મને અલ્લાહ તઆલાની બંદાનવાઝી પર હતો.

**સબ્રનું ફળ** : કોઈ બુઝુર્ગે ખ્વાબમાં જોયું કે આપને તથા હઝરત મુહમ્મદ વાસેઅ رحمۃ اللہ علیہماને જન્નતની તરફ લઈ જવામાં આવી રહ્યા છે. એ બુઝુર્ગના દિલમાં ખયાલ આવ્યો કે જોઈએ ! માલિક બિન દીનાર رحمۃ اللہ علیہ જન્નતમાં પહેલા પહોંચે છે કે મુહમ્મદ વાસેઅ ?! જેથી એવું જોઈને કે માલિક બિન દીનારને પ્રથમ જન્નતમાં દાખલ કરવામાં આવ્યા, બુઝુર્ગે પૂછયું કે મુહમ્મદ વાસેઅ તો માલિક બિન દીનાર કરતાં અધિક આમિલ તથા કામિલ હતા ?! ફરિશ્તાએ જવાબ આપ્યો કે એ તમે સહીહ કહો છો, પરંતુ મુહમ્મદ વાસેઅની પાસે પહેરવાના માટે બે લિબાસ હતા અને માલિકની પાસે કેવળ એક હતો, જેથી સબ્ર તથા ઝબ્તની નિસ્બત માલિક તરફ અધિક છે એટલા માટે પ્રથમ તેમને જન્નતમાં મોકલવામાં આવ્યા.



# મદીના મુનવ્વરાની

## હાજરીના આદાબ

હપ્તો : છેલ્લો

:: અઝ ::
હઝરત મૌલાના શફીઅ ઓકાળવી رحمۃ اللہ علیہ (પાક.)

અનુવાદક : સલીમ ઈબ્રાહીમ ખત્રી
(મુતઅલ્લિમ : દારુલ ઉલૂમ બરકાતે ખ્વાજા–આમોદ)

### ★ આદાબે હુઝૂરી ★

જ્યાં સુધી મદીના મુનવ્વરામાં રહે ખાસ કરીને મસ્જિદે નબવી શરીફની હાજરીના સમયે કદી પણ શોર ન કરે અને ન ચિલ્લાઈને કાંઈ પઢે તથા બોલે. આ વાતને ખૂબ જ ધ્યાનમાં રાખે. અલ્લાહ તબારક વ તઆલા ઈર્શાદ ફર્માવે છે :–

يٰۤاَيُّهَا الَّذِيْنَ اٰمَنُوْا لَا تَرْفَعُوْۤا اَصْوَاتَكُمْ فَوْقَ صَوْتِ النَّبِيِّ وَ لَا تَجْهَرُوْا لَهٗ بِالْقَوْلِ كَجَهْرِ بَعْضِكُمْ لِبَعْضٍ اَنْ تَحْبَطَ اَعْمَالُكُمْ وَ اَنْتُمْ لَا تَشْعُرُوْنَ ---الاية

"હે ઈમાનવાળાઓ ! એ ગૈબ કહેનાર (નબી)ના અવાજ કરતાં પોતાના અવાજને ઊંચો કરો નહીં અને તેમની સમક્ષ બૂમો પાડીને વાત ન કરો, જેવા કે પરસ્પર એકબીજા સામે બૂમો પાડો છો, કે ક્યાંક તમારા અમલ નષ્ટ થઈ જાય નહીં અને તમને જાણ (પણ) થાય નહીં. બેશક ! તે લોકો જેઓ પોતાનો અવાજ ધીમો રાખે છે રસૂલુલ્લાહ ﷺની પાસે, એ તેઓ જ છે જેમના દિલોને અલ્લાહે તક્વા તથા પરહેઝગારીના માટે અજમાવી લીધાં છે. તેમના માટે મગફેરત તથા મહાન બદલો છે. " *(અલ હુજુરાત, આ. : ૨, ૩)*

હઝરત સાઈબ બિન ઝૈદ رضی اللہ عنہ ફર્માવે છે, હું મસ્જિદમાં ઊભો હતો. હઝરત ઉમર ફારૂકે આ'ઝમ رضی اللہ عنہએ મને કાંકરી મારીને ઈશારાથી પોતાની તરફ બોલાવ્યો અને ફર્માવ્યું, આ બે માણસ જે બોલી રહ્યા છે તેમને મારી પાસે લાવો. હું લઈ આવ્યો. અને ફર્માવ્યું :–

તમે ક્યાંના રહેવાસી છો ? તેમણે કહ્યું, તાઈફના. ફર્માવ્યું, જો તમે આ શહેરના રહેવાસી હોત તો તમને ખૂબ તકલીફો આપતો. તમે રસૂલુલ્લાહ ﷺની મસ્જિદમાં અવાજો ઊંચી કરી રહ્યા છો !

*–(સહીહ બુખારી, બાબુ રફઈસ્સૌત ફીલ મસાજિદ)*

અજનબીઓને અદબ ન જાણવાના કારણે મા'ઝૂર ગણવામાં આવ્યા, બાકી સજાના પાત્ર ઠરતા. ઉમ્મુલ મો'મિનીન હઝરત આઈશા સિદ્દીક઼ા رضی اللہ عنہا જ્યારે નજીક ક્યાંક ખીલી કે ખીલો વગેરે ઠોકવાનો અવાજ સાંભળતાં તો કોઈને મોકલીને તેમને રોકતાં અને ફર્માવતાં :–

"રસૂલુલ્લાહ ﷺને તકલીફ ન પહોંચાડો." *(ઝુર્કાની અલલ મવાહિબ, ૮/૩૦૪)*

અમીરુલ મો'મિનીન હઝરત અલી رضی اللہ عنہને પોતાના ઘરમાં દરવાજા બનાવવાની જરૂરત પડી તો બનાવવાવાળાને હિદાયત ફર્માવી કે શહેરની બહાર બક઼ીઅના ઈલાક઼ામાં બનાવીને લાવે કે લાકડુ કાપવાનો અને બનાવવાનો અવાજ હુઝૂર ﷺની તકલીફનું કારણ ન બને. *(હવાલો : ઉપર મુજબ)*

હઝરત મુહમ્મદ બિન મુસલ્લમા رضی اللہ عنہ ફર્માવે છે :–

કોઈના માટે પણ લાયક નથી કે મસ્જિદ શરીફમાં અવાજ ઊંચો કરે અને કોઈ એવું કામ કરે જે (બીજાઓ માટે) તકલીફનું કારણ હોય અને મસ્જિદને દરેક નાપસંદીદા કામથી પાક રાખે. *(શિફા શરીફ, ૨/૭૪)*

હઝરત મુલ્લા અલી કારી رضی اللہ عنہ ફમાવે છે :–

"અલ્લાહ તઆલાનું ફર્માન છે કે પોતાના અવાજો નબી ﷺના અવાજથી ઊંચા ન કરો અને તે નબી ﷺ પોતાની વફાત પછી પણ એ જ રીતે જીવંત તથા હાજર છે જે રીતે વફાત પહેલાં હતા." *(શરહે શિફા, ૨/૧૬૦)*

હઝરત અલ્લામા કસ્તલાની رحمۃ اللہ علیہ અને હઝરત અલ્લામા ઝુર્કાની رحمۃ اللہ علیہ ફર્માવે છે :–

"હુઝૂર ﷺની સાથે અદબનો તે જ મામલો હોવો જોઈએ જે આપની જિંદગીમાં હતો, કારણ કે આપ અત્યારે પણ પોતાની કબ્રે અન્વરમાં જીવંત છે અને અઝાન તથા ઈકામત સાથે નમાઝ પણ પઢે છે." *(ઝુર્કાની અલલ મવાહિબ, ૮/૩૦૪)*

*ક્યા પૂછતે હો હાલ દયારે રસૂલ ﷺ કા*
*હમ કો તો સર બસજદા દો આલમ ઉધર મિલે*
*–(બેહઝાદ)*

ખબરદાર ! મસ્જિદ શરીફ અને ખાસ કરીને મવાજેહ શરીફમાં બુટ, ચપ્પલ લઈને કદી ન જાવ કે અદબની વિરુદ્ધ છે. અલ્લાહ તઆલાએ જલીલુલ કદર પૈગંબર હઝરત મૂસા علیہ السلام થી ફર્માવ્યું :–

فَاخْلَعْ نَعْلَيْكَ ۚ اِنَّكَ بِالْوَادِ الْمُقَدَّسِ طُوًى ۝

"પોતાના જોડા ઉતારી દો કારણ કે તમે એક મુકદસ વાદી તૂવામાં છે." –*(તાહા, ૧૨)*

હે મુહિબ્બે રસૂલ ! થોડો વિચાર કરો કે જ્યારે તે મુકદસ વાદીમાં જોડા ઉતારવાનો હુકમ આપવામાં આવ્યો તો શું હરમે નબવી ﷺ મુકદસ નથી ? બલ્કે તેનાથી વધીને મુકદસ છે. અને વળી ક્યાં અલ્લાહ તઆલાના નબી હઝરત મૂસા علیہ السلام ના જોડા અને ક્યાં તમારા અમારા જોડા ? જેથી અદબ તથા એહતેરામનનો તકાઝો એ જ છે કે આપની મસ્જિદમાં જોડા ન લઈ જવા જોઈએ.

*વો તયબહ જો હૈ કિબ્લએ દો જહાં*
*વો તયબહ જો હૈ કા'બએ આશિકાં*
*વો તયબહ જહાં પર કે આસૂદા હૈં*
*શહે મુર્સલીં તાજદારે જહાં*

મસ્જિદ શરીફમાં કુર્આને કરીમના અદબનો દરેક સમયે ખયાલ રાખો, અમુક લોકો આનો બિલકુલ ખયાલ નથી કરતા અને ઉપર થઈને પસાર થઈ જાય છે. મઆઝલ્લાહ ! આ સખત બેઅદબી છે. અને અમુક લોકો પોતાના જોડા ઊંચા કરીને લઈને ફરે છે, અમુક લોકો અહીંયાં ત્યાંની વાતો કરે છે અને હસે છે અને અમુક લોકો સ્ત્રીઓ બાજુ જુએ છે. મઆઝલ્લાહ ! અસ્તગફિરુલ્લાહ ! હુઝૂર સૈયદે આલમ ﷺના હરમે પાકમાં આવી બેઅદબીઓ અને ગુસ્તાખીઓ માટે આ વાતોથી બચો અને શરીઅત તથા અદબની વિરુદ્ધ કોઈ કામ ન કરો.

જ્યાં સુધી મસ્જિદમાં રહો વારંવાર હુજરએ મુતહ્હરા તરફ અકીદત તથા મહોબ્બતની નજરથી જુઓ કે ખાલિક તથા મખ્લૂકના મહબૂબ તેમાં ઉપસ્થિત છે.

મસ્જિદ શરીફથી બહાર જતી વેળા પણ અકીદત તથા મહોબ્બતની નજરથી ગુંબદે અકદસ ઉપર નજર જમાવો અને દુરૂદ શરીફ પઢો. ક્યારેક આશિકાના તથા વાલેહાના અંદાઝમાં ચૂપચાપ જોતા રહો.

*યે સમઝકર કાબિલે સજદા નહીં અપની જબીં*
*દૂર હી સે હમ કિસી કા આસ્તાં દેખા કિયે*

*મેરા કિ઼બ્લએ ઈશ્ક હૈ સબ્ઝ ગુંબદ*
*મેરા કા'બ એ શોક કૂએ મુહમ્મદ ﷺ*

કોશિશ કરે કે ત્યાંના રહેઠાણમાં કોઈ નમાઝ જમાઅત વિના ન હોય, બલ્કે જમાઅત સાથે મસ્જિદે નબવીમાં હોય. *(પણ હાલ વહાબી ઈમામ હોવાથી સુન્ની ઈમામ પાછળ જમાઅત કરી શકે તો પઢે, નહીં તો એકલા જ પઢે.* ***-અનુવાદક****)* યાદ રાખો ! બદ્અક઼ીદા તથા બેઅદબની પાછળ ક્યારેક નમાઝ નથી થતી, અને ફાસિક઼ જેમ કે દાઢી મૂંડાવવુ કે શરીઅતની હદથી ઓછી રાખવાવાળાની પાછળ નમાઝ મકરૂહે તેહરીમી અને વાજિબુલ ઈઆદા (નમાઝને દોહરાવવી વાજિબ) છે. જ્યારે પણ રોઝએ અન્વર ﷺની નજીકથી પસાર થવાનો સંજોગ થાય તો હાથ બાંધીને સલામ અર્ઝ કરીને આગળ વધે, સલામ કર્યા વિના ક્યારેય પસાર ન થાય.

સહાબી હઝરત અબૂ હાઝિમ رضی اللہ عنہ ફર્માવે છે કે એક સાહબ મારી પાસે આવ્યા અને કહ્યું કે મેં સ્વપ્નમાં હુઝૂર ﷺની ઝિયારત કરી છે. આપ ﷺએ ફર્માવ્યું કે અબૂ હાઝિમને કહી દે જો કે તમે મારી પાસેથી પસાર થઈ જાવ છો અને ઉભા રહીને સલામ પણ નથી કરતા ! ત્યાર પછી હઝરત અબૂ હાઝિમ رضی اللہ عنہની આ આદત થઈ ગઈ હતી કે જ્યારે પણ આપ રોઝા મુબારક નજીકથી પસાર થતા તો ઉભા રહીને સલામ અર્ઝ કરીને આગળ વધતા. *(વફાઉલ વફા, ૨/૧૪૦૭)*

## ★ મદીનાની ઝિયારતો ★

બની શકે તો દરરોજ રોઝએ અન્વર ﷺની ઝિયારત પછી બક઼ીઅ શરીફમાં હાજરી આપો કે ત્યાં હુઝૂર ﷺના અહલે બૈતે અત્હાર, સહાબાએ કિરામ, અઝવાજે મુતહ્હરાત, કાકા તથા પુત્રીઓ અને અસંખ્ય બુઝુર્ગો આરામ ફર્માવે છે. ખબરદાર ! ત્યાં પણ જોડા પહેરીને અંદર ન જાવ બલ્કે જોડા ઉતારીને અદબ તથા એહતેરામ સાથે જાવ અને (સારું એ છે કે દરવાજા ઉપર ઊભા રહીને) મઝારો ઉપર સલામ અર્ઝ કરે.

એ જ રીતે બની શકે તો દરરોજ નહીં તો જુમેરાતે (કે મદીનાવાળાઓની આદત પ્રમાણે બુધવારે) શોહદાએ ઉહદની ઝિયારત માટે હાજર થાવ અને ત્યાં હાજર થઈને સૌથી પહેલાં ખૂબ જ અદબ તથા એહતેરામ સાથે સૈયદુશ્શહદા હઝરત અમીર હમ્ઝા رضی اللہ عنہના મઝારે પૂર અન્વાર ઉપર હાજરી આપો કે આપ હુઝૂર ﷺના સૌ કાકાઓમાં અફઝલ છે. પછી બીજા શોહદાએ કિરામ رِضْوَانُ اللہِ تَعَالٰی عَلَیْھِمْ اَجْمَعِیْنَના મઝારો ઉપર હાજરી આપો, સાથે સાથે જબલે ઓહદ શરીફની પણ ઝિયારત કરો અને તેને મહોબ્બત તથા અક઼ીદતની નજરથી જુઓ. કારણ કે આ પહાડ હુઝૂર ﷺનો મુહિબ (મહોબ્બત કરવાવાળો) તથા મહેબૂબ છે. અને ખૂબ જ ફઝીલતવાળો છે.

## ★ મદીનાવાળાઓ સાથે હુસ્ને સુલૂક ★

મહોબ્બતવાળાઓના તરીક઼ા પર ચાલીને મદીનાવાળાઓ સાથે દરેક મામલામાં હુસ્ને સુલૂક તથા સારો વર્તાવ કરે અને તેમનો ઈકરામ તથા એહતેરામ કરે. જો તે સખત વાત કરે કે કોઈ નામુનાસિબ કામ કરે તો પણ માફ કરે, કારણ કે તેઓ હુઝૂરે અકરમ علیہ الصلوٰۃ والسلامના પડોશી છે. અને હુઝૂરે અકરમ ﷺ ફર્માવે છે કે હઝરત જિબ્રઈલ અમીન علیہ السلامએ મને પડોશીના વિશે વારંવાર વસિય્યત કરી છે અને તેમાં સારા કે ખરાબની વિશેષતા નથી, બલ્કે પડોશી હોવાનો આ હક્ક઼ સૌને મળેલ છે.

અને એમાં શું આશ્ચર્ય છે કે તેમના કરમથી બુરાઓને પણ તૌબા તથા હક્ક઼ની તરફ પલટવાની થવાની તૌફીક઼ નસીબ થઈ જાય. હા ! પોતાને ખાદિમ વિચારીને જો વઅઝ તથા નસીહત કરે તો કોઈ વાંધો નહીં.

મદીનાના રોકાણ દરમ્યાન કાંઈક ખરીદવાના સમયે પણ એ નિય્યત તથા ખયાલ કરે કે જો અહીંયાનાં વેપારી કાંઈ વધારે પણ વસૂલ કરી લે તો તે મારી તરફથી હદિયો છે.

મદીના મુનવ્વરાના ફકીરો, ગરીબો, વિધવાઓ અને યતીમોની વધુથી વધુ ખિદમત કરે અને ત્યાંના રહેવાસીઓથી માહિતી મેળવે, કારણ કે અમુક સાબિર તથા શાકિર એવા પણ હોય છે જે લોકોથી સવાલ નથી કરતા, તો તેમના ઘરોમાં સદકાના બદલે હદિયો કહીને મોકલાવી આપે.

**ચેતવણી** : અમુક લોકો હરમૈન શરીફૈનમાં મજલિસો જમાવીને બેસી જાય છે. અને લોકોને અદબ તથા એહતેરામ અને તવસ્સુલ તથા શફાઅત માગવાથી રોકે છે, અને એ જ પ્રમાણે અહલે સુન્નત વલ જમાઅતના અકાઈદના ખિલાફ વાતો કરે છે, તેમની મજલિસોમાં ક્યારેય ન બેસે. આ લોકો મેહરૂમ તથા મહોબ્બતના રસ્તાથી બેખબર છે, જેટલીવાર તેમની મજલિસમાં બેસશો, એના કરતાં તેટલી વાર સરકારે દો આલમ ﷺના રોઝએ અકદસ પાસે બેસીને સલાતો સલામના હદિયા પેશ કરો. મજલિસોમાં બેસવાનો મોકો તો તમને પોતાના વતનમાં પણ વારંવાર મળી શકે છે, પરંતુ સરકારે દો આલમ ﷺના દરબારે અકદસ અને બૈતુલ્લાહ શરીફની હાજરી વારંવાર ક્યાં નસીબ થાય છે. અને વળી ક્યાં તે મોલ્વીઓની મજલિસો અને ક્યાં રોઝએ અન્વર અને બૈતુલ્લાહ શરીફની હાજરી !

*હમને દેખી હૈ મદીને કી બહારે બે ખિઝાં*
*ઉન ગુલિસ્તાનોં મેં અય બાદે સબા હમ ક્યા ચલેં*

મદીના મુનવ્વરામાં વધુથી વધુ રહેવાની કોશિશ કરે કે આ ઘણી મોટી સઆદત છે અને ઓછામાં ઓછુ આઠ દિવસ રોકાય અને ચાલીસ નમાઝો સતત જરૂર મસ્જિદે નબવીમાં અદા કરે, અને જયારે પાછા આવવાનો ઈરાદો કરે તો મુસ્તહબ છે કે મસ્જિદે પાકમાં બે રકાત નમાઝુલ વદા પઢે, રિયાઝુલ જન્નહમાં જગ્યા મળી જાય તો ખૂબ સારુ છે. અને પછી ખૂબ વિનમ્રતાથી રોઝએ અન્વર ﷺ ઉપર મવાજેહ શરીફમાં હાજર થઈને સલાતો સલામ અર્ઝ કરે અને દુઆ તથા ફરિયાદ કરે કે આ છેલ્લી હાજરી ન હોય બલ્કે પછી પણ આ દરબારની હાજરી નસીબ થાય.

*ફિર કે ગલી ગલી તબાહ ઠોકરેં સબકી ખાએં ક્યૂં*
*દિલ કો જો અકલ દે ખુદા તેરી ગલી સે જાએ ક્યૂં*
*–(આ'લા હઝરત رضی اللہ عنہ)*

આ દરબારે અકદસ અને દયારે પાકની જુદાઈના ખયાલમાં કોશિશ કરે કે કાંઈક આંસૂ નીકળી આવે કે આ મકબૂલિયતની નિશાનીઓમાંથી છે, અને મહોબ્બતવાળાઓની તો હાલત જ અજબ થઈ જાય છે. અને જો કદાચ ! રડવુ ન આવે તો પણ રડવાવાળાઓ જેવું મોઢુ બનાવી લે અને હજ્જ તથા ઝિયારતની કબૂલિયતની અને ખૈર તથા આરામથી વતન પહોંચવાની દુઆઓ કરે અને બીજા સગાં વ્હાલાં, દોસ્તો અને સર્વ મુસલમાનો માટે દુઆઓ કરે અને ખૂબ જ દુઃખ તથા રંજ અને હસરતની સાથે રડતો રડતો પાછો જાય.

*પલટતા હૈ જો ઝાઈર, ઉસ સે કહતા હૈ નસીબ ઉસકા*
*અરે ગાફિલ ! કઝા બેહતર હૈ યાં સે ફિરકે જાને સે*
*–(હસન બરેલ્વી رحمۃ اللہ علیہ)*

હકીકત એ છે કે મદીના મુનવ્વરા ખાસ કરીને હરમે નબવીના ફઝાઈલ વર્ણનમાં નથી આવી શકતા. આ મુકદસ જમીન ઉપર જો માથા અને આંખો વડે પણ ચાલવામાં આવે તો પણ હક્ક અદા નથી થઈ શકતો, માટે જ્યાં સુધી બની શકે અદબ તથા એહતેરામને ધ્યાનમાં રાખવામાં આવે.

*અદબ ગાહેસ્ત ઝેરે આસ્માં અઝ અર્શ નાઝુક તર*
*નફસ ગુમ કર્દા મી આયત જુનૈદો બાયઝીદ ઈંજા*

*(હવાલો : નૂરુલ હબીબ મંથલી–પાક., સપ્ટેમ્બર–૨૦૧૪)*

અલ્હમ્દુલિલ્લાહ ! અહલે બયતની મહોબ્બત એ "અહલે સુન્નત વ જમાઅત"નું જ મુક઼દ્દર છે અને દરેક સુન્ની અલ્હમ્દુલિલ્લાહ ! અહલે બયતથી મહોબ્બત ધરાવે છે. અને સુન્ની કેમ અહલે બયતે પાકથી મહોબ્બત ન ધરાવે કેમ કે જ્યારે ખુદ નબીએ કરીમ ﷺએ ફર્માવ્યું :–

# અહલે બયતથી મહોબ્બત
## અને તેનો બદલો

**અઝ : પટેલ શબ્બીર અલી રઝવી દયાદરવી**

*(તંત્રી : બરકાતે ખ્વાજા–માસિક)*

### અહલે બયતની ફઝીલત પર એક દૃષ્ટિ

"ઔલાદ દુનિયામાં ફૂલ છે જેને અલ્લાહ તઆલા પોતાના બંદાઓમાં વહેંચે છે. અને **દુનિયામાં મારાં બે ફૂલ હસન તથા હુસૈન છે."** (رضی اللہ عنہما)

એક દિવસે નબી કરીમ علیہ الصلوٰۃ والسلامએ (પોતાના કાકા) હઝરત અબ્બાસ رضی اللہ عنہને ફર્માવ્યું, કાકા ! આપની ઔલાદને મારી પાસે લઈ આવો. તે સર્વ ઘરવાળાંને લઈને હાજર થયા. તો હુઝૂર ﷺએ પોતાની નૂરાની ચાદરમાં તેમને ઢાંકી લીધાં અને દુઆ કરી, "હે અલ્લાહ ! જેવી રીતે મેં એમને મારી ચાદરમાં છુપાવ્યાં છે, એ જ પ્રમાણે ક઼યામતના દિવસે તેમને તું તારી રહ્‌મતની ચાદરમાં છુપાવી લે જે. આ મારાં અહલે બયતમાંથી છે. એના પર દુનિયાના દરેક દરેક રજકણે આમીન કહી. (સુબ્હાનલ્લાહ !)

હઝરત અબૂ હુરૈરહ્‌ رضی اللہ عنہ વર્ણવે છે કે મેં જ્યારે પણ ઈમામ હસન رضی اللہ عنہની તરફ નિગાહ ઉઠાવી કે મારી આંખોથી આંસૂ ટપકવા માંડે છે. એટલા માટે કે એક દિવસે આપ નબી علیہ الصلوٰۃ والسلامની ગોદમાં બેસીને આપની દાઢી મુબારકથી પ્યાર કરી રહ્યા હતા. અને હુઝૂરે અકરમ ﷺ મહ્‌બ્બતભેર તેમને ચૂમતા તથા પોતાની ઝબાન મુબારક આપના મોઢામાં નાખી દેતા અને ફર્માવ્યું, "ઈલાહી ! હું આનાથી મહોબ્બત કરું છું, તું પણ એનાથી મહોબ્બત ફર્માવ અને જે એની સાથે મહોબ્બત રાખે તેને મહોબ્બત કર." આ શબ્દો આપે ત્રણવાર કહ્યા.

નબી કરીમ علیہ الصلوٰۃ والسلامએ ફર્માવ્યું, "હુસૈન મારાથી છે અને હું હુસૈનથી છું. અલ્લાહ તઆલા એને મહબૂબ રાખે જેણે હુસૈનથી મહોબ્બત રાખી."

*(તિર્મિઝી શરીફ બહવાલા નુઝહતુલ મજાલિસ–૨)*

આ સિવાય અનેક ફઝીલતો જેમ કે ફરિશ્તા એમની હિફાઝત કરે, પારણુ ઝુલાવે વગેરે અહલે બયતની ફઝીલત દર્શાવતી હદીષો અગણિત આવેલી છે જેને આ ટૂંકા લેખમાં સમાવવું શક્ય નથી. હવે એ જુઓ કે હુઝૂર ﷺની અહલે બયતની ખિદમતનો બદલો શું મળે છે, એના વિશે અમુક દૃષ્ટાંતો જોઈએ.

### એક મજૂસી (અગ્નિપૂજક)ને ઈમાન તથા જન્નત નસીબ થયાં

બલ્ખ શહેરમાં કોઈ અલ્વીની વફાત થઈ તો તેની પત્ની સમરકંદ ચાલી ગઈ. ત્યાં જામેઅ મસ્જિદમાં પોતાનાં બાળકોને છોડીને ખોરાકની તલાશમાં બહાર નીકળી. અને તે શહેરના સૌથી અમીર શખ્સને જોયો તો તેને આ પ્રમાણે સવાલ કર્યો કે હું અલ્વી ખાતૂન છું, મારે બાળકોના માટે ખાણાની જરૂરત છે, તમો મને થોડુક સરખુ ખાવાનુ આપો. તે શખ્સે કહ્યું કે તમો બે ગવાહ રજૂ કરો કે ખરેખર તમે અલ્વી છો. તેણી બોલી, હું પરદેશી છું. આ સાંભળતાં અમીરે મોં ફેરવી લીધું અને ચાલતો થયો.

ત્યાર બાદ એક મજૂસીને તેણીએ જોયો તો તેને સર્વ હક઼ીક઼ત જણાવી. તેને દયા આવી અને તેણે ખાણુ આપી દીધું. જ્યારે રાત પડી તો તે માલદાર મુસલમાને નબી કરીમ علیہ الصلوٰۃ والسلامની ખ્વાબમાં

ઝિયારત કરી કે આપ એક અતિ ખૂબસૂરત મહેલની પાસે ઉભેલા છે. તે બોલ્યો, યા રસૂલલ્લાહ ! ﷺ આ મહેલ કોનો છે ? આપે ફર્માવ્યું, એક મુસલમાનના માટે છે. તેણે કહ્યું, હું પણ મુસલમાન છું ! આપે ફર્માવ્યું, તમો તમારી મુસલમાનીના ગવાહ લાવો ! આ સાંભળતાં જ તે પરેશાન થયો. આપ ﷺએ ફર્માવ્યું, તારી પાસે એક પરદેશી અલ્વી ખાતૂન આવી હતી, તેણીએ સવાલ કર્યો તો તેં નથી કહ્યું કે ગવાહ લાવો !

ખ્વાબમાં આ મન્ઝર જોતાં જ તે જાગ્યો અને તે સ્ત્રીના બારામાં શોધખોળ કરવા લાગ્યો. ખબર પડી કે મજૂસીના ઘરે છે, તો ત્યાં પહોંચ્યો અને મજૂસીને વિનંતિ કરવા લાગ્યો કે આ અલ્વી ખાતૂનની હું ખિદમત કરવા ચાહું છું, મારી સાથે રવાના કરી આપ, અને એના બદલામાં હું તને એક હજાર દીનાર આપીશ. મજૂસી બોલ્યો, હું રસૂલુલ્લાહ ﷺની સામેનો મહેલ એક હજાર દીનારમાં વેચીશ નહીં ! અને સાંભળ ! ગઈ રાતે જ્યાં સુધી હું મારાં બાળકો સહિત મુસલમાન ન થયો ત્યાં સુધી સૂતો નથી. નબી કરીમ علیہ الصلوٰۃ والسلامએ મને બશારત આપી છે કે તું બીવી બચ્ચાં સહિત જન્નતી છે. (સુબ્હાનલ્લાહ !)

## એક અન્ય મજૂસીને કલમો નસીબ થયો

મજૂસી (અગ્નિપૂજક)ના ઘરેથી ખાવાની સુગંધ આવી રહી હતી. પડોશમાં એક અલ્વી ખાતૂને કેટલા દિવસથી ખાવા ખાધુ ન હતું. તેણીએ કોઈને કહી દીધું કે આ મજૂસીના ખાણાની ખુશ્બુએ ખૂબ જ તંગ કરી રાખેલ છે. એ વાત મજૂસીના કાનો સુધી પહોંચી તો તેણે પોતાનું ખાણુ તે સૈયદઝાદીને ત્યાં મોકલી આપ્યું. સાહબઝાદીએ તેને દુઆ આપી કે, "ઈલાહી ! એનો હશ્ર મારા નાનાજાનની સાથે થાય !" પછી કોઈ સાલેહ ઈન્સાનને નબી કરીમ ﷺ ખ્વાબમાં મળ્યા અને ફર્માવ્યું, મજૂસીને જઈને બશારત આપો કે અલ્વી ખાતૂનની દુઆ અલ્લાહ તઆલાએ તારા હક્કમાં કબૂલ કરી લીધી છે. જેવી કે તે સાલેહ મર્દે જઈને તેને ખુશખબર સંભળાવી તો તરત જ તે પોકારી ઉઠયો, અશહદુ અલ્લાઈલાહ ઈલ્લલ્લાહુ વ અશહદુ અન્ન મુહમ્મદન અબ્દુહૂ વરસૂલુહ ! અને મુસલમાન થઈ ગયો.

## હજ્જના માટે ફરિશ્તો નિયુક્ત કરી આપ્યો !

હઝરત અબ્દુલ્લાહ ઈબ્ને મુબારક رضی اللہ عنہ પોતાના પિતાથી રિવાયત કરે છે કે એક સાલેહ માણસ દર વરસે હજ્જના માટે જતો હતો. એકવાર હજ્જની ચીજો ખરીદવા બગદાદ શરીફના બજારમાં પહોંચ્યો તો તેને એક ખાતૂને કહ્યું, હું સૈયદઝાદી છું ! મારાં યતીમ બાળકો ચાર દિવસથી ભૂખ્યાં છે, એનો કાંઈક ખયાલ કરશો ! આ સાંભળતાં જ તેણે હજ્જ માટે જમા કરેલા સર્વ દીનારો તે સૈયદઝાદીના હવાલે કરી આપ્યા. જ્યારે લોકો હજ્જથી પરત આવ્યા તો તે તેમને મળવા માટે ગયો. તે જે કોઈ હાજીને મળતો તો મુલાકાત વખતે કહેતો, અલ્લાહ તઆલા તમારો હજ્જ કબૂલ કરે. તો જવાબમાં તેને પણ હાજી સાહબો કહેતા કે અલ્લાહ તઆલા તમારો હજ્જ પણ કબૂલ કરે. આ સાંભળીને તેને આશ્ચર્ય થયું. એ જ રાત્રે એને નબી કરીમ ﷺની ઝિયારત નસીબ થઈ. આપે ફર્માવ્યું, તારે આશ્ચર્ય કરવું ન જોઈએ, કેમ કે મેં અલ્લાહ તઆલાથી તારા માટે દુઆ કરી છે કે તારા ચહેરા જેવો એક ફરિશ્તો પેદા કરે જે દર વરસે કયામત સુધી તારા તરફથી હજ્જ કરતો રહે, હવે તમારું દિલ ચાહે તો હજ્જ કરો કે અહીં રહો.

જોયું તમે ? આ છે અહલે બયતની ખિદમતનો બદલો ! અને કેમ ન હોય જ્યારે રહમતુલ લિલ્ આલમીન ﷺ ફર્માવે છે કે, "જે મારા અહલે બયતની ખિદમતમાં રહેશે જો તે દુનિયામાં બદલો ન આપી શકે તો આખેરતમાં એનો બદલો હું આપીશ."

*–(નુઝહતુલ મજાલિસ, ભાગ : ૨, પેજ : ૬૮૬)*

# મુહર્રમુલ્ હરામની

## ફઝીલત તથા ઈબાદતો

રજૂકર્તા : હાફિઝ ઉષ્માન કોલવનવી
*(મુદર્રિસ : દારુલ ઉલૂમ બરકાતે ખ્વાજા–આમોદ)*

ઈસ્લામી વર્ષની શરૂઆત મુર્હરમ મહિનાથી થાય છે, પાછળની ઉમ્મતોમાં પણ આ મહિનો આદરણીય સમજવામાં આવતો હતો, કેમ કે ઘણા બધા અંબિયાએ કિરામ અને મુરસલીને એઝામ عَلَيْهِمُ السَّلَام ને આ મોહતરમ મહિનાની દસમી તારીખે ભેટો અને ઈનામો વડે અલ્લાહ તઆલા તરફથી વિવિધ રીતે નવાઝવામાં આવ્યા. આ ઉમ્મતમાં પણ આ મહિનો પવિત્ર અને માનનીય છે.

### ★ મુર્હરમ મહિનાની ફઝીલત ★

હદીષ શરીફમાં છે : મુર્હરમ અલ્લાહ માટે છે, એનો આદર કરો, જેણે મુર્હરમ મહિનાની કદર કરી અલ્લાહ તઆલા એને જન્નતમાં ઈજ્જત અતા ફર્માવશે અને દોઝખથી છૂટકારો આપશે.

### ★ મુર્હરમ મહિનાની પહેલી રાતની નમાઝ અને ઝિક્ર ★

ઉમ્મુલ મો'મિનીન હઝરત સૈયદા આઈશા સિદ્દીકા رضی اللہ عنہا ફર્માવે છે કે જે માણસ મુર્હરમુલ હરામ મહિનાની પહેલી રાતે જાગે અને આઠ રકાત નફ્લ એ રીતે પઢે કે દરેક રકાતમાં સૂરએ ફાતેહા પછી સૂરએ ઈખ્લાસ (કુલહુવલ્લાહુ અહદ) દસ વખત પઢે તો કયામતના દિવસે એની અને એના ઘરવાળાઓની શફાઅત કરીશ, ભલે તેના પર દોઝખની આગ વાજિબ થઈ ગઈ હોય.

કિતાબુલ અવરાદમાં છે કે જે મુર્હરમની પહેલી રાતમાં બે રકાત નફ્લ પઢે અને સલામ પછી હાથ ઉઠાવીને આ દુઆ :–

اَللّٰهُمَّ ارْحَمْنِىْ وَتَجَاوَزْ عَنِّىْ وَاحْفَظْنِىْ مِنْ كُلِّ آفَةٍ

**"અલ્લાહુમ્મર્હમ્ની વતજાવઝ અન્ની વહ્ફઝની મિન્કુલ્લિ આફત"** પઢે તો એ આખુ વર્ષ બધી આફતો અને બલાઓથી સુરક્ષિત રહેશે.

### ★ પહેલી મુર્હરમનો રોઝો ★

હઝરત ઈબ્ને અબ્બાસ رضی اللہ عنہ થી રિવાયત છે કે હુઝૂરે અક્દસ ﷺ એ ફર્માવ્યું, જેણે ઝિલ્હજના છેલ્લા દિવસે અને મુર્હરમના પહેલા દિવસે રોઝો રાખ્યો તો તેણે પાછળનું વર્ષ રોઝામાં પૂરુ કર્યું (એટલે કે આખા વર્ષના રોઝા રાખ્યા) અને આવતુ વર્ષ પણ રોઝાઓથી શરૂ કર્યું. અલ્લાહ તઆલા એના પચાસ વર્ષના ગુનાહોનો એ રોઝાને કફફારો બનાવી દીધો. *(ગુન્યતુત્તાલિબિન)*

### ★ ૧ લી અને ૨૯, ૩૦, મુર્હરમનો રોઝો ★

એક હદીષ શરીફમાં છે કે ફર્માવ્યું : જે માણસ મુર્હરમ મહિનાની ૧ લી અને ૨૯ તારીખનો રોઝો રાખે અને રાતે જાગે (નવાફિલ અને તિલાવત) કરે એના નામાએ આ'માલમાં ત્રીસ વર્ષની ઈબાદતનો સવાબ લખવામાં આવશે. અને પુલસિરાત પરથી પસાર થવું સરળ થશે, અને એનો ચેહરો ચૌદમી ચાંદની જેમ ચમકતો હશે.

### ★ મુર્હરમના પહેલા દસ દિવસના રોઝા ★

હદીષ શરીફમાં છે : જેણે મુર્હરમની શરૂઆતમાં દસ રોઝા રાખ્યા એના માટે એવો સવાબ છે કે એણે દસ હજાર વર્ષ અલ્લાહ તઆલાની એવી ઈબાદત કરી કે દિવસે રોઝો રાખ્યો અને રાત્રે કયામ કર્યો.

### ★ આશૂરાનો રોઝો ★

હઝરત સૈયદના ઈબ્ને અબ્બાસ رضی اللہ عنہ ફર્માવે

છે કે રસૂલુલ્લાહ ﷺ જ્યારે મદીના મુનવ્વરામાં તશરીફ લાવ્યા તો યહૂદીઓને આશૂરાના દિવસે રોઝો રાખતા જોયા. ઈર્શાદ ફર્માવ્યો કે આ કયો દિવસ છે કે તમે રોઝો રાખ્યો છે ? કહ્યું કે આ મહાનતાવાળો દિવસ છે, કેમ કે એમાં હઝરત મૂસા علیہ السلامએ શુક્રના તૌર પર એ દિવસનો રોઝો રાખ્યો, તો અમે પણ રોઝો રાખીએ છીએ. હુઝૂર ﷺએ ઈર્શાદ ફર્માવ્યો, મૂસા علیہ السلامથી મળતાપણુ કરવાના સંબંધમાં તમારાથી અમે વધારે હક્કદાર છીએ, અને વધારે નઝદીક છીએ. હુઝૂર ﷺએ પોતે પણ રોઝો રાખ્યો અને એનો હુકમ પણ ફર્માવ્યો. *(બુખારી, મુસ્લિમ)*

હઝરત અબૂ હુરૈરહ رضی اللہ عنہ ફર્માવે છે કે રસૂલુલ્લાહ ﷺએ ઈર્શાદ ફર્માવ્યો, રમઝાન પછી અફઝલ રોઝા મુર્હરમના રોઝા છે. *(મુસ્લિમ, અબૂ દાઊદ, તિર્મિઝી)*

હઝરત અબૂ કતાદા رضی اللہ عنہથી મરવી છે રસૂલુલ્લાહ ﷺ ફર્માવે છે મને અલ્લાહ પર યકીન છે કે આશૂરાનો રોઝો એક વર્ષ પહેલાના ગુનાહોને માફ કરી દે છે. *(સહીહ મુસ્લિમ)*

ઉમ્મુલ મો'મિનીન હઝરત આઈશા સિદ્દીકા رضی اللہ عنہاનું બયાન છે કે રમઝાન મહિનાના રોઝા ફર્ઝ થતા પહેલાં આશૂરાનો રોઝા રાખવાનો રિવાજ હતો, પણ જ્યારે રમઝાન મહિનાના રોઝા ફર્ઝ કરવામાં આવ્યા તો સરવરે આલમ ﷺએ ઈર્શાદ ફર્માવ્યો કે આશૂરાનો રોઝો જેનું દિલ ચાહે તે રાખે અને જેનું દિલ ચાહે ન રાખે. *(જામેઉલ ઉસૂલ)*

હઝરત ઈબ્ને ઉમર رضی اللہ عنہનું બયાન છે કે જાહિલિયત (ઈસ્લામ પહેલાં)ના જમાનામાં લોકો આશૂરાનો રોઝો રાખતા હતા. રસૂલુલ્લાહ ﷺ અને બીજા મુસલમાનોએ આ રોઝો રમઝાનની ફર્ઝિયતથી પહેલાં રાખ્યો, પણ રમઝાનના રોઝા ફર્ઝ થયા પછી રસૂલુલ્લાહ ﷺએ ફર્માવ્યું, અલ્લાહના દિવસોમાંથી મુર્હરમુલ હરામનો દસમો દિવસ પણ છે, જેનું દિલ ચાહે એ દિવસનો રોઝો રાખે. *(અબૂ દાઊદ)*

હઝરત ઈમામ માલિક رضی اللہ عنہ ફર્માવે છે કે મને ખબર થઈ કે હઝરત સૈયદના ઉમર ફારૂકે આ'ઝમ رضی اللہ عنہએ જનાબ હારિષ બિન હિશામને આદેશ કર્યો કે તમે કાલે આશૂરાના દિવસનો રોઝો રાખો અને પોતાના સંબંધીઓને પણ હુકમ આપો કે એ પણ રોઝો રાખે. *(મોઅત્તા ઈમામ માલિક)*

જનાબ હકમ બિન અઅ્રજ رضی اللہ عنہનું બયાન છે કે હું હઝરત અબ્દુલ્લાહ બિન અબ્બાસ رضی اللہ عنہماની ખિદમતમાં એ સમયે હાજર થયો જ્યારે એ ચાદર ઓઢીને ઝમઝમના કૂવાથી ટેકો લગાડીને બેઠા હતા. મેં એમનાથી આશૂરાના રોઝાના બારામાં સવાલ પૂછયો તો એમણે ઈર્શાદ ફર્માવ્યો કે મુહર્રમનો ચાંદ જોઈને ૧ લી મુર્હરમે ખાઓ, પીઓ, અને ૯ મી મુર્હરમે રોઝો રાખો. મેં પૂછયું કે શું સરકારે કાએનાત ﷺ આ રીતે રોઝા રાખતા હતા ? તો જવાબ આપ્યો, હા ! *(મુસ્લિમ, અબૂ દાઊદ)*

જનાબ રઝીને હઝરત અતાની ઝબાની બયાન કર્યું કે મેં હઝરત ઈબ્ને અબ્બાસ رضی اللہ عنہને કહેતાં સાંભળ્યા છે કે યહૂદીઓની વિરૂધ્ધતામાં ૯ મી અને ૧૦ મી મુર્હરમનો રોઝો રાખો. *(મુસ્નદે ઈમામ અહમદ)* ઉમ્મુલ મો'મિનીન હઝરત સૈયદતુના હફ્સા رضی اللہ عنہا ફર્માવે છે કે રસૂલુલ્લાહ ﷺએ આશૂરાનો રોઝો ક્યારેય પણ નથી છોડયો. *(નિસાઈ)*

## ★ આશૂરાના દિવસનું મહત્વ ★

સૈયદના ઈબ્ને અબ્બાસ رضی اللہ عنہથી મરવી છે કે સરકારે આ'ઝમ ﷺએ ફર્માવ્યું કે જેણે મુર્હરમની દસ તારીખ એટલે આશૂરાનો રોઝો રાખ્યો, એને દસ હજાર ફરિશ્તા, દસ હજાર શહીદો, અને દસ હજાર હજ્જ અને ઉમરા કરવાવાળાઓનો સવાબ આપવામાં આવશે. જેણે આશૂરાના દિવસે કોઈ યતીમના માથા

પર હાથ ફેરવ્યો તો અલ્લાહ તઆલા એના માથાના વાળના બદલામાં જન્નતમાં એનો દરજો ઊંચો કરશે. જેણે આશૂરાની સાંજે કોઈ મો'મિનને રોઝો ઈફતાર કરાવ્યો, તો એણે પોતાના તરફથી બધી ઉમ્મતે મુહમ્મદિયાને ઈફતારી કરાવી અને પૂરી ઉમ્મતનું પેટ ભર્યું. સહાબાએ કિરામ رحمۃ اللہ علیہم اجمعین એ પૂછયું, યા રસૂલલ્લાહ ! ﷺ શું અલ્લાહ તઆલાએ આશૂરાના દિવસને બધા દિવસો પર ફઝીલત આપી છે ? તો હુઝૂર ﷺએ ઈર્શાદ ફર્માવ્યો, હા ! અલ્લાહ તઆલાએ આકાશ, જમીનો, પહાડ અને સમન્દરોને આશૂરાના દિવસે પૈદા કર્યા, લોહો કલમને પણ આશૂરાના દિવસે પૈદા કર્યા, હઝરત આદમ علیہ السلامની પૈદાઈશ પણ આશૂરાના દિવસે થઈ, અને એમને આશૂરાના દિવસે જ જન્નતમાં દાખલ કર્યા, હઝરત ઈબ્રાહીમ علیہ السلام આશૂરાના દિવસે પૈદા થયા, એમના દિકરાનો બદલો કુર્બાની આશૂરાના દિવસે આપવામાં આવ્યો, ફિરઔનને આશૂરાના દિવસે નીલમાં ડૂબાડવામાં આવ્યો, હઝરત ઐયૂબ علیہ السلامની પરેશાની આશૂરાના દિવસે દૂર થઈ, હઝરત આદમ علیہ السلامની તૌબા આશૂરાના દિવસે કબૂલ થઈ, હઝરત ઈસા علیہ السلام આશૂરાના દિવસે પૈદા થયા, કયામત આશૂરાના દિવસે આવશે. *(ગુન્યતુત્તાલિબીન)*

જેણે આશૂરાના દિવસે ગુસ્લ (સ્નાન) કર્યું એ મૌત સિવાય કોઈ બીમારીમાં નહીં સપડાય. જેણે આશૂરાના દિવસે પથ્થરનો સુરમો આંખોમાં લગાડયો તો આખુ વર્ષ આંખ આવવાની બીમારી નહીં થાય. જેણે એ દિવસે બીમારની પૂછપરછ કરી તો એણે બધી જ આદમની ઔલાદની પૂછપરછ કરી. જેણે આશૂરાના દિવસે કોઈને એક ઘૂંટ પાણી પીવડાવ્યું તો એણે એક ક્ષણ પણ અલ્લાહની નાફર્માની નથી કરી. *(ગુન્યતુત્તાલિબીન)*

એ દિવસે બધા પાણીઓમાં કુદરતી રીતે ઝમઝમનું પાણી મિલાવી દેવામાં આવે છે.

–*(તફસીરે રૂહુલ બયાન, ૩/૧૪૨)*

હઝરત સુલૈમાન બિન અયનિયહએ જઅફર કૂફીની રિવાયતથી ઈબ્રાહીમ બિન મુહમ્મદ (જે પોતાના જમાનામાં ઘણા મોટા બુઝુર્ગ સમજવામાં આવતા હતા)થી રિવાયત કરી છે કે મને ખબર થઈ કે આશૂરાના દિવસે જે માણસ પોતાનાં ઘરવાળાઓ પર ખર્ચમાં ઉદારતાથી કામ લે છે, અલ્લાહ તઆલા આખુ વર્ષ ઉદારતા અતા ફર્માવે છે, અમે પચાસ વર્ષોથી લગાતાર એનો અનુભવ કર્યો છે અને હમેશાં રોજીમાં વિશાળતા જોવા મળી છે. *(ગુન્યતુત્તાલિબીન)*

## ★ આશૂરાની રાતની નમાઝો ★

હઝરત અબૂ હુરૈરહ رضی اللہ عنہથી મરવી છે કે જે માણસ આશૂરાની રાતમાં પૂરી રાત ઈબાદતમાં તલ્લીન થઈ જાય અને સવારમાં એ રોઝાથી હોય તો એને એવી રીતે મૌત આવશે કે એને મરવાનો એહસાસ પણ નહીં થાય. *(ગુન્યતુત્તાલિબીન)*

હઝરત ઈબ્ને અબ્બાસ رضی اللہ عنہماથી રિવાયત છે, જ્યારે ઈદ અથવા જુમ્આ અથવા આશૂરાનો દિવસ અથવા શબે બરાત હોય છે, મૈયતની રૂહો આવીને પોતાના ઘરોનાં દરવાજા પર રોકાયને કહે છે કે, છે કોઈ અમોને યાદ કરે ! છે કોઈ કે અમારા પર દયા કરે ! છે કોઈ અમારી ગરીબીની યાદ લાવે ! *(ખઝાનતુર્રિવાયાત)*

## ★ આશૂરાના દિવસની નમાઝો ★

હઝરત અબૂ હુરૈરહ رضی اللہ عنہથી નકલ થયેલ છે કે જેણે આશૂરાના દિવસે ચાર રકાત નમાઝ એવી રીતે પઢી કે દરેક રકાતમાં એક વખત સૂરએ ફાતેહા અને પચાસ વખત સૂરએ ઈખ્લાસ પઢી તો અલ્લાહ તઆલા એના કારણે એના પાછળના પચાસ વર્ષો અને આવતા પચાસ વર્ષોના ગુનાહ માફ ફર્માવી દેશે. મલએ આ'લામાં એના માટે નૂરના હજાર મહેલો બાંધવામાં આવશે.

એમનાથી જ એક બીજી રિવાયત નકલ થયેલ છે કે ચાર રકાત બે સલામોથી પઢે અને દરેક રકાતમાં

સૂરએ ફાતેહા, સૂરએ ઝિલઝાલ, સૂરએ કાફિરૂન, અને સૂરએ ઈખ્લાસ, એક એક વખતે પઢે અને નમાઝ પછી ૭૦ વખત દુરૂદ શરીફ પઢે. *(ગુન્યતુત્તાલિબીન)*

આશૂરાના દિવસે આઠ રકાત નમાઝ પઢે અને દરેક રકાતમાં સૂરએ ફાતેહા પછી જે સૂરત પઢવી હોય તે પઢે, અલ્લાહ તઆલા એ નમાઝ પઢનારાઓને ઘણો જ સવાબ અતા ફર્માવશે.

હઝરત સુફયાન ષૌરી رحمۃ اللہ علیہનું બયાન છે કે અમોને એ નમાઝનો પચાસ વર્ષોથી અનુભવ છે, અલ્લાહ તઆલા રોજીમાં વધારો કરી આપે છે.

રાહતુલ કુલૂબમાં છે કે જે માણસ આશૂરાના દિવસે ૭૦ વખતે આ દુઆ :–

حَسْبُنَا اللّٰهُ وَنِعْمَ الْوَكِيْلُ، نِعْمَ الْمَوْلٰى وَنِعْمَ النَّصِيْرُ

**"હસ્બુનલ્લાહુ વનિઅ્મલ વકીલ નેઅ્મલ મૌલા વ નિઅ્મન્નસીર"** પઢે એને બખ્શી દેવામાં આવશે અને એનું નામ મોટા ઔલિયામાં લખી દેવામાં આવશે.

- ✪ આશૂરાના દિવસે પોતાનાં ઘરવાળાઓ તથા સંબંધીઓ પર ભરણપોષણ માટે ખર્ચ કરવો. સારુ ખાણુ અને સારાં કપડાની વ્યવસ્થા કરવી અને તોહફા અને ભેટો આપવી.
- ✪ યતીમોના માથા પર હાથ ફેરવવો, એમને પણ ખાવા, પીવા માટે બોલાવવા અને પોતાના દિકરાઓની જેમ એમને પણ ભેટો આપવી, સગા સંબંધી અને પડોશીઓને ખાવા માટે દા'વત આપવી, અને ફકીરો અને ગરીબોને પણ ખાવા માટે બોલાવવાં અને એમની મદદ કરવી. જો બે મુસલમાનો વચ્ચે દુશ્મની હોય તો એમાં સુલહ કરાવવી. પોતાના સુન્ની સગાં સંબંધીઓ અને મુસલમાનોની કબરની ઝિયારત કરવી અને એમના માટે ઈસાલે સવાબની મહેફિલ રાખવી. ગુસલ અને મિસ્વાક કરવું અને ખુશ્બુ લગાડવી. સારુ ખાણુ અને ખીચડો બનાવીને અને શરબત બનાવીને હઝરાતે એહલે બૈતે અત્હાર, સહાબાએ કિરામ અને શોહદાએ કરબલા رِضْوَانُ اللّٰهِ تَعَالٰى عَلَيْهِمْ اَجْمَعِيْنَની બારગાહમાં પેશ કરવું.
- ✪ દીની મેહફિલોનું આયોજન કરવું, જેમાં ઓલમાએ એહલે સુન્નત વ જમાઅતથી અઝમતે મુસ્તફા અને સહાબા અને એહલે બૈતનાં ફઝાઈલ જે મુસ્તનદ રિવાયતોથી સાબિત હોય સાંભળવા અને ઈસ્લામના દુશ્મનો અને બદ મઝહબોના રદમાં તક્રીરો કરાવવી.
- ✪ એહલે સુન્નતને શરીઅતના સિધ્ધાંતો પર અમલ કરવાની પ્રેરણા આપવી અને નફસની પાકીઝગી અને દિલોને સાફ રાખવા પર જોર આપવું અને ઈસ્લામી પધ્ધતિ પર ચાલવાનો આગ્રહ કરવો.

## ★ ખરાબ રીત રિવાજો ★

મુર્હરમના દિવસોમાં શોક મનાવવું, છાતી કૂટવી, બૂમ બરાડા કરવા, લીલા અને કાળા રંગનાં માતમી કપડાં પહેરવાં, હઝરત સૈયદના ઈમામ હુસૈન رضی اللہ عنہના સિવાય બીજા કોઈ બુઝુર્ગના ફાતેહા મુર્હરમમાં ન આપવા, તાઝિયાં બનાવવાં અને ઢોલ, તાશાંની સાથે ધૂમધામથી ઉઠાવવાં, મહોલ્લાઓમાં ફેરવવાં અને એના પર રૂપિયા પૈસા અને મિઠાઈઓ લૂટાવવી અને તાઝિયાને ઈમામ આલી મકામના રોઝાની જેમ સમજીને સજદએ તાઝીમી કરવું (શરીઅતે મુસ્તફામાં ગૈરે ખુદાને સજદો કરવો હરામ છે) તાઝિયાદારીના અવસર પર દુલદુલ અને પરી વગેરે બનાવવું. વર્ણન કરેલાં કામો નાજાઈઝ અને હરામ છે. દરેક મુસલમાને એનાથી બચવું જોઈએ. રાફઝીઓની મેહફિલોમાં જવું અને એમની બક્વાસને સાંભળવી અને એમના માતમ ખંડમાં જવું અને એમનો પ્રસાદ લેવો બધુ મનાઈ છે.

*–(માહનામા નૂરૂલ હબીબ, બસીરપુર (પાક.)માંથી, સપ્ટે. ૨૦૧૭)*

# રોજીમાં બરકતના

## સબબો તથા ઝરીયાઓ

...૨...જૂ...ક...ર્તા...
મૌલાના મુહમ્મદરઉફ રઝવી-પાલેજ

રોજી રોટી એ દરેક માનવીની જરૂરિયાત છે. દરેક મા બાપ પોતાની ઔલાદની રોજી રોટીના ઝરીયા માટે ચિંતિત હોય છે. રોજી પામવા માટે વિવિધ કામકાજ તથા પ્રવૃત્તિઓ જગતભરમાં માનવીઓ કરતા રહે છે. દરેક કૌમના લોકો રોજી કમાવા મહેનત કરે છે. અને દરેકે મહેનત કરીને, કામકાજ કરીને હલાલ રોજી કમાવી જોઈએ એ જ ભલાઈનો માર્ગ છે. કેટલાક લોકો રોજીમાં તંગી આવી જાય, કામકાજમાં બરકત ન રહે, ધંધાઓમાં ખોટ જાય તો ક્યાંક નિરાશ થઈ જાય છે તો ક્યાંક હરામ કમાણીના ધંધાઓમાં ઝંપલાવી દે છે. પણ ઈસ્લામ મુસલમાનોને રોજી રોટીમાં વૃદ્ધિ માટે મહેનતની સાથોસાથ ચોક્કસ માર્ગો તથા સબબો દર્શાવે છે તેને જો અપનાવવામાં આવે તો જરૂર મોહતાજગી આવશે નહીં.

હે મુસલમાનો ! તમો તમારી બુદ્ધિ થકી જાઈઝ નાજાઈઝ ટ્રિકો વડે રોજી કમાશો તો એ કમાણી હરામની થઈ જશે અને તેને ખાવાના ખવડાવવાના અંજામરૂપે જહન્નમનો અઝાબ મયસ્સર થશે. જેથી આવો ! મહેનતની સાથોસાથ નીચેના માર્ગો અલ્લાહ વ રસૂલ عَزَّوَجَلَّ وَصَلَّى اللّٰهُ عَلَيْهِ وَسَلَّمَ જેમના થકી જ આપણને રોજી મળે છે તેમની જ સૂચવેલ વાતો પર અમલ કરીને હલાલ રોજીમાં વધારો કરીએ તથા તંગીથી બચીએ.

**અલ્લાહના આપેલા પર શુક્ર કરવો :** રોજીમાં બરકતનો એક ઘણો જ મોટો ઝરીયો 'શુક્ર' છે. રબ તઆલાનો ઈર્શાદ છે : لَئِنْ شَكَرْتُمْ لَاَزِيْدَنَّكُمْ "જો તમે શુક્ર કરશો તો તે તમને અધિક વધુ આપશે." અને જો તમે શુક્ર નહીં કરો, لَئِنْ كَفَرْتُمْ નેઅમતની નાશુક્રી કરશો" اِنَّ عَذَابِىْ لَشَدِيْدٌ "તો પછી મારો અઝાબ સખત છે."

—(સૂરએ ઈબ્રાહીમ, આ. ૭)

**અલ્લાહના માર્ગમાં ખર્ચ કરવું :** રોજી (રિઝ્ક઼)માં વધારાનો એક અધિક ઘણો જ મોટો ઝરીયો "ઈન્ફાક઼ ફી સબી લિલ્લાહ" (અલ્લાહના માર્ગમાં ખર્ચ કરવું) છે. અલ્લાહ તઆલા ફર્માવે છે, "જે તમે અલ્લાહને રાજી કરવા માટે ખર્ચ કરો છો, એના બદલામાં અલ્લાહ તમને અધિક અતા કરશે."

કેટલીકવાર આપણે ત્યાં એવું બને છે કે કોઈ માણસ આર્થિક સંકડામણમાં આવી ગયો તો તે કેવું કરે છે કે જે ખુદાની રાહમાં આપવાનુ હતું તેને પ્રથમ બંધ કરે છે. આ ફલાણા મદ્રસાને આપો છો, એ પણ બંધ કરો ! આ ફલાણી મસ્જિદને આપો છો એ બંધ કરી દો ! આ ફલાણા ગરીબને આપો છો, એ પણ બંધ કરી દો ! સંજોગો તંગ થઈ ગયા છે....! પરંતુ પાંચ ગાડીઓ છે તો બે ગાડીઓ પર ગુજારો કરી લેવામાં આવે કે જેથી પેટ્રોલ બચે, એવું નથી થઈ શક્તુ. ઘરના લક્ષણો તે જ છે, પરંતું બંધ ક્યાંથી થાય છે જ્યાંથી રોજી આવવાની હતી ! આપણને તો એ હુકમ આપવામાં આવ્યો છે કે **જ્યારે રોજીમાં તંગી થવા લાગે તો સદક઼ો આપીને રબ સાથે કારોબાર કરી લો ! સદક઼ામાં તમારી રોજીમાં વધારો થશે એ રબનો વાયદો છે અને અલ્લાહના વાયદા જૂઠા નથી હોઈ શકતા.**

**નિકાહ કરવો** : રોજીમાં બરકતનો એક અન્ય ઘણો જ મોટો ઝરીયો 'નિકાહ' છે. ફર્માવ્યું, "જો તમે નિકાહ કરશો અને જો તમે ફક઼ીર છો તો તે તમને ગની કરી આપશે." લોકો કહે છે કે પોતાના પગો પર ઉભા થઈ જાય પછી નિકાહ કરીશું. અલ્લાહ કહે છે, નિકાહ કરો અમે પગો પર ઉભા કરી દઈશું !

આપણી ફિલોસોફી આપણી છે અને તેનો હુકમ પોતાનો છે. તેઓ કહે છે કે તે હજી તો પોતાના માટે નથી કમાતો તો જે આવશે તેને ક્યાંથી ખવડાવશે ?! મિયાં ! જેણે આવવાનું છે તેણે પોતાની રોજી સાથે લઈને આવવાનું છે, જેથી છોકરાંઓની શાદીઓ કરો જો તેઓ યુવાન થઈ ગયાં છે તો, રોજી જરૂર નસીબ થશે.

**ઘરવાળાંને નમાઝ માટે ઉઠાડવાં :** પોતાનાં ઘરવાળાંને નમાઝનો હુકમ આપવાથી રોજી વધે છે, કેમ કે જે સવારનો સમય હોય છે એ રિઝ્કની વહેંચણીનો સમય હોય છે, અને જે ઘરમાં સવારના સમયે લોકો સૂતેલા હોય છે ત્યાં બેબરકતીઓ હોય છે. તુલૂએ ફજર (સુબ્હ સાદિક઼)થી લઈને સૂર્યોદય સુધી પોતાની ઔલાદને, પત્નીને, બાળકોને સૂવા ન દો કે એ સમયે રોજીની વહેંચણીની ઘડીઓ હોય છે. ખૂબ જ પ્રમાણમાં દુઆઓ માગો, કુર્આને મજીદની તિલાવત કરો, અને ફજરની નમાઝ પુરૂષ હઝરાત મસ્જિદોમાં જઈને બાજમાઅત અદા કરે અને ઘરોમાં બેટીઓ, બહેનો મુસલ્લા બિછાવી લે તો અલ્લાહની રહ્મતોનું ઉતરાણ થશે.

**સગાં સંબંધીઓ સાથે સદ્વર્તાવ કરવો:** એક હદીષે પાકમાં રોજી વધારાનો એક અન્ય નુસ્ખો દર્શાવવામાં આવ્યો. મારા પ્યારા આક઼ા علیہ الصلوٰۃ والسلام એ ફર્માવ્યું, **જે શખ્સ એવું ચાહે છે કે તેની રોજીમાં બરકતો થાય અને એની ઉમરમાં વધારો થાય તો તે પોતાનાં સગાં સંબંધીઓ સાથે સારો વર્તાવ કરે.** સગાંઓ સાથે જો સારો વર્તાવ કરશો તો પછી તમારી રોજીમાં બરકત થશે. તેઓ જો ગરીબ છે તો તેમની મદદ કરો, તેમની પુત્રીઓની શાદીઓ પોતાના માથે લઈ લો. જો અલ્લાહે આપને ધન દૌલત આપી છે તો તેમની પરેશાનીઓ વહેંચી લો. તેમના માથે કરજ છે તો તેને ઉતારવાની કોશિશ કરો. **તેમને મુશ્કેલીઓમાંથી કાઢવાની કોશિશ કરો, અલ્લાહ તમને મુશ્કેલીઓથી કાઢશે, તમારી રોજીઓમાં પણ બરકત થશે અને તમારા માલોમાં પણ બરકત થશે.** ફર્માવ્યું, "બેહતર સદક઼ો તે છે જે **નારાજ થયેલ** ગરીબ સગાને આપવામાં આવે." (એવું નહીં કે જે આપણી સાથે સારું રાખે તેની સાથે સારી રીતે વર્તવું, બલ્કે હદીષમાં છે કે, "જે તમારાથી સંબંધ તોડે તેનાથી સંબંધ જોડો.") જો તે ફસાય ગયો છે, મજબૂર છે, નારાજ છે તો **તેને જો આપશો તો તમારો નફ્સ તેમાં સામેલ હશે નહીં,** તો એ અફઝલ સદક઼ો છે. જે કોઈ પણ સંજોગોમાં ક઼બૂલ જ છે.

**કમજોરો પર ખર્ચ કરવો :** રોજીમાં વધારાનો એક અન્ય સબબ : الاحسان الی الضعفاء "જે કમજોર લોકો છે એમની સાથે સારો વર્તાવ કરવો." તેમજ الانفاق علیٰ طلبۃ العلم "તાલિબે ઈલ્મો પર ખર્ચ કરવો એ પણ રોજીમાં વધારાનો સબબ તથા ઝરીયો છે. એ હઝરત બાબા ફરીદ رحمۃ اللہ علیہ એ કહ્યું છે ને ! "દીનનો છઠ્ઠો રુકન રોટી છે." (એટલે ફક઼ીરો મિસ્કીનોને ખવડાવવું, મહેમાન નવાઝી કરવી) ઘરમાં કાંઈ ન હોય તો પછી ન નમાઝમાં ન તો અન્ય બાબતોમાં લિજ્જત આવે છે. જેથી કમજોરોની મદદ કરો તો અલ્લાહ વિશાળ તથા મુબારક રોજી નસીબ કરી આપશે.

**એક અન્ય વઝીફો :** એક ઝરીયો આ પણ છે કે મગરિબ બાદ ૨૧ વખત સૂરએ કૌષર પઢી લે તો રોજીમાં વધારો થઈ જશે, ઈન્શાઅલ્લાહ ! આગળ પાછળ દુરૂદ પઢી લેવામાં આવે. પાંચ સાત મિનિટ લાગશે. અને ઘણી જ અધિક સમસ્યાઓ છે તો દરેક નમાઝ બાદ પઢી લે તો ઈન્શાઅલ્લાહ ! તમે જોશો કે ઘરમાં બરકત ઉતરતી મહેસૂસ થશે. અન્વારનો નુઝૂલ થતો મહેસૂસ કરશો.

આ તે રોજી પામવાના સબબો છે કે તેને જો આપણે અપનાવી લઈએ તો અલ્લાહની ખાસ રહ્મતોના હક્કદાર થઈશું. અલ્લાહ આપણને સૌને હલાલ રોજી, વિશાળ રોજી, સરળ રોજી, મુબારક રોજી, ભરપુર રોજી નસીબ ફર્માવે. (આમીન)

*(હવાલો : માહનામા નૂરુલ હબીબ, બસીરપુર શરીફ–પાક., ઓગસ્ટ–૨૦૧૭)*

# બેઅમલી તથા સુસ્તીથી

## કામ નહીં ચાલે !

અઝ : હઝરત મૌલાના મુહમ્મદશાકિર નૂરી રઝવી
(અમીરે સુન્ની દા'વતે ઈસ્લામી)
અનુવાદક : પટેલ શબ્બીર અલી રઝવી દયાદરવી
(તંત્રી : બરકાતે ખ્વાજા-માસિક)

વિશ્વની કૌમોથી મુસલમાન આજે ઘણો જ પાછળ છે, એટલો પાછળ કે આજે આપણે પડતીવાળી કૌમ બની ચૂક્યા છીએ. એના સામે દુનિયાની અન્ય કૌમોનું નિરીક્ષણ કરવામાં આવે તો મોટાભાગના મામલાઓમાં તેઓ મુસ્લિમ ઉમ્મતથી ઘણી આગળ જોવા મળશે, અને એનો સ્વીકાર દરેક સમજબુઝવાળો તથા બુદ્ધિવાન કરતો જોવા મળશે. આવા સંજોગોમાં શું આપણે નિરાશાનો દામન પકડીને સંજોગો સામે શરણાગતિ સ્વીકારી લેવી જોઈએ કે પછી હિંમત, હોસલા તથા જઝબાની સાથે સંજોગોને બેહતર બનાવવાની જિદ્દો જેહદ (કોશિશ) કરવી જોઈએ ?!

### મુસલમાનોની આ પ્રથમ આજમાઈશ નથી !

હુ સમજું છું કે ઈતિહાસનો એક સામાન્ય વિદ્યાર્થી પણ એ વાતથી સારી પેઠે વાકેફ હશે કે વિશ્વના મુસલમાનો પર આફતો તથા મુસીબતો તથા આજમાઈશોના આ દિવસો કાંઈ પહેલીવાર નથી આવ્યા, બલ્કે આવા સંજોગોનો સામનો ભૂતકાળના મુસલમાનોએ પણ કરવો પડયો. પણ તેમણે અલ્લાહ ﷻના ફઝ્લો કરમ પર ભરોસો કરીને અને સબ્ર તથા અડગતાનું પ્રદર્શન કરીને પોતાની જિમ્મેદારીઓ ખૂબીપૂર્વક અંજામ આપી. તેમણે સંજોગોનું રુખ મોડયું અને બાતિલ પસંદો (ગુમરાહો)નાં દિલોને ઈસ્લામની શમ્અથી મુનવ્વર કર્યાં અને મુસલમાનોનાં દિલોમાં અલ્લાહ વ રસૂલ عَزَّوَجَلَّ وَصَلَّى اللّٰهُ عَلَيْهِ وَسَلَّمَની ફર્માંબરદારીનો ભરપુર જઝબો પેદા કરી આપ્યો. એ જ કારણે આજે ઈતિહાસનાં પૃષ્ઠો તેમના ઝિક્રથી રોશન છે અને બીજાઓને પણ રોશની અતા કરી રહેલ છે. આ ઈતિહાસની રોશનીમાં જો આપણે આપણી હાલતોનું નિરીક્ષણ કરીએ છીએ તો એ પણ કોઈનાથી છુપુ નથી રહેતું કે આપણે ક્યાંકને ક્યાંક આપણી જિમ્મેદારીઓથી છટકબારીઓ અપનાવી છે અને આ એ જ ઉણપ તથા સુસ્તીનું પરિણામ છે કે આપણે પડતીની દિશામાં આગેકૂચ કરી રહ્યા છીએ, બલ્કે અધોગતિની ખાઈમાં ગબડી ચૂક્યા છીએ.

### જિમ્મેદારીઓથી વિમુખતા તબાહી નોંતરે છે

હકીકત એ છે કે જિમ્મેદારીઓથી આનાકાની કરવી તબાહીઓની પૂર્વ ભૂમિકા છે. આ હકીકતને એ રીતે સમજો કે જ્યારે બે ગાડીઓમાં ટકરાવ થાય છે તો એનો મતલબ એ છે કે જિમ્મેદારીઓથી ગફલત વર્તવામાં આવી છે. એ જ પ્રમાણે જ્યારે બે લોકોની વચ્ચે મતભેદ થઈ જાય છે તો એનો મતલબ એ છે કે જિમ્મેદારીઓની અદાયગીમાં ઉણપ વર્તવામાં આવી છે. દા.ત. બાપ બગડી જાય તો ઔલાદ બગડી જાય છે. વેપારી ગૈર જિમ્મેદાર થઈ જાય તો કારોબારનું દેવાળુ નીકળી જાય છે. એટલા માટે આકાએ કરીમ علیہ الصلوٰۃ والسلامએ પોતાની ઉમ્મતને એની જિમ્મેદારીઓનો એહસાસ

અપાવતાં ઈર્શાદ ફર્માવ્યો :–

كُلُّكُمْ رَاعٍ وَكُلُّكُمْ مَسْؤُولٌ عَنْ رَعِيَّتِهِ،الإِمَامُ رَاعٍ وَمَسْؤُولٌ عَنْ رَعِيَّتِهِ، وَالرَّجُلُ رَاعٍ فِى أَهْلِهِ وَهُوَ مَسْؤُولٌ عَنْ رَعِيَّتِهِ، وَالْمَرْأَةُ رَاعِيَةٌ فِى بَيْتِ زَوْجِهَا وَمَسْؤُولَةٌ عَنْ رَعِيَّتِهَا، وَالْخَادِمُ رَاعٍ فِى مَالِ سَيِّدِهِ ومَسْؤُولٌ عَنْ رَعِيَّتِهِ۔

"તમારામાંનો દરેક જિમ્મેદાર છે અને તમારામાંના દરેકથી તેની જિમ્મેદારીના બારામાં સવાલ થશે." ઈમામ તથા પેશવા પોતાના અક઼ીદતમંદોનો નિગરાં છે, તેને પેશવાઈના બારામાં સવાલ થશે. પુરૂષ પોતાનાં બીવી બચ્ચાંનો નિગરાં છે, તેને તેનાં ઘરવાળાંઓ વિશે સવાલ થશે. સ્ત્રી પોતાના પતિના ઘરની જિમ્મેદાર છે, તેણીને તેની નિગરાનીના બારામાં સવાલ થશે. ખાદિમ પોતાના માલિકના માલનો મુહાફિઝ છે, તેને તેની દેખરેખના બારામાં સવાલ થશે.

*–(સહીહ બુખારી વ મુસ્લિમ, રાવી : ઈબ્ને ઉમર)*

## મુસલમાનની જિમ્મેદારી શું છે ?!

આજે મુસ્લિમ ઉમ્મતના મોટાભાગના લોકોને એ જ ખબર નથી કે તેમની જિમ્મેદારી શું છે ?! જ્યારે જિમ્મેદારી જ માલૂમ નથી તો પરિણામમાં ગૈરજિમ્મેદાર થઈ જવું અનિવાર્ય છે ! જેથી કુર્આન હદીષની રોશનીમાં આપણને આપણી જિમ્મેદારીઓનો ઈલ્મ હોવો અતિશય જરૂરી છે.

કુર્આને મુક઼દસમાં અલ્લાહ તઆલા ઈર્શાદ ફર્માવે છે :–

كُنْتُمْ خَيْرَ أُمَّةٍ أُخْرِجَتْ لِلنَّاسِ تَأْمُرُوْنَ بِالْمَعْرُوْفِ وَتَنْهَوْنَ عَنِ الْمُنْكَرِ وَتُؤْمِنُوْنَ بِاللّٰهِ وَلَوْ اٰمَنَ اَهْلُ الْكِتٰبِ لَكَانَ خَيْرًا لَّهُمْ مِنْهُمُ الْمُؤْمِنُوْنَ وَاَكْثَرُهُمُ الْفٰسِقُوْنَ۔

"તમે બેહતરીન છો તે સર્વ ઉમ્મતોમાં જે લોકોમાં જાહેર થઈ ભલાઈનો હુકમ આપો છો અને બુરાઈથી મના કરો છો અને અલ્લાહ પર ઈમાન ધરાવો છો. અને જો કિતાબી ઈમાન લાવતા તો એમનું ભલુ હતું. એમનામાં અમુક મુસલમાન છે પણ મોટાભાગના ફાસિક઼." *(સૂરએ આ'લે ઈમરાન, આ. ૧૧૦, કન્ઝુલ ઈમાન)*

પરવરદિગારે આલમે આપણને આક઼ાએ કરીમ عليه الصلوٰة والسلامના સદક઼ા તથા તુફૈલથી ખયરે ઉમ્મત તથા વસ્તે ઉમ્મતનો મન્સબ અતા કર્યો. વર્તમાનકાળમાં કહેવામાં આવી રહ્યું છે કે આજે ઉમ્મતની એ સ્થિતિ ખત્મ થઈ ગઈ, એટલા માટે કે આ ઉમ્મત ઈલ્મી તથા અમલી, આર્થિક તથા સામાજિક, રાજનૈતિક તથા સાઈન્સી કોઈ ક્ષેત્રે ઉમ્મતની લીડરશીપ કરતી જોવા મળતી નથી. એમાં ઘણા અંશે સચ્ચાઈ પણ છે, એટલા માટે કે જો આપણે જીવનના દરેક ક્ષેત્રનું નિરીક્ષણ કરીએ તો દુનિયાની અન્ય ક઼ૌમો મુસ્લિમ ઉમ્મત કરતાં ઘણી આગળ જોવા મળશે. આપણી પડતી તથા પસ્તીની એ હાલત છે કે અમુક કહેવાવાળા ત્યાં સુધી કહે છે કે આજે ક઼ૌમે મુસ્લિમનું પ્રગતિ પામેલ ક઼ૌમની સાથે ચાલવું તો દૂરની વાત છે, એમની પાછળ ચાલવું પણ મુશ્કેલ બની રહ્યું છે ! તો એવી ક઼ૌમ સરદારીની હક્ક઼દાર કેવી રીતે બની શકે છે ?!

## મુસ્લિમ ક઼ૌમે હવે શું કરવું પડશે ?!

હું અર્ઝ કરીશ કે એ'તેરાઝ કરનારઓની ઝબાનબંદીના માટે આ ઉમ્મતે ગફલતની નિદ્રાથી જાગૃત થવું પડશે અને પોતાની જિમ્મેદારીઓને સારી રીતે અંજામ આપવી પડશે અને તેના માટે સતત કોશિશ અને સતત પરિશ્રમ કરવો પડશે. અને એ વાતની ગાંઠવાળી લેવી જોઈએ કે બેઅમલી તથા

સુસ્તી કોઈ બહાનુ નહીં બની શકે. આપણે અલ્લાહ ﷻની તરફથી અતા થયેલ જિમ્મેદારીઓથી મુક્ત નથી થઈ શક્તા, બલ્કે એના તરફથી અતા થયેલ જિમ્મેદારીઓને ન નિભાવવાના બદલામાં પકડ તથા પૂછતાછથી બચી શકીશું નહીં. એ વાત પણ દિમાગમાં રાખવી જોઈએ કે વર્તમાન કૌમોની જેમ દુનિયવી વિદ્યાકલાઓમાં અને ભૌતિક પ્રગતિમાં બરાબર ન હોવું એ દુનિયવી એતબારથી નુકસાનનો સબબ જરૂર છે, પરંતુ દીની એતબારથી નથી. એટલા માટે કે આપણો અક઼ીદો સહીહ છે. આપણે દુનિયવી મામલાઓમાં પછાત છીએ તો એ વિના શંકાએ દુનિયવી નુકસાન જરૂર હોય છે પરંતુ આખેરતનું નહીં. પરંતુ એનો મતલબ એ પણ નથી કે આપણે લાચાર તથા નિર્માલ્ય બનીને બેસી રહીએ અને દુનિયાવાળાઓના માટે બોજ બની જઈએ. બલ્કે ખયરે ઉમ્મત તથા વસ્તે ઉમ્મતનો સહીહ તકાઝો તો એ છે કે આપણે પૂરી દુનિયાની ઈલ્મી તથા અમલી અને આર્થિક તથા સામાજિક જરૂરત બની જઈએ અને દરેક બાબતમાં દુનિયાભરની લીડરશીપ કરતા જોવા મળીએ. એના માટે આપણે નીચે વર્ણવેલ વાતોની તરફ ધ્યાન કેન્દ્રિત કરવું જરૂરી થશે.

સૌ પ્રથમ આક઼ાએ કરીમ ﷺના તે અખ્લાક઼ોને અપનાવવા પડશે જેનો વર્તાવ કરીને રસૂલે આ'ઝમ ﷺએ દરેક ક઼ૌમનું દિલ જીતી લીધું અને ઈસ્લામ તથા પોતાની સચ્ચાઈને લોકોના દિલો દિમાગમાં બેસાડી દીધી. આક઼ાએ કરીમ ﷺનો અખ્લાક઼ ક઼ુર્આન હતો. આપ અખ્લાક઼ની તે બુલંદીઓ પર બિરાજમાન હતા જ્યાં સુધી પહોંચવું કોઈ અન્ય માનવીના વશમાં નથી. બીજી ચીજ એ કે મુઅલ્લિમે કાઈનાત ﷺ પોતાની દા'વતના તાબેદાર હતા, એમનું જીવન મુબારક ખુદ સચ્ચાઈની દલીલ હતું. જો આપણે ગુલામે રસૂલ હોવાનો દાવો કરીએ છીએ તો આપણે જોઈએ કે આક઼ાએ કરીમ علیہ الصلوٰۃ والسلامના ઉસ્વએ હસના (સુંદર નમૂના)ને અપનાવીએ અને ક઼ુર્આનના ફ઼ર્માન :–

لَقَدْ كَانَ لَكُمْ فِىْ رَسُوْلِ اللّٰهِ اُسْوَةٌ حَسَنَةٌ لِّمَنْ كَانَ يَرْجُو اللّٰهَ وَالْيَوْمَ الْاٰخِرَ وَذَكَرَ اللّٰهَ كَثِيْرًا

"બેશક ! તમારા માટે રસૂલુલ્લાહનું અનુસરણ બેહતર છે, એટલા માટે કે અલ્લાહ તથા પાછલા દિવસની ઉમ્મીદ રાખતા હોય અને અલ્લાહની ખૂબ યાદ કરે." (સૂરએ અહઝાબ, આ. ૨૧)ને હમેશાં નજરો સમક્ષ રાખીએ.

## નેકીની દા'વત આપો અને ખુદ નેક પણ રહો !

નકારી ન શકાય એવી હક઼ીક઼ત એ છે કે આજે આપણે : اَتَاْمُرُوْنَ النَّاسَ بِالْبِرِّ وَتَنْسَوْنَ اَنْفُسَكُم ("શું લોકોને ભલાઈનો હુકમ આપો છો અને પોતાની જાનોને ભૂલો છો, જ્યારે કે તમો કિતાબ પઢો છો તો શું તમને અક્કલ નથી ?!" –સૂરએ બક઼રહ, આ. ૪૪) તથા لِمَ تَقُوْلُوْنَ مَا لَا تَفْعَلُوْنَ ("શા માટે કહો છો તે જે તમે નથી કરતા." –સૂરએ સાફ઼્ફ઼, આ. ૨)ના પાત્ર બનતા જઈ રહ્યા રહ્યા છીએ. એટલે કે **આપણે કહીએ કાંઈ છીએ અને કરીએ છીએ કાંઈ બીજુ !** લોકોને નેકીની દા'વત આપીએ છીએ પણ પોતાને એ દા'વતથી અમલી રીતે અલિપ્ત રાખેલા છીએ. યાદ રાખશો ! **જ્યાં સુધી આપણે પોતે નહીં બદલાઈએ આપણા સંજોગો નથી બદલાય શક્તા. કેમ કે સુધારણાનો અમલ પ્રથમ પોતાની જાતથી શરૂ થાય છે.** તબદીલી પ્રથમ અંદરથી આવે છે એના બાદ એની અસરો બહારથી આપણી જિંદગીઓમાં વસવાનું શરૂ કરે છે અને બીજાઓને પ્રભાવિત કરે છે. કેમ

કે ઉસૂલ એ જ છે કે **જ્યારે બીજાઓને બદલવાના હોય છે તો પહેલાં જાતે બદલાવું પડે છે.** પ્રથમ પોતાને તૈયાર કરવાનો હોય, અન્યોની તૈયારીનો ક્રમ બાદમાં શરૂ થાય છે. જો આપણે ખુદને અમલમાં ઢાળ્યા વિના બીજાઓને એના તરફ આકર્ષીએ છીએ તો ન કેવળ એ કે એનાં પરિણામો જાહેર નથી થતાં બલ્કે ઉલ્ટાં એનાં નુકસાનો પણ વેઠવાં પડે છે.

એ વાત પણ ધ્યાનમાં રાખવી જોઈએ કે જો મુસ્લિમ કૌમમાંથી એક જમાઅત હક્ક઼ની સરબુલંદીના માટે, દીની તથા દુનિયવી ઈલ્મોને આમ કરવાના માટે સીરત તથા કિરદારના માળખામાં ઢળીને કેવળ અલ્લાહની રઝા તથા રસૂલની રઝાના ખાતર ઉભી થઈ જાય તો અલ્લાહ ﷻ ઉમ્મતના વિખેરાયલા વાળોને જરૂર સંવારી આપે છે.

કુર્આને મુક઼દસમાં એવી જમાઅતોનું વર્ણન છે જે જમાઅત તથા ગિરોહની મોટાભાગની વ્યક્તિઓ ભૌતિકતામાં ડૂબેલી હતી, પરંતુ એમનામાં એક ગિરોહ તે હતો જે ખુદાથી ડરવાવાળો તથા તથા તક઼વો તથા પાકીઝગીવાળી જિંદગી ગુજારી રહ્યો હતો.

અલ્લાહ ﷻ ઈર્શાદ ફર્માવે છે :–

لَیۡسُوۡا سَوَآءً ؕ مِنۡ اَهۡلِ الۡکِتٰبِ اُمَّةٌ قَآئِمَةٌ یَّتۡلُوۡنَ اٰیٰتِ اللّٰهِ اٰنَآءَ الَّیۡلِ وَهُمۡ یَسۡجُدُوۡنَ ۔ یُؤۡمِنُوۡنَ بِاللّٰهِ وَ الۡیَوۡمِ الۡاٰخِرِ وَ یَاۡمُرُوۡنَ بِالۡمَعۡرُوۡفِ وَ یَنۡهَوۡنَ عَنِ الۡمُنۡکَرِ وَ یُسَارِعُوۡنَ فِی الۡخَیۡرٰتِ وَاُولٰٓئِکَ مِنَ الصّٰلِحِیۡنَ ۔

''સૌ એક સરખા નથી, કિતાબીઓમાં કેટલાક એવા છે કે હક્ક઼ પર ક઼ાયમ છે, અલ્લાહની આયતો પઢે છે, રાતની ઘડીઓમાં અધિક સજદા કરે છે. અલ્લાહ અને પાછલા દિવસ પર ઈમાન લાવે છે, અને ભલાઈનો હુકમ અને બુરાઈથી મના કરે છે, અને નેક કામો માટે દોડે છે અને એ લોકો લાયક છે.'' *(સૂરએ આ'લે ઈમરાન, આ. ૧૧૩, કન્ઝુલ ઈમાન)*

એ જ પ્રમાણે ઉમ્મતે મુહમ્મદિયામાં પણ એક જમાઅત દરેક યુગમાં એવી હશે જે ઈસ્લામના હુકમોની પાબંદ હશે અને દરેક રીતે ઈસ્લામની પ્રગતિ તથા રક્ષાના માટે તૈયાર હશે. જેવું કે હદીષે પાકથી સાબિત છે.

હઝરત મુઆવિયહ્ رضی اللہ عنہ ફર્માવે છે કે મેં અલ્લાહના રસૂલ ﷺને એવું ફર્માવતાં સાંભળ્યા છે :–

لایزال من امة قائمة بامر الله لا یضرهم من خَذَلَهُم ولا من خالفهم حتیٰ یاتیَ امر الله وهم علیٰ ذالك

''મારી ઉમ્મતનો એક ગિરોહ અલ્લાહના હુકમથી હક્ક઼ પર ક઼ાયમ રહે છે, એમનો વિરોધી તથા સાથ છોડનારો તેમનું કાંઈ પણ નથી બગાડી શક્તો. ક઼યામત રચાતા સુધી તેની આ કૈફિયત એ જ પ્રમાણે ક઼ાયમ તથા હમેશાં સલામત રહેશે.'' *(મુસ્લિમ, કિતાબુલ અમારહ)*

## દીને હક્ક઼ આવામાં પણ શાથી ઝિંદા છે ?!

સામૂહિકપણે મુસ્લિમ ઉમ્મતની ગૈર જિમ્મેદારભરી રવિશ છતાં જો દીને હક્ક઼ ઝિંદા છે તો એ જ પાક હસ્તીઓને લીધે જેઓ પોતાની જિમ્મેદારીઓને સારી રીતે નિભાવે છે. આના હેઠળ આપણે એ હક઼ીક઼ત પણ યાદ રાખવી જોઈએ કે જો આજે દીને હક્ક઼ જીવંત છે તે પોતાની હક્ક઼ાનિયત તથા સચ્ચાઈની બિના પર ઝિંદા છે. તેની રક્ષાનો જિમ્મો અલ્લાહે લીધો છે. અલ્લાહ તઆલા આપણા થકી જો પોતાના દીનનું કામ લે છે તો એ કેવળ તેનો ફઝ્લ અને આપણી ખુશનસીબી છે. તે તો પોતાના દીનની રક્ષાનું કામ દુશ્મોથી પણ લઈ લે છે. એ જ કારણે વિરોધીઓની સતત આંધીઓના

છતાં ઈસ્લામ જેવો હતો તેવો ઉભેલો છે અને કયામત સુધી ઉભેલો રહેશે.

**અલ્લાહથી તેના ફઝ્લની ભીખ માગો !**

આપણી જિમ્મેદારી એ પણ છે કે આપણે ખુદાથી આપણી ઉણપો, ગૈર જિમ્મેદારીઓ અને ભૂલોની માફી માગીએ અને ખુદાથી તેના ફઝ્લની ભીખ માગીએ કે આપણાથી પણ પોતાના દીનનું કામ લઈ લે, આપણુ નામ પણ ઈસ્લામના ખિદમતગુઝારોમાં લખી દે. અલ્લાહે પોતાના દીનનું કામ કરવાવાળાઓનું ઝિક્ર મહેફૂઝ કરી દીધું છે. એ કુદ્સી સિફાત (ફરિશ્તામય ખૂબીઓવાળા) તથા કુદસી નુફૂસે (પવિત્ર લોકોએ) અલ્લાહના ફઝ્લો કરમનો એક ભરપુર હિસ્સો મેળવ્યો હતો એટલા માટે તેમણે પોતાની જિમ્મેદારીઓ ખૂબ જ ખૂબીપૂર્વક સારી રીતે નિભાવી અને પોતાના બાદ આવનારાઓના માટે એક રાહે અમલ (માર્ગ) બનાવીને ચાલ્યા ગયા. આપણે જોઈએ કે આપણે તે જ પવિત્ર હસ્તીઓના નક્શે કદમ તથા તેમની બનાવેલ રાહે અમલ પર ચાલીને યથાશક્તિ પોતપોતાની જિમ્મેદારીઓને અંજામ આપીએ. જો આપણે એવું કરવા લાગીશું તો ઈન્શાઅલ્લાહ ! આપણી કફોડી થયેલ હાલતો હુઝૂર રહ્મતે આલમ ﷺના સદકા વ તુફૈલ ખુશનુમા તથા ખુશહાલીમાં ફેરવાય જશે. આપણે જો કમજોર છીએ પરંતુ સરકારે દો આલમ ﷺની રહ્મતનો સહારો મળી જશે તો કામયાબી તથા કામરાની (સફળતા) આગળ વધીને આપણા કદમો ચૂમશે. આ'લા હઝરત ઈમામ અહમદ રઝા رضی اللہ عنہ અર્ઝ કરે છે :

**તિન્કા ભી હમારે તો હિલાએ નહીં હિલ્તા**
**તુમ ચાહો તો હો જાએ અભી કોહે મિહન ફૂલ**

*(કોહે મિહન = તકલીફોના પહાડ)*

*–(સુન્ની દા'વતે ઈસ્લામી મંથલી–મુંબઈ, નવે. ૨૦૧૭)*

પેજ 14 નું ચાલુ..

આવશે, સૂરજના સાફ તથા રોશન હોવાથી એ લાઝિમ નથી થતુ કે એક મિષ્લ સાયા પર, અઝાન થઈ. બે મિષ્લ પર પણ સૂરજ સાફ હોય છે.

૫. એટલે કે મગરિબની અઝાન કહેતાં જ તકબીર કહી. કેમ કે એ અઝાન તથા તકબીર ભેગી હતી એટલા માટે કેવળ તકબીરનો ઉલ્લેખ કર્યો.

૬. એટલે કે ઝોહર અંતિમ સમયે અદા કરી જ્યારે ગરમી તદન જતી રહી, સમય ખૂબ ઠંડો થઈ ગયો. લગભગ એ ગરમીની ઋતુ હતી, નહીં તો ઠંડીમાં તો દરેક સમયે ઠંડક રહે છે. એનાથી જાણવા મળ્યું કે આજે ઝોહર એક મિષ્લ સાયાના ખૂબ જ બાદમાં પઢી, નહીં તો એક મિષ્લ સાયા સુધી સખત ગરમી રહે છે. જેથી આ હદીષ ઈમામે આ'ઝમ رحمۃ اللہ علیہની દલીલ બની શકે છે.

૭. અહીં પણ મુસ્તહબ સમયનું વર્ણન છે, જો કે અસરનો સમય ગુરૂબ આફતાબના સમય સુધી રહે છે, પણ હુઝૂરે સૂરજ પીળો પડતાં પહેલાં આજે અસ્ર કરાહતથી બચવાના માટે પઢી.

૮. એનાથી જાણવા મળ્યું કે મગરિબનો સમય સૂરજ ડૂબવાના સમયથી શરૂ થઈને શફક ગાયબ તથા સુધી રહે છે. આ જ કૌલ આપણા ઈમામે આ'ઝમનો છે. ઈમામ શાફઈ તથા ઈમામ માલિક رضی اللہ عنہماની નજીક મગરિબનો સમય કેવળ મગરિબ અદા કરવાના સમય જેટલો છે. આ હદીષ આપણા ઈમામ رضی اللہ عنہની મજબૂત દલીલ છે.

૯. પહેલાં વર્ણવવામાં આવી ચૂક્યું છે કે અહીં અમુક નમાઝોના મુસ્તહબ સમયોનું વર્ણન છે. આ વાક્યનો અર્થ એ છે કે મુસ્તહબ સમયની શરૂઆત તથા અંત આ છે. જેથી હદીષ પર કોઈ વાંધો નથી.

# ત્રણ તલાક઼ અને સુપ્રિમનો ફેંસલો



**અઝ : કલીમ હિજાઝી**

ઈતિહાસમાં અમર થવાની ઘેલછામાં જ્યારે રાજવી ગાંડોતર થાય છે ત્યારે પ્રજાને કેટલીક હાલાકી ભોગવવી પડે છે. તે સમયમાંથી આજે ભારત પસાર થઈ રહ્યું છે, અને નેક નિય્યતી ન હોવાના કારણે કુદરત તેને એકેય કાર્યમાં સફળ થવા દેતી નથી. નોટબંદી લાવ્યા, ૧૦૦થી વધુ વ્યક્તિઓ માર્યા ગયા નોટો બદલવાની લાઈનમાં ઉભા રહીને, પણ તેમના પેટનો પાણીએ ન હાલ્યો. ૧૫ લાખ ૪૦ હજાર કરોડમાંથી ૧૫ લાખ ૨૮ હજાર કરોડ રૂપિયા થકી ૯૯ ટકા રૂપિયા રિઝર્વ બેંક પાસે આવી ગયા, પણ જે ઉદ્દેશ એટલે કાળાધનનો સફાયો અભિયાન તેને નામ આપવામાં આવ્યું હતું તેવું કાંઈ થયું નહીં પણ લોકોએ આ પડાપડીમાં કાળા ધનને પણ સફેદ કરી લીધો ! તેવી જ રીતે જી.એસ.ટી. લાગુ કરવા રાત્રે ૧૨.૦૦ વાગ્યે સંસદનો સત્ર બોલાવ્યો કે જાણે નવી આઝાદી જેવું આ ભગીરથ કાર્ય હોય, પણ પરિણામ "શૂન્ય" ! લોકો સરકાર વિરોધી થઈ ગયા અને ભક્ત પણ વિરોધીઓની જેમ મિ. મોદીને ગાળો ભાંડવા લાગ્યા.

૧૫મી ઓગસ્ટે લાલ કિલ્લા પરથી ભાષણ થકી એક એવો વ્યક્તિ મુસ્લિમ સ્ત્રીઓના હક્કો બાબતે ભાષણ આપે છે જે પોતાની સ્ત્રીને હક્ક઼ આપી શક્યો નથી, અને તેના હક્કો શું છે તે માટે તેમની પત્ની જશોદાબેનને માહિતી અધિકાર અધિનિયત ૨૦૦૫, આર.ટી.આઈ. થકી પ્રશ્ન પૂછવાનો વારો આવે છે. પણ ઈન્શાઅલ્લાહ ! તમારા બધા પ્રયત્નો કુદરતના સાથ વિહોણાં છે માટે એક પછી એક કાર્યોમાં ફેલ થઈ રહ્યા છે.

ભારતીય સુપ્રિમ કોર્ટે તા. ૨૨ ઓગસ્ટ ૨૦૧૭ના રોજ ફેંસલો સુણાવી દીધો કે હવે પશ્ચાત ત્રણ તલાક઼ રદ બાતલ છે અને આવું કૃત્ય આચરનાર શખ્સને સજાને પાત્ર જાહેર કર્યો. **અત્રે એક મુસ્લિમ તરીકે જણાવી દઈએ કે દુનિયાની કોઈપણ કોર્ટ ફેંસલો આપે શરીઅતનો ક઼ાનૂન જે અલ્લાહ અને રસૂલે બનાવ્યા છે તેમાં સીધું કે આડકતરું કોઈપણ હસ્તક્ષેપ સ્વીકાર્ય નથી અને એક મુસલમાન તરીકે તેને માનવા બંધનકર્તા પણ નથી,** અને મારો વિશ્વાસ છે કે બધી અદાલતોથી ઉપરી અલ્લાહ તબારક વ તઆલાની અદાલત તમારા આ ખેલને માફ નહીં કરે અને તમારો તર્કબદ્ધ ખાત્મો નક્કી છે, તેના માટે ઈતિહાસ સાક્ષી છે કે જે જે મૂર્ખ લોકોએ કુદરતના ક઼ાનૂનમાં છેડછાડ કરવાનો પ્રયત્ન કર્યો છે, દુનિયા બની ત્યારથી આજ સુધી તેઓનો અંજામ ખૂબ જ કરૂણ આવ્યો છે, પછી તે ફીરઔન હોય કે નમરૂદ, જેણે પણ આવી કુચેષ્ટા કરી છે તેણે ઉંધે મોંઢે પછડાટ અનુભવી છે.

આ જજમેન્ટ જે ૨૨ મી ઓગસ્ટે આપવામાં આવ્યું તે સર્વાનુમતે નથી, બીજી ખામી તેમાં તે છે કે કોર્ટના ફેંસલાથી સામાજિક રિવાજો ન બદલી શકાય, કેમ કે **લગ્ન એ પરસ્પર પ્રેમનો સંબંધ છે,** અને **કોર્ટો તમોને ફરીથી પ્રેમ કરવા પર મજબૂર ન કરી શકે,** ત્રણ તલાક઼ને અમાન્ય રાખી શકે છે, પણ જે તે સ્ત્રીને તેનો પતિ પરત ક્યાં અપાવે છે ? બલ્કે મુસ્લિમોને પણ તેમની સ્ત્રીઓને "તલાક઼" ન આપી જશોદાબેન જેવી હાલત કરી નાખવી, તેવું કરવા પણ મજબૂર કરી રહ્યો હોય તેવો આભાસ થાય છે. બધા જ કાયદેસરના કાર્યોમાં અલ્લાહની નજીક સૌથી અપ્રિય કાર્ય તલાક઼નો છે, પણ જ્યારે જીવન રથ બે વ્યક્તિઓની વચ્ચે આગળ વધવાની ના પાડી દે, અને છૂટાં થયા વગર અન્ય કોઈ રસ્તો ન હોય માટે તલાક઼ની વિધિને પણ અલગ અલગ રસ્તા થકી સરળ બનાવવામાં આવી છે. જેટલી સરળતાથી ઈસ્લામમાં લગ્ન થઈ જાય છે તેટલી જ સરળતાથી તલાક઼ પણ છે. અને બંને પક્ષ સ્વતંત્ર થઈ જાય છે.

બીજા ધર્મશાસ્ત્રોમાં "તલાક઼" એ ખૂબ જ અઘરો રસ્તો છે અને તેવું કરનાર વ્યક્તિને આર્થિક રીતે અને સામાજિક રીતે કંગાળી તરફ લઈ જતી પ્રક્રિયા છે. તે જ દષ્ટિકોણ અપનાવીને મુસલમાનો પણ કુદરતના ક઼ાનૂનને ત્યજીને માનવ બુદ્ધિ સર્જીત કાયદાઓની ગુલામી કરે તેવું કેટલાક લોકો ઈચ્છી રહ્યાં છે. પણ જેમ મુસ્લિમો આજે પણ તેમના ધર્મવિરોધી ઘણાં કાર્યો નથી કરતા જેવા કે સૂર્યનમસ્કાર, વંદેમાતરમના ગીતને ગાવું જે તેમના ધર્મના મૂળભૂત સિદ્ધાંતો સાથે સીધો જ ટક્કર લે છે તેવી જ રીતે સુપ્રિમ કોર્ટે નવા ઘડેલ નિયમો પણ મુસ્લિમ સમાજમાં અમલમાં મૂકાવાના નથી અને છેવટે કાગળ ઉપરના નિયમો બનીને રહી જશે. (ઈન્શાઅલ્લાહ !)

*–(આમીન માસિક, ૧–૯–૨૦૧૭, અહમદાબાદ)*

# મૌતુલ આલિમ મૌતુલ આલમ

:: રજૂકર્તા ::

**હાફિઝ મુહમ્મદસજ્જાદ શબ્બીર પટેલ (દયાદરા)**

અહલે સુન્નત વલ જમાઅતના મશહૂર ઈલ્મના કેન્દ્ર અલ જામિઅતુલ અશરફિયા (મુબારકપુર, આઝમગઢ, યુ.પી.)ના મશહૂર અને જાણીતા બુઝુર્ગ ઉસ્તાદ હઝરત અલ્લામા એજાઝ અહમદ મિસ્બાહી મુબારકપુરી (ઈ.સ. ૧૯૪૦–૨૦૧૭) હવે આપણા દરમ્યાન ન રહ્યા. اِنَّا لِلّٰہِ وَاِنَّا اِلَیْہِ رَاجِعُوْنَ ૨–ઝી કૃઅદા હિ. ૧૪૩૮, તા. ૨૭–૭–૨૦૧૭ની સાંજે ૬:૩૫ વાગ્યે વિસાલ ફર્માવી ગયા. જામા મસ્જિદ રાજા મુબારક શાહ (મુબારકપુર)ની પાસે નમાઝે જનાઝા અદા કરવામાં આવી. જનાઝાની નમાઝ હઝરત મૌલાના નઈમ અખ્તર મિસ્બાહી (ખતીબ વ ઈમામ જામા મસ્જિદ રાજા મુબારક શાહ (મુબારકપુર)એ પઢાવી. નમાઝે જનાઝામાં ખાસ તથા આમ લોકો મોટી સંખ્યામાં હાજર હતા. અઝીઝે મિલ્લત હઝરત અલ્લામા શાહ અબ્દુલ હફીઝ મિસ્બાહી સરબરાહે આ'લા અલ જામિઅતુલ અશરફિયા, રઈસુલ અઝકિયા હઝરત અલ્લામા મુહમ્મદ અહમદ મિસ્બાહી (નાઝિમે તાલીમાતઃ અલ જામિઅતુલ અશરફિયા), મુહક્કિકે મસાઈલે જદીદા હઝરત મુફતી નિઝામુદીન મિસ્બાહી, રઈસુલ અસાતેઝા અલ જામિઆ અશરફિયા તથા બીજા ઈસ્લામિક મદ્રસાઓના ઉસ્તાદો તથા તલબા મોટી સંખ્યામાં નમાઝે જનાઝામાં હાજર રહ્યા. નમાઝે જનાઝા પછી તેમને તેમના બાપ દાદાના કૃબ્રસ્તાન મહોલ્લા તકિયામાં દફન કરવામાં આવ્યા.

હઝરત મૌલાના એજાઝ અહમદ મિસ્બાહી (મોહલ્લાપુરા દિવાન–મુબારકપુર) એક દીનદાર ઘરાનામાં ૧૫ જુન ૧૯૪૦માં પેદા થયા. શરૂઆતની તાલીમ પછી જામિઆ અશરફિયા (મુબારકપુર)માં દાખલ થયા. હુઝૂર હાફિઝે મિલ્લત અલ્લામા શાહ અબ્દુલ અઝીઝ મુહદ્દિષે મુરાદાબાદી رحمۃ اللہ علیہની મહેરબાનીના સાયા હેઠળ આપે જામિઆ અશરફિયાથી દર્સે નિઝામીની તાલીમ પૂર્ણ કરી. વર્ષ ૧૯૬૦ના દસ્તારબંદીના મૌકા પર આપને દસ્તારે ફઝીલતથી નવાઝવામાં આવ્યા. ફારિગ થયા પછી આપે થોડાક મહિના સુધી મદ્રસએ તન્વીરૂલ ઈસ્લામ (જૈનપુર, આઝમગઢ)માં સદર મુદર્રિસની હૈસિયતથી ખિદમત અંજામ આપી. ૨૦ એપ્રિલ ૧૯૬૦ થી ૩૦ નવેમ્બર ૧૯૭૩ સુધી ખિદમત અંજામ આપતા રહ્યા. ત્યાં કેટલાક વર્ષો સુધી નાયબ સદર મુદર્રિસ અને પછી સદર મુદર્રિસના હોદ્દાથી સરફરાઝ થયા. આપ હુઝૂર હાફિઝે મિલ્લતની દાવત પર ડિસેમ્બર ૧૯૭૩માં જામિઆ અશરફિયા આવી ગયા અને જીવનના અંતિમ શ્વાસ સુધી જામિઆ અશરફિયાની ખિદમત કરતા રહ્યા. આપ હુઝૂર મુફતીએ આ'ઝમે હિંદ મૌલાના શાહ મુસ્તફા રઝાખાન નૂરી رحمۃ اللہ علیہથી બયઅત હતા. જોવાવાળાઓએ એમની જિંદગીમાં સાદગી, આજીજી તથા ઈન્કેસારી (પોતાને તુચ્છ જાણવું) અને ખુશ અખ્લાકીનો નઝારો હમેશાં જોયો.

આપ જામિઆ અશરફિય્યામાં દર્સ તથા તદરીસના ઉપરાંત તમામ ઈમ્તિહાનોના પરિણામો, દસ્તારબંદી, ઉર્સે અઝીઝીની વ્યવસ્થા સંભાળતા હતા. આપ એક લાંબા સમય સુધી જામિઆ અશરફિયા અને ફૈઝુલ ઉલૂમ મહમૂદાબાદમાં તદરીસના સિલસિલાથી જોડાએલા રહ્યા, એટલા માટે આપના શાગિર્દોની એક લાંબી લિસ્ટ છે. આપના ઉસ્તાદોમાં હુઝૂર હાફિઝે મિલ્લત, ખતીબુલ હિંદ હઝરત અલ્લામા અબ્દુલ મુસ્તફા આઝમી, હઝરત અલ્લામા ગુલામ જીલાની આઝમી, હઝરત અલ્લામા હાફિઝ અબ્દુર્રઉફ બલયાવી, બહરૂલ ઉલૂમ હઝરત મુફતી અબ્દુલ મન્નાન આઝમી, અલ્લામા કાઝી મુહમ્મદ શફીઅ મુબારકપુરી, ઉસ્તાઝુલ કુર્રા હઝરત અલ્લામા કારી મુહમ્મદ યહ્યા મુબારકપુરી رحمۃ اللہ علیہم اجمعین હતા. બરકાતે ખ્વાજા (માસિક) દયાદરા કાર્યાલયના સર્વ કાર્યકરો, સભ્યો હઝરત મૌલાના એજાઝ અહમદ મિસ્બાહી رحمۃ اللہ علیہના વિસાલ પર ગમ તથા અફસોસ પ્રદર્શિત કરે છે અને અમો પણ બારગાહે ઈલાહીમાં દુઆ કરીએ છીએ કે અલ્લાહ તઆલા મૌલાના મૌસૂફને આખેરતની નેઅમતોથી નસીબવંત ફર્માવે, અને તેમનાં કુંટુંબીજનો, સગાંઓ, ચાહકોને સબ્રે જમીલ અતા કરે. આમીન બિજાહિન્નબી કરીમ صلی اللہ علیہ وسلم.

## બરકાતે ખ્વાજાની ટપાલ... કાર્યાલય

### :: શાદી મુબારક ::

**મસેરૂ (લિસોથો) :** ખાતેથી જનાબ મૌલાના કારી ફરીદ પટેલ સાહબ જણાવે છે કે મર્હૂમ હાજી મૂસા વલી નિકોરીયાની નેક દુખ્તર ઉમ્મુલ ખૈરના નિકાહ જનાબ ઈસ્માઈલ નિકોરીયાના નેક ફરઝંદ મુહમ્મદ ફૈઝાન સાથે તેમજ મર્હૂમ મુબારક વલી મૂસા નિકોરીયાની નેક દુખ્તર શબાનાબાનુના નિકાહ યાકૂબ વલી ઉમર પટેલ (ઉપરાલીવાળા)ના નેક ફરઝંદ તૌસીફ સાથે તા. ૯–૯–૨૦૧૭, ૧૮–ઝીલ હજ્જ, હિ.૧૪૩૮, શનિવારના અસરની નમાઝ બાદ મસેરૂ (આફ્રિકા) ખાતે રાખવામાં આવ્યા. દુલ્હા દુલ્હનો, કુટુંબીજનો સૌને ખૂબ ખૂબ મુબારકબાદ ! અલ્લાહ પાક તેના પ્યારા હબીબ ﷺના સદકામાં સૌને બંને જહાનની ખુશીઓથી માલામાલ રાખે. (આમીન)

*–તંત્રી : બરકાતે ખ્વાજા (માસિક)*

### જશ્ને ઉષ્માને ગની વ જશ્ને ઉમર رضی اللہ عنہما

**દયાદરા :** ખાતે તા. ૧૦–૯–૨૦૧૭ રવિવારે ઈશા બાદ સુન્ની દા'વતે ઈસ્લામીના હફતાવારી સુન્ની ઈજતેમામાં અમીરુલ મો'મિનીન ઝુન્નૂરૈન હઝરત ઉષ્માન ગની رضی اللہ عنہની શહાદતના દિવસ (૧૮–ઝિલ હજ્જ) નિમિત્તે "જશ્ને ઉષ્માને ગની" رضی اللہ عنہ મનાવાયો જેમાં મૌલાના ઝહીર મિસ્બાહી (મુબલ્લિગે સુન્ની દા'વતે ઈસ્લામી–જંબુસર)એ આપના ફઝાઈલ તથા મહાન મર્તબા વિશે બયાન કર્યું, સાથોસાથ આપની શર્મો હયા તથા ખૌફે ખુદાનાં દષ્ટાંતો પેશ કર્યાં હતાં. તેમજ તા. ૧૭–૯–૨૦૧૭ રવિવારે ઈશા બાદ (૨૬–ઝિલ હજ્જ) આપની શહાદતના દિવસ નિમિત્તે જશ્ને ઉમર ફારૂક رضی اللہ عنہ મુખ્તારુલ મસાજિદ દયાદરામાં શાનો શૌકતથી મનાવાયો જેમાં આપના અદ્લો ઈન્સાફ પર બોધદાયક બયાન મૌલાના મિસ્બાહીએ કર્યું હતું. સાથોસાથ વર્તમાન હાકિમોની ઝાટકણી કાઢી ઈસ્લામની તથા ઈસ્લામી ખલીફાની ખૂબીઓ જાહેર કરી હતી. તેમજ આપના જીવન પરથી મુસ્લિમ ઉમ્મતે ખુદાથી કેટલુ ડરવું જોઈએ અને શરીઅત પ્રમાણે જીવવું જોઈએ એ અંગે અસરકારક બયાન કર્યું હતું.

### સુન્ની દા'વતે ઈસ્લામી યુથ એજ્યુકેશન સેન્ટરનું રિનોવેશન બાદ રી–ઓપનિંગ

**બોલટન (યુ.કે.) :** ખાતે **"સુન્ની દા'વતે ઈસ્લામી યુથ એજ્યુકેશન સેન્ટર"**નું રિનોવેશન પૂર્ણ થતાં તા. ૯–૯–૨૦૧૭ શનિવારે ૨.૩૦ કલાકે બપોરે મુફક્કિરે ઈસ્લામ હઝરત અલ્લામા કમરુઝ્ઝમાખાં આ'ઝમી તેમજ દાઈએ કબીર, અતાએ મુફતીએ આ'ઝમે હિંદ હઝરત મૌલાના મુહમ્મદશાકિર નૂરી (અમીરે સુન્ની દા'વતે ઈસ્લામી)ના હાથે ઉદ્‌ઘાટન કરવામાં આવ્યું, જેમાં સ્વાગત પ્રવચન મુબલ્લિગે સુન્ની દા'વતે ઈસ્લામી આરિફ પટેલે કર્યું, ઉપરાંત હઝરત અલ્લામા આ'ઝમી સાહબ તેમજ મૌલાના મુહમ્મદશાકિર નૂરી સાહબે પ્રાસંગિક બયાનો સુન્ની અવામની ભરચક હાજરીમાં કર્યાં હતાં. આ પ્રસંગે મકામી ઉલમા, હુફ્ફાઝ, મુબલ્લિગો ઉપરાંત હઝરત મૌલાના ઐયૂબ અશરફી સાહબ, મૌલાના ઈકબાલ મિસ્બાહી, હઝરત મૌલાના સૈયદ ઈરફાનીમિયાં, હઝરત મૌલાના અર્શદ મિસ્બાહી, લેસ્ટરથી મુફતી મુહમ્મદશાકિર પટેલ મિસ્બાહી તેમજ અન્ય ઉલમા, સાદાત, મુબલ્લિગીન, મુઆવિનીનની હાજરી રહી હતી. સુન્ની દા'વતે ઈસ્લામી (યુ.કે.)ના કર્તાહતાઓને ખૂબ ખૂબ મુબારકબાદ ! *–તંત્રી : બરકાતે ખ્વાજા (માસિક)*